ગિરનારમંડન શ્રી નેમિનાથાય નમઃ

# ગિરનાર: શ્રૃંગોની ગોદમાં...



## ૩

: સંપાદક :

યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ.પં. શ્રી **ચન્દ્રશેખરવિજયજી** ગણિવર્યના શિષ્ય
પરમ પૂજ્ય આચાર્ય શ્રી **ધર્મરક્ષિતસૂરિ** મહારાજ સાહેબના શિષ્ય
પરમ પૂજ્ય આચાર્ય શ્રી **હેમવલ્લભસૂરિ** મહારાજ સાહેબ

: પ્રકાશક :

**શ્રી ગિરનાર મહાતીર્થવિકાસ સમિતિ**
C/o ગિરનારદર્શન ધર્મશાળા,
શિવનિકેતનની બાજુમાં, રૂપાયતન રોડ, જુનાગઢ-૩૬૨૦૦૧.
ફોન : ૦૨૮૫-૨૬૫૭૦૯૯/૧૯૯ મો. ૯૪૦૯૬૮૫૯૯૯

**ગિરનાર : ગ્રંથોની ગોદમાં... – ૩**

**પ્રથમ આવૃત્તિ - ૧૦૦૦ નકલ**

**કિંમત : તીર્થભક્તિ**

**સંપાદક : આચાર્ય હેમવલ્લભસૂરિ**

gyann0004



**આ પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલું હોવાથી સદ્ગૃહસ્થોએ ૧૦૦રૂપિયા ભરી માલિકી કરવી**

## પ્રાપ્તિસ્થાન

**શ્રી ગિરનાર મહાતીર્થવિકાસ સમિતિ**
C/o ગિરનારદર્શન ધર્મશાળા,
શિવનિકેતનની બાજુમાં, રૂપાયતન રોડ,
જુનાગઢ-૩૬૨૦૦૧.
ફોન : ૦૨૮૫-૨૬૫૭૦૯૯/૧૯૯
મો. ૯૪૦૯૬૮૫૯૯૯

**સમકિત ગ્રુપ**
૧૪૮/૧૦૨, ચંદ્ર દર્શન, જવાહરનગર, રોડ નં. ૯,
ગોરેગામ (વે.), મુંબઈ-૪૦૦ ૦૬૨.
મો. ૯૮૨૦૧૨૧૧૯૫

**કેયુરભાઈ શેઠ**
G/F-31, અર્પણ કોમ્પલેક્ષ,
ડીલક્ષ ચાર રસ્તા, પાસપોર્ટ ઓફીસ પાસે,
નિઝામપુરા, વડોદરા-૩૯૦૦૦૨.
મો. ૭૨૮૫૦૦૫૧૫૨, ૯૫૧૦૫૮૦૪૮૭

**જ્ઞાનની બારી**
જી-૧, લાભ કોમ્પલેક્ષ, ૧૭ તાલુકા સોસાયટી,
નવજીવન, અમદાવાદ-૩૮૦૦૧૪.
મો. ૯૪૦૮૩૭૧૨૦૬

**વર્ધમાન સંસ્કાર ધામ**
ભવાનીકૃપા બિલ્ડીંગ, ૧લે માળે,
૧૧૨, જગન્નાથ શંકર શેઠ રોડ,
ગિરગામ ચર્ચ પાસે,
મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૦૨૨-૨૩૬૭૦૯૭૪

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ**
સુભાષ ચોક, ગોપીપુરા, સુરત.
૦૨૬૧-૨૫૯૯૩૩૭

**Amitkumar Mahaveerji Salecha**
C/O Arham Gold, Ground Floor, Ram
Rajendra Kuteer, Isukavagu Street,
R.Agraharam Guntur - 522003 (A.P)
98492 76450, 86366 47791

**મહેતા ડેરી**
તળેટી રોડ, પાલિતાણા-૩૬૪૨૭૦.
ફોન : ૦૨૮૪૮-૨૫૨૨૩૨

**મુદ્રકઃ કિરીટ ગ્રાફિક્સ - અમદાવાદ**
**મો. ૯૮૯૮૪૯૦૦૯૧, ૯૪૦૯૩૪૨૬૦૧**




પ્રથમ ભાગમાંથી સાભાર

# ગિરનાર મહાતીર્થની તળેટીએથી....

જગપ્રસિદ્ધ એવા શ્રી ગિરનારજી મહાતીર્થના માહાત્મ્યથી પરિચિત એવા પૂર્વપુરુષો દ્વારા ભૂતકાળમાં આ મહાતીર્થના મહિમાની વાતો આગમાદિ અનેકગ્રથોમાં કંડારવામાં આવેલી છે. તે મહિમાના આલંબનથી ભૂતકાળમાં અનેક આચાર્યભગવંત આદિ પૂજ્યો તથા સમર્થ શ્રાવકવર્ગ દ્વારા આ મહાતીર્થના ઉત્કર્ષ અને સંરક્ષણ માટે કાળે કાળે એકથી એક અનુમોદનીય પ્રયાસો કરવામાં આવ્યા હતા. પૂર્વપુરુષોએ કરેલા પુરુષાર્થનો ઝળહળતો ઈતિહાસ આજે પણ આપણી સમક્ષ મોજુદ છે.

પરંતુ ભવિતવ્યતાના યોગે છેલ્લા સૈકા દરમિયાન કોઇને કોઇ કારણોસર ચતુર્વિધસંઘ દ્વારા આ મહાતીર્થ પ્રત્યે ઉપેક્ષાભાવ સેવાયેલ છે. જેના પરિણામે અનેકવિધ વિકટ પરિસ્થિતિઓમાંથી પસાર થઇ રહેલ આ તીર્થ ચતુર્વિધસંઘની દષ્ટિથી અગોચર રહેવા પામ્યું હતું તેવા અવસરે આજથી લગભગ ૪૦ વર્ષ પૂર્વે સહસાવન તીર્થોદ્ધારક **પ.પૂ.આ.હિમાંશુસૂરીશ્વરજી** મહારાજા દ્વારા આ મહાતીર્થના ઉત્કર્ષ અને સંરક્ષણ માટે એકલા હાથે અથાગ પરિશ્રમ લેવામાં આવ્યો હતો. જેની ફલશ્રુતિ સ્વરૂપે આજે આપણે બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પરમાત્માની દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણકની ભૂમિને સુરક્ષિત રાખવા સમર્થ બન્યા છીએ.

ભારતભરના વિવિધ ધર્મ-સંપ્રદાયમાં સૌ-સૌના ધર્મગ્રંથોમાં ગિરનાર મહાતીર્થનો મહિમા ગાવામાં આવ્યો છે. તેથી વિવિધ સમયે અનેકવિધ વાદ-વિવાદોના વાયુવંટોળનાં ધસમસતા વાવાઝોડાંની





વચ્ચે ઝીંક લેતો ગઢ ગિરનાર આજે પણ અડોલ ઊભો રહી લાખો શ્રદ્ધાવંત આત્માઓની શાંતિ અને સમાધિનું ધામ બનેલ છે.

જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘમાં છેલ્લા સૈકા દરમિયાન ઉપેક્ષા પામેલા આ મહાતીર્થની અનેકવિધ વાતો આગમાદિ ગ્રંથોમાં વર્ણવવામાં આવેલ છે. આ માહિતીઓ ચતુર્વિધસંઘમાં પ્રસરે તેવા શુભાશયથી આ આગમાદિ ગ્રંથ અંતર્ગત મહિમાની આછી ઝલક પૂજનીય સાધુ-સાધ્વીજી ભગવંતો સુધી પહોંચાડવાનો આ અલ્પ પ્રયાસ કરેલ છે.

જ્યાંથી આવતી ચોવીસીના ચોવીસે ચોવીસ તીર્થંકર પરમાત્મા પરમપદને પ્રાપ્ત કરવાના છે એવા આ મહાતીર્થની વાતો અનેક ગ્રંથોમાંથી ચૂંટી ચૂંટીને આ પુસ્તિકામાં સંગ્રહિત કરેલ છે. સંદર્ભ ગ્રંથોમાં આ પુસ્તિકામાં સંગ્રહિત કરાયેલ માહિતિ ઉપરાંત પણ ગિરનાર સંબંધી માહિતિ તથા કથાદિ જોવા મળે છે, કેટલીક બાબતોના મતાંતરો પણ આ ગ્રંથોમાં દષ્ટિગોચર થાય છે, વળી આ સંદર્ભ ગ્રંથો ઉપરાંત અન્ય ગ્રંથોમાં પણ ગિરનાર સંબંધી ઘણી માહિતી જોવા મળે છે. તેથી જિજ્ઞાસુ અને વિદ્વદ્વર્ય પૂજ્યો તે તે ગ્રંથોનો પણ ઊંડો અભ્યાસ કરી શકશે.

પ્રાન્તે આ મહાતીર્થ પ્રત્યેની તીવ્ર લાગણીને વશ તીર્થોત્કર્ષના કાર્યમાં નિમિત્તભૂત બનવાના યત્કિંચિત્ પ્રયાસનો પૂજનીય સાધુસાધ્વીજી ભગવંતો સ્વીકાર કરે તથા આ પુસ્તિકામાં રહેલી ક્ષતિઓ તરફ અંગુલીદર્શન કરે એ જ અપેક્ષા સાથે વિરમું છું.

આ પુસ્તિકાના પ્રકાશનમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ લખાયું હોય તો તે બદલ ક્ષમાપના ચાહું છું.

વિ.સં. ૨૦૬૭ — એ જ લિ.
આસો સુદ દશમ(દશેરા) — ભવોદધિતારક ગુરુપાદરેણુ
ગિરનાર તળેટી. — મુનિ હેમવલ્લભવિજય (હાલ આચાર્ય)





# ગિરનાર : ગ્રંથોની ગોદમાં... (ભાગ-૩)ના પ્રકાશન અવસરે

ગિરનાર મહાતીર્થની તળેટીથી...

ગિરનાર : ગ્રંથોની ગોદમાં... (ભાગ-૧) નામના પુસ્તકમાં ગિરનાર મહાતીર્થની તળેટીથી... નામની પ્રસ્તાવના અંતર્ગત આ પુસ્તક પ્રકાશનની ભૂમિકા આવરી લેવામાં આવેલ છે.

પરંતુ સમયે સમયે વિવિધ ગ્રંથોના અભ્યાસ દરમ્યાન ગિરનાર મહાતીર્થની અલ્પપ્રસિદ્ધ અને અજ્ઞાત એવી અનેક વિધ જૂની-નવી વાતો વાંચવામાં આવી છે. આ વાતો મારા સુધી મર્યાદિત ન રહેતાં સૌ કોઈ તેને જાણે-માણે, સૌના હૈયામાં આ મહાતીર્થ પ્રત્યે ભક્તિ-બહુમાનભાવ વૃદ્ધિ પામે અને આ મહાતીર્થના માહાત્મ્યનો પરચિય સ્વ-પર સૌના આત્માનું કલ્યાણ કરવામાં સહાયભૂત થાય તેવા શુભાશયથી હાલ આ ગિરનાર : ગ્રંથોની ગોદમાં... (ભાગ-૨) અને (ભાગ-૩)નું પ્રકાશન થઈ રહ્યું છે. આ પુસ્તકની મેટરો છેલ્લા લગભગ ૩-૪ વર્ષથી તૈયાર હોવા છતાં સંયોગવશાત તે સમયસર પ્રકાશિત કરવામાં વિલંબ થયેલ છે તે બદલ દિલગીર છું. ભાવિમાં પણ આ પુસ્તકની





શૃંખલામાં અન્ય ૩ થી ૪ ભાગ અવસરે અવસરે પ્રકાશિત થાય તેવી ભાવના છે.


સદા શ્રુતસાગરમાં અવગાહન કરતાં, વિદ્વદ્વર્ય પ.પૂ.આ. મુનિચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે શ્રુતભક્તિના અનેકવિધ કાર્યોની વ્યસ્તતા વચ્ચેથી પણ પોતાનો અમૂલ્ય સમય ફાળવી આ પુસ્તક અંતર્ગત આવતાં વિવિધ ગ્રંથોના ગ્રંથકારોના સંક્ષિપ્ત પરીચય કરાવી વિસ્તૃત પ્રસ્તાવના લખી આપી મહાન ઉપકાર કરેલ છે, અન્ય પણ નામી-અનામી ગિરનારભક્ત એવા અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો તથા શ્રાવક-શ્રાવિકાની સહાયવૃત્તિનું ઋણ અવિસ્મરણીય રહેશે સાથે સાથે આ કાર્યમાં બધી જ રીતે અનુકૂળ બની અનેક રીતે સહાયક બનતા મારા શિષ્યવૃંદના ઉપકારોને તો કેમ વિસરાય !

પ્રાન્તે આ પુસ્તક પ્રકાશનમાં રહેલી ક્ષતિઓ તરફ અંગુલી-દર્શન કરી વિદ્વદ્વર્યો માર્ગદર્શન આપશે તો આનંદ થશે.

આ પ્રકાશનમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ લખાયું હોય તો તે બદલ ક્ષમાપના ચાહું છું.

વિ.સ. ૨૦૭૬
શ્રાવણ સુદ-પાંચમ
નેમિનાથ જન્મકલ્યાણક દિન

એજ લિ.
હેમવલ્લભવિજય





# વિષયાનુક્રમ


૧) શ્રી ચિરંતનાચાર્ય વિરચિત કુમારપાલ પ્રબોધ પ્રબંધ :

- ક કર્ણવિહાર જિનાલયની વિગત ૧
- ખ આ. હેમચન્દ્રસૂરિને સ્વયં સાંનિધ્ય કરતી અંબિકાદેવીનો વૃત્તાન્ત ૪
- ગ ગિરનાર ઉપર સિદ્ધચક્ર મંત્રની સિદ્ધિ ૬
- ઘ ઉદયનમંત્રીનો ગિરનાર ઉપર પગથિયા બંધાવવા અંગે અભિગ્રહ ૧૦
- ચ કુમારપાલ રાજાનું હેમચંદ્રાચાર્યજી સહિત યાત્રાર્થે ગમન ૧૫

૨) શ્રીજિનવિજયમુનિ સંપાદિત પુરાતનપ્રબન્ધસંગ્રહ :

- ક મંત્રી સજ્જનકારિત રૈવતતીર્થોદ્ધાર પ્રબંધ (૨૨મો પ્રબંધ) ૧૭
- ખ મહં. આંબાકારિત ગિરનાર પાજ પ્રબન્ધ (૨૩મો પ્રબંધ) ૨૧
- ગ રૈવતતીર્થ પ્રબન્ધ (૪૭મો પ્રબન્ધ) ૨૩
- ઘ દેવી અમ્બા પ્રબંધ (૪૮મો પ્રબંધ) ૨૭
- ચ ઉજ્જ્યન્તતીર્થાત્મકરણ પ્રબન્ધ (૪૯મો પ્રબન્ધ) ૩૦


૩) વિ.સ. ૧૩૮૯ માં આ. જિનપ્રભસૂરિ વિરચિત અંબિકાદેવી કલ્પ ૩૬

૪) શ્રીમત્ સોમધર્મગણિ વિરચિતા ઉપદેશ સપ્તતિકા (વિ.સં. ૧૫૦૩) :

- ક પ્રથમ અધિકારમાં સમ્યક્ત્વ ઉપર ત્રીજો ઉપદેશ ૪૩
- ખ ઉપદેશ સપ્તતિકામાં દ્વિતીય તીર્થાધિકારમાં પ્રથમ ઉપદેશ ૪૯

૫) શ્રી જ્ઞાનસાગરસૂરિજી વિરચિત નેમીશ્વરજિન પ્રાસાદ પ્રશસ્તિ ૫૬

૬) શ્રી શુભશીલગણિ વિરચિત શ્રી શત્રુંજયકલ્પવૃત્તિ (વિ.સ. ૧૫૧૮) ૬૧




૭) શ્રી મલધારી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ વિરચિત ભવભાવના ૬૬

૮) શ્રીહરિભદ્રસૂરિ વિરચિત સમ્યક્ત્વ સપ્તતિકા ૭૦

૯) ગિરનાર ગિરિ તીર્થ સ્તોત્ર ૯૫


૧૦) ગિરનાર ચૈત્યપરિપાર્ટી સ્તવન ૯૯

૧૧) શ્રી વસ્તુપાલમંત્રી વિરચિત અંબિકા સ્તોત્ર ૧૦૨

૧૨) ગુર્જરેશ્વર મહામાત્ય વસ્તુપાલ વિરચિત નરનારાયણાનન્દ મહાકાવ્ય ૧૦૬

૧૩) શ્રી મેરુતુંગસૂરિ રચિત જૈન મેઘદૂત કાવ્ય ૧૧૫

૧૪) વિ.સં. ૧૨૨૩ માં શ્રી વિજયસેનસૂરિ વિરચિત શ્રી રૈવતગિરિરાસુ ૧૧૭



(વર્તમાનકાલે વિદ્યમાન, ગિરનાર ઉપરનું શ્રીનેમિનાથ ભગવાનનું જિનાલય, ''કર્ણવિહાર'' નામથી પ્રસિધ્ધિ પામ્યું એ અંગેનો સંબંધ હવે કહેવાય છે.)


# શ્રી ચિરંતનાચાર્ય વિરચિત કુમારપાલ પ્રબોધ પ્રબંધ (વિ.સ. ૧૪૯૨)

## કર્ણવિહાર જિનાલયની વિગત

इति घनतरेषु देशेषु निजाज्ञां जगन्मान्यां दापयित्वा वलमानो रैवताचलासन्नां वामनस्थलीं प्राप । तत्र दण्डनायकमाकार्य दण्डमयाचत । दण्डाधिपेनोक्तम् ''श्रीरैवताचलोपरि महाऽभयस्थाने निक्षिप्तोऽस्ति''। ततो राजा रैवताचलं गन्तुमिच्छुर्विप्रैर्मात्सर्याल्लिंगाकारमिति निषिद्धोऽपि श्रीकर्णस्य निजपितुर्गमनं श्रुत्वा छत्रशिलायां छत्रमोचनं च कृत्वा गतः । तत्र गजेन्द्रपदकुण्डे स्नात्वा श्रीनेमिजिनपूजां विधाय तुष्टाव । यथा -

परं ज्योतिः परब्रह्म परमात्मनमित्यपि ।<br>
यं स्तुवन्ति बुधा नित्यं स श्रीनेमिजिनः श्रिये ।। १ ।।

चिदानन्दमयं यस्य स्वरूपं योगचक्षुषा ।<br>
पश्यन्ति योगिनो नित्यं स श्रीनेमिजिनः श्रिये ।। २ ।।






इत्यादि स्तुत्वा, धर्मशिलायामुपविश्य प्रासादरम्यतां विलोक्योचे- 'धन्यौ मातृपितरौ तस्य, येनेदं मन्दिरं कारितम् ।' अत्रावसरे परशुराम उवाच-'राजन् ! धरणीतले श्रीकर्णदेव-मयणल्लदेव्यौ धन्यौ, ययोः भवान् सूनुः । श्रीकर्णविहारोऽयं मत्पित्रा कारितो वर्षत्रयोद्ग्राहितव्ययेन । यदि देवपादानां प्रासादेच्छा विद्यते तदा प्रासादः; यदि वा द्रव्येच्छा, तदा द्रव्यं व्यवहारिगृहे स्थापितमस्ति । तन्निशम्य प्रमुदितो राजा प्राह-'भव्यं सज्ञनेन दण्डाधिकारिणा कृतम् । यदत्र कृत्यं भवति तत्सर्वमपि त्वं कारय'-इत्यादिस्य देवदाये ग्रामद्वादशकं दत्वा श्रीशत्रुंजयमाजगाम ।

આ પ્રમાણે ઘણા દેશોમાં પોતાની જગમાન્ય એવી આજ્ઞા મનાવરાવીને પાછા વળતાં (જયસિંહ રાજા) રૈવતાચલની નજીક વંથલી નગરે પહોંચ્યો ત્યાં દંડનાયકને બોલાવીને દંડની રકમ માંગી.

દંડાધિપે કહ્યું, ''શ્રી રૈવતગિરિ ઉપર મોટા નિર્ભય સ્થાનમાં રાખી છે.'' તેથી રાજા ત્યાં જવા માટે તૈયાર થયા. તેને બ્રાહ્મણો વડે ઈર્ષ્યાથી નિષેધ કરવા છતાં પોતાના પિતા શ્રીકર્ણ રાજાનું છત્રશિલામાં ગમન સાંભળીને, છત્ર મૂકીને ત્યાં ગયો. ત્યાં ગજપદકુંડમાં સ્નાન કરીને શ્રી નેમનાથ ભગવાનની પૂજા કરીને સંતોષ પામ્યો તથા સ્તુતિ કરી કે–

''પંડિત પુરૂષો હંમેશા જે પરમાત્માની 'પરંજ્યોતિ, પરબ્રહ્મ' એ પ્રમાણે સ્તુતિ કરે છે, તે શ્રી નેમિનાથ ભગવાન કલ્યાણને માટે થાઓ.''



‘‘જેમનું ચિદાનંદ સ્વરૂપ યોગચક્ષુ વડે યોગી પુરૂષો હંમેશા જુએ છે તે શ્રી નેમિનાથ ભગવાન કલ્યાણને માટે થાઓ’’ ઈત્યાદિ સ્તુતિ કરીને, ધર્મશિલા પર બેસીને જિનાલયની મનોહરતા જોઈને રાજાએ કહ્યું, ‘‘તે માતાપિતાને ધન્ય છે જેના પુત્રે આવું સુંદર મંદિર બનાવરાવ્યું.’’

આ અવસરે પરશુરામ બોલ્યો, ‘‘ રાજન્ ! પૃથ્વી ઉપર શ્રી કર્ણદેવ અને મિનલદેવી ધન્ય છે. જેના આપ પુત્ર છો. આ ‘‘કર્ણવિહાર’’ નામનું જિનાલય મારા પિતા વડે ત્રણ વર્ષની રાજની ઉઘરાણી (દંડ) ખર્ચીને કરાવાયું છે. જો આપ પૂજ્યને મંદિરની ઈચ્છા હોય તો મંદિર અને જો ધનની ઈચ્છા હોય તો ધન વેપારીઓના ઘરે રાખેલું છે.’’

આ સાંભળીને ખુશ થયેલા રાજાએ કહ્યું, ‘‘સજ્જન દંડાધિપે બહુ સારૂ કર્યું. હવે અહીં જે કરવાનું છે, તે તું કરાવજે’’

આ પ્રમાણે આદેશ કરીને દેરાસરના નિભાવ માટે ૧૨ ગામ આપીને શ્રી શત્રુંજય મહાતીર્થે ગયો.






(કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિજી મહારાજને સ્વયં સાંનિધ્ય કરતી અંબિકાદેવીનું દૃષ્ટાંત હવે કહેવાય છે.)

## આ. હેમચન્દ્રસૂરિને સ્વયં સાંનિધ્ય કરતી અંબિકાદેવીનો વૃત્તાન્ત

एकदा श्रीगुरूनापृच्छ्यान्यगच्छीयदेवेन्द्रसूरि-मलयगिरिभ्यां सह कलाकलापकौशलाद्यर्थं गौडदेशं प्रति प्रस्थिताः । खिल्लूरग्रामे गताः । तत्र ग्लानो मुनिर्वैयावृत्त्यादिना प्रतिचरितः । श्री रैवतकतीर्थे देवनमस्करण-कृतार्त्तिर्यावद्ग्रामाध्यक्षश्राद्धेभ्यः सुखासनं तद्वाहकांश्च प्रगुणीकृत्य रात्रौ सुप्तास्तावत् प्रत्यूषे प्रबुद्धाः स्वं रैवतके पश्यन्ति । शासनदेवता प्रत्यक्षीभूय कृतगुणस्तुति-र्भाग्यवतां भवतामत्रस्थितानां सर्वं भावीति गौडदेश-गमनं निषिध्य महौषधीरनेकान् मन्त्रान् नामप्रभावाद्या-ख्यानपूर्वकमाख्याय स्वं स्थानं जगाम ।

એક વખત શ્રીગુરૂભગવંતને પૂછીને શ્રીહેમચંદ્રમુનિએ અન્ય ગચ્છીય દેવેન્દ્રસૂરિજી અને મલયગિરિ મુનિને સાથે કલાકલાપમાં કુશળતા માટે ગૌડદેશ બાજુ પ્રયાણ કર્યું. ખિલ્લુરગામે પહોંચ્યા ત્યાં (એક માંદા મુનિ હતા) માંદા મુનિની વૈયાવચ્ચાદિ વડે સેવા કરી.



શ્રી રૈવતગિરિ તીર્થે પરમાત્માને નમસ્કાર કરવાની ઈચ્છાથી ગામના મુખ્ય શ્રાવકો દ્વારા સુખાસન = ડોલી અને તેને ઉપાડનારા તૈયાર કરીને રાત્રે સૂતા. સવારે જાગ્યા ત્યારે પોતાને રૈવતગિરિ ઉપર જોયા. શાસનદેવીએ પ્રત્યક્ષ થઈને ગુણ ગાયા અને કહ્યું કે, ''ભાગ્યશાળી એવા આપને અહીં રહે જ બધું સારૂં થશે.'' (માટે ગૌડદેશમાં જવાની જરૂર નથી.) આ પ્રમાણે કહી ગૌડદેશે જવાનો નિષેધ કરીને, નામ-પ્રભાવાદિપૂર્વક મહાઔષધીઓ અને ઘણા મંત્રો કહીને પોતાના સ્થાને ગઈ.






(કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિજી આદિ ત્રણ મહાત્માઓએ શ્રીગિરનાર ઉપર શ્રીસિદ્ધચક્ર મંત્ર સાધ્યો એ પ્રસંગ હવે કહેવાય છે)

## ગિરનાર ઉપર સિદ્ધચક્ર મંત્રની સિદ્ધિ

एकदा श्रीगुरुभिः सुमुहूर्ते दीपोत्सवचतुर्दशीरात्रौ श्रीसिद्धचक्रमन्त्रः साम्नायः समुपदिष्टः । स च पद्मिनी-स्त्रीकृतोत्तरसाधकत्वेन साध्यते । ततः सिध्यति, याचितं वरं दत्ते, नान्यथा । ततोऽन्यदा कुमारग्रामे धौतां शोषणार्थं विस्तारितां शाटिकां समालोक्य पृष्टो रजकस्तैः- 'कस्या इयं शाटिकेति ?' सोऽवदद्- 'ग्रामाध्यक्षपत्न्या इयम्' । ततो गतास्तस्मिन् ग्रामे । ग्रामाध्यक्षप्रदत्तोपाश्रये स्थिताः । स च प्रत्यहं समेति, धर्मदेशनां श्रृणोति । तेषां ज्ञानक्रियावैराग्याप्रमत्तत्वादिगुणान् दृष्ट्वा, तथाविध-भव्यत्वपरिपाकाद् गुणानुरागरञ्जितस्वान्तः प्रमुदितः प्राह- 'यूयमनिच्छपरमेश्वराः, कमपि कार्यं मत्साध्यं ममादिशन्तु ।' ततस्ते तं स्वान्तनिवेदिनं गुणानुराग-गम्भीरवेदिनं ज्ञात्वा प्राहुः 'अस्माकं श्रीसिद्धचकमन्त्रः साधयितुमिष्टोऽस्ति । स च पद्मिनीस्त्रीकृतोत्तर-साधकत्वेन सिध्यति नान्यथा । तेन तव या पद्मिनी स्त्री वर्त्तते, तां लात्वा त्वं कृष्णचतुर्दशीरात्रौ रैवत-



काचले समागच्छ, अस्माकमुत्तरसाधकत्वं कुरु; विकार-दर्शने शिरच्छेदस्त्वयैव विधेयः' - इत्याकर्ण्य ग्रामाध्यक्षो विस्मयस्मेरमना मनाग्विमर्श्य चिन्तयांचकार-'एते तावन्महर्षयः समतृणमणिलोष्ठकाञ्चनाः परब्रह्मसमाधि-साधकाः, तर्ह्येतेषामिदं कार्यं वर्यं समर्यादमनया स्त्रिया चेद् भवति तदा तथाऽस्तु, किं बहुविचारेण'-इति विचिन्त्य तैरुक्ते दिने तैः समं सस्त्रीकः सुतरां निर्भीकः श्रीरेवताचलमौलिमलञ्चकार । ते च त्रयः कृतपूर्वकृत्याः श्रीअम्बिकाकृतसान्निध्याः शुभध्यानधीरधियः श्री रैवता-देवतदृष्टौ त्रियामिन्यामाह्वानावगुण्ठनमुद्राकरणमन्त्रन्यास-विसर्जनादिभिरुपचारैर्गुरूक्तविधिना समीपस्थपद्मिनीस्त्री-कृतोत्तरसाधकक्रियाः श्रीसिद्धचक्रमसाधयत् । तत इन्द्र-सामानिकदेवोऽस्याधिष्ठाता श्री विमलेश्वरनामाप्रत्यक्षी-भूय पुष्पवृष्टिं विधाय स्वेप्सितवरं वृणुतेत्युवाच ।

એક વખત હેમચંદ્રમુનિને ગુરૂમહારાજે દિવાળીની ચૌદશ એટલે આસો વદ ચૌદશે સારા મૂહૂર્ત્તે શ્રી સિદ્ધચક્ર મન્ત્ર આમ્નાય સહિત આપ્યો. તે મન્ત્ર પદ્મિની સ્ત્રી ઉત્તર સાધક મળે તો જ સધાય એવો હતો. તે પ્રમાણે સિદ્ધ થયેલો મંત્ર માંગેલ વરદાન આપે, અન્યથા નહીં.

ત્યારપછી (વિહાર કરતા તેઓ) એક વખત કુમારગ્રામે પહોંચ્યા. ત્યારે ધોયેલી સાડી સૂકવવા માટે મૂકેલી જોઇને ધોબીને પૂછ્યું કે, ''આ સાડી કોની છે ?'' તેણે કહ્યું કે, ''આ ગામના મુખીની પત્નીની સાડી છે.'' તેથી તે ગામના મુખી પાસે ગયા અને તેણે આપેલા ઉપાશ્રયમાં રહ્યા. તે મુખી દરરોજ આવે છે અને ધર્મદેશના સાંભળે છે તેમજ તે




મુનિભગવંતના જ્ઞાન-ક્રિયા-વૈરાગ્ય-અપ્રમત્તતા વગેરે ગુણોને જોઇને તેવા પ્રકારનું ભવ્યત્વ તૈયાર થવાથી અને ગુણના અનુરાગથી રંગાયેલ અંતઃકરણથી ખુશ થયેલા તે મુખીએ કહ્યું, ''આપ તો ઈચ્છારહિત એવા ભગવાન છો તેમ છતાં મારાથી થાય એવું કાંઇ કામ હોય તો મને આદેશ કરો.''

ત્યારે તે મુનિભગવંત તેને હૃદયથી બોલનારો અને ગુણાનુરાગની ગંભીરતા પામેલો જાણીને બોલ્યા, ''અમારે શ્રી સિદ્ધચક્રમંત્ર સિદ્ધ કરવાની ઈચ્છા છે અને તે પદ્મિની સ્ત્રી ઉત્તરસાધક બને તો જ સધાય એમ છે. તેથી તારી જે પદ્મિની સ્ત્રી છે, તેને લઈને કાળી ચૌદશની રાત્રે રૈવતગિરિ પર આવજે. અમારો ઉત્તરસાધક બનજે જો વિકાર દેખાય તો તારા વડે જ અમારૂં મસ્તક છેદાય. (અર્થાત્ સ્ત્રી પ્રત્યે સહેજ પણ વિકાર જાગેલો દેખાય તો તું અમારૂં મસ્તક છેદી નાંખજે.)''

આ સાંભળીને આશ્ચર્યચકિત થયેલો મુખી જરાક વિચારમાં પડ્યો અને વિચારે છે કે, 'આ મહર્ષિઓ ઘાસ અને મણિ કે માટીનું ઢેફું અને સુવર્ણમાં સમાન બુદ્ધિવાળા છે, પરબ્રહ્મની સમાધિ સાધનારા છે, તો એમનું આ મોટું કામ જો આ મર્યાદાવાળી સ્ત્રી વડે થતું હોય તો ભલે થાય, વધારે શું વિચારવાનું ?' એમ વિચારીને તેઓએ કહેલા દિવસે તેઓની સાથે પત્ની સહિત અત્યંત નિર્ભય થયેલો શ્રી રૈવતગિરિ ઉપર ગયો.

તે ત્રણે પૂર્વકૃત્ય કરીને, શ્રી અંબિકાદેવીનું સાંનિધ્ય પામેલા, શુભધ્યાનથી ધીર=સ્થિર બુદ્ધિવાળા, શ્રી રૈવતગિરિ રૂપ દેવની દૃષ્ટિમાં પણ રાત સુધી આહ્વાન - અવગુંઠન આદિ મંત્રો વડે ન્યાસ અને વિસર્જન વગેરે ઉપચારો વડે ગુરૂમહારાજે કહેલા વિધિ વડે સમીપ રહેલી પદ્મિની સ્ત્રીએ કરેલ છે ઉત્તરસાધકની ક્રિયા એવા તેઓએ શ્રી સિદ્ધચક્રને સાધ્યો.



ત્યારપછી એના અધિષ્ઠાયક ઈન્દ્રનાં સામાનિક દેવ શ્રી વિમલેશ્વરે પ્રત્યક્ષ થઈને, પુષ્પવૃષ્ટિ કરીને, પોતાનું ઈચ્છિત વરદાન માંગો. એમ કહ્યું ત્યારે હેમચન્દ્રસૂરિએ રાજાને પ્રતિબોધ કરવાની શક્તિ માંગી.






(ગિરનાર પર નવા પગથિયા બંધાવવા માટે ઉદયન મંત્રીએ લીધેલ અભિગ્રહ અને ઉદયન મંત્રીને નિર્યામણા કરાવનાર વેષધારી સાધુનું રૈવતગિરિ ઉપર અનશન... આ બંને પ્રસંગો અહિં કહેવાયા છે.)

## ઉદયનમંત્રીનો ગિરનાર ઉપર પગથિયા બંધાવવા અંગે અભિગ્રહ

अथ सौराष्ट्रदेशीयेन सउंराकेन राज्ञा प्रच्छन्नं गृहमध्ये प्रविश्य अजा व्यापादिता । कण्टेश्वर्या देव्या राज्ञे निवेदितम् । तं नृपं विग्रहीतुं श्रीमदुदयनमन्त्रिणं सेनानायकं कृत्वा समस्तकटकबन्धेन प्राहिणोद् राजा । स तु पादलिप्तपुरे श्रीवर्द्धमानं नत्वा श्रीयुगादिदेवं निनंसुः पुरः प्रयाणकाय समस्तमण्डलश्वरानादिश्य स्वयं श्री शत्रुञ्जयं जगाम । विशुद्धश्रद्धया स्नात्रपूजारात्रिकादिकं विधाय यावच्चैत्यवन्दनां विधत्ते, तावत् प्रदीपवृत्ति-मादाय मूषकः काष्ठमयप्रासादबिले प्राविशन् देवाङ्गपूजकैस्त्याजितः । तदनु स मन्त्री समाधिभङ्गात् काष्ठमयप्रासादविनाशसंभवात् देवाशातनां विमृश्य जीर्णोद्धारं चिकीर्षुः श्रीदेवपादानां पुरतो ब्रह्मैकभक्त-भूशयनताम्बूलादित्यागादिकानभिग्रहान् जग्राह । यतः






एकोऽपि नियमो येन गृहीतो गृहमेधिना ।
जिनाज्ञा पालिता तेन भवकूपारपारदा ।।

ततः कृतप्रयाणः स्कन्धावारमुपेत्य तेन प्रत्यर्थिना समरेण सह सङ्गरे सञ्जायमाने स्वसैन्ये भग्ने स्वयं संग्रामं कुर्वाणो रिपुप्रहारजर्जरितशरीरो मन्त्री रणभूमौ पतितः । स करुणं क्रन्दन् केनाऽपि बुद्धिमताऽङ्ग-रक्षकेण दुःखकारणं पृष्टः स्वमनसः शल्यचतुष्टयं प्राह १. आम्बडस्य दण्डनायकत्वदापनं, २. श्रीशत्रुञ्जयप्रासाद-पाषाणमयनिर्मापणं, ३. श्रीरैवतनव्यपद्यानिर्मापणं, ४. निर्यामकगुरूं विना मम मृत्युः - इति शल्यचतुष्क-मस्ति ममेति श्रुत्वा स प्राह-'आद्यत्रयं तवाङ्गजो बाहडदेवः कारयिष्यति, आराधनार्थं साधुमानयामी'ति मन्त्रिणं विज्ञप्य स्वयमग्रे गत्वा साधुवेषधरं राजपुत्रमेकं लात्वा समायातः । तत्समक्षं दशधाऽऽराधनां विधाय, समाधिधीरचित्तः स्वीकृतानशनः श्रीमानुदयनः परलोक-मसाधयत् । साधुवेषधरोऽपि नेमिदृष्टौ अनशनपरो मृत्वा स्वर्गं गतः ।

ततोऽङ्गरक्षकेणागत्योदयनस्वरूपे प्रोक्ते तज्ज्येष्ठपुत्रो बाहडोऽभिग्रहचतुष्टयं जग्राह निजपितुः । ततो बाहडः स्वभ्रातुराम्बडस्य दण्डनायकत्वमदापयत् । स्वयं राजादेशेन पैतृकवैरेण च ससैन्यः पुनः सुराष्ट्रायां गत्वा वैरिणं समरनृपं रणाङ्गणे निर्जित्य श्रीपत्तने श्रीकुमारपाल-नरेश्वराय गजाश्वभाण्डागारसहितं तन्मस्तकं समर्पयामास । तदनु राज्ञा तन्मस्तकं वंशे बद्ध्वा सर्वत्र देशमध्ये






भ्रामितं चोक्तं च-'यः प्रच्छन्नं जीववधं करिष्यति तस्य शिरश्छेदो भविष्यति' ।

ततो राजाज्ञामादाय श्रीरैवतके त्रिषष्टिलक्षद्रव्यव्ययेन नवीनां सुगमां पद्यामकारयत् अम्बिकाप्रक्षिप्तमार्गेण महतोपक्रमेण ।

એક વખત સૌરાષ્ટ્રદેશના સૌરાક રાજાએ ગુપ્ત રીતે ઘરમાં પ્રવેશીને બકરી મારી. તે કંટકેશ્વરી દેવીએ કુમારપાળ રાજાને જણાવી દીધું. તે રાજાને શિક્ષા કરવા માટે કુમારપાળ રાજાએ શ્રી ઉદયનમંત્રીને સમસ્ત સૈન્યસહિત સેનાપતિ બનાવીને મોકલ્યા તે મંત્રી પાદલિપ્ત નગરમાં (પાલિતાણામાં) શ્રી વર્ધમાન સ્વામીને નમસ્કાર કરીને, શ્રી આદિનાથ ભગવાનને નમવાની ઈચ્છાથી, બીજા બધા સામંતો સહિત સૈન્યને આગળ પ્રયાણ કરવાનો આદેશ કરીને પોતે શ્રી શત્રુંજય મહાતીર્થે આવ્યા.

વિશુદ્ધ શ્રદ્ધાપૂર્વક સ્નાત્ર - આરતી વગેરે કરીને ચૈત્યવંદન કરે છે ત્યાં દિવાની વાટ લઈને એક ઉંદર લાકડાના દેરાસરના બિલમાં પ્રવેશતો હતો, તેને પૂજારીઓએ અટકાવીને વાટ છોડાવી તેથી મંત્રીની સમાધિ = એકાગ્રતાનો ભંગ થવાથી લાકડાના દેરાસરના વિનાશથી (અર્થાત્ આ રીતે ઉંદર દીવાની વાટ લઈને જાય તો દીવાની વાટથી દેરાસર સળગી જવાથી) ભગવાનની આશાતના થશે એમ વિચાર કરીને જીર્ણોદ્ધાર એટલે કે આરસનું દેરાસર બનાવવાની ઈચ્છાવાળા મંત્રીએ પરમાત્મા સન્મુખ બ્રહ્મચર્ય પાલન, એકાસણા કરવા, ભૂમિ પર સંથારવું, મુખવાસ ત્યાગ વગેરે અભિગ્રહો ગ્રહણ કર્યા.

કહ્યું છે કે- એક પણ નિયમ જે ગૃહસ્થ વડે ગ્રહણ કરાય છે, તેના વડે સંસારરૂપી સમુદ્રને પાર પમાડનારી જિનાજ્ઞા પળાઈ કહેવાય છે.





ત્યાંથી પ્રયાણ કરીને મંત્રીશ્વરે સૈન્યની છાવણીમાં આવીને તે શત્રુરાજા સમરની સાથે (યુદ્ધ કર્યું) યુદ્ધમાં પોતાનું સૈન્ય ભાંગી જતાં પોતે જાતે યુદ્ધ કરતાં, શત્રુના પ્રહારોથી જર્જરિત શરીરવાળા મંત્રી યુદ્ધભૂમિમાં પડ્યા, ત્યારે કરૂણ રીતે રડતા તે મંત્રીશ્વરને કોઈક બુદ્ધિશાળી અંગરક્ષકે દુઃખી થવાનું કારણ પૂછ્યું, ત્યારે મંત્રીએ પોતાના મનમાં રહેલા ચાર કાંટા કહ્યા.

(૧) અંબડને દંડનાયક પદ અપાવવું.

(૨) શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર પત્થરનું દેરાસર બંધાવવું.

(૩) શ્રી રેવતગિરિ ઉપર નવા પગથિયા બનાવવા અને

(૪) નિર્યામક વિના મૃત્યુ થઈ રહ્યું છે.


આ ચાર દુઃખ મને છે.

તે સાંભળીને અંગરક્ષકે કહ્યું, 'પહેલા ત્રણ કાર્ય તમારો પુત્ર બાહડ = વાગ્ભટ્ટ કરશે અને અંતિમ આરાધના માટે સાધુ હું લાવું છું.'

આ પ્રમાણે મંત્રીશ્વરને જણાવીને પોતે આગળ જઈને એક રાજપુત્રને સાધુ વેષ ધારણ કરાવીને લઈને ત્યાં આવ્યો. (સામાન્યતઃ એવું સાંભળવા - જાણવા મળે છે કે કોઈ બહુરૂપીને સાધુ વેષ અને જરૂરી સાધુના આચાર શીખવાડીને ત્યાં લાવ્યો.) તેની સમક્ષ દશ પ્રકારની (અંતિમ) આરાધના કરીને સમાધિમાં સ્થિર ચિત્તવાળા શ્રી ઉદયન મંત્રીએ અનશન સ્વીકારી પરલોક સાધ્યો.

સાધુ વેષ ધારણ કરનાર પણ (વેષનો મહિમા જાણી વેષ ઉતાર્યો નહિં અને રૈવતગિરિ ઉપર) શ્રી નેમિનાથ ભગવાનના દર્શન કરીને અનશન કરીને મૃત્યુ પામી સ્વર્ગે ગયા.


ત્યારપછી અંગરક્ષકે આવીને ઉદયન મંત્રીની અંતિમ વાતો તેમના મોટા પુત્ર બાહડને કહે છતે બાહડે પોતાના પિતાએ



લીધેલા ચારે અભિ-ગ્રહો લીધા. ત્યારપછી પોતાના ભાઈ આંબડને દંડનાયક પદ અપાવ્યું. પોતે રાજાનો આદેશ લઈને પિતાનું વૈર લેવા સૈન્યસહિત સૌરાષ્ટ્ર દેશમાં જઈને, શત્રુરાજા સમરને યુદ્ધમાં જીતીને, પાટણમાં જઈ શ્રી કુમારપાળ રાજાને હાથી-ઘોડા-ધન ભંડાર સહિત તેનું મસ્તક અર્પણ કર્યું.

ત્યારપછી રાજા વડે વાંસમાં બંધાવીને તે મસ્તક આખા દેશમાં ભમાડાયું અને કહેવાયું, ''જે ગુપ્ત રીતે પણ જીવનો વધ કરશે તેનું મસ્તક છેદ થશે.''

ત્યારપછી રાજાની આજ્ઞા લઈને શ્રી રૈવતગિરિ ઉપર શ્રી અંબિકાદેવીએ કરેલા માર્ગ વડે ૬૩ લાખ દ્રમ્મ વાપરીને નવા સરળ પગથિયા બનાવરાવ્યા.






(કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી અને કુમારપાલરાજાએ સાથે શ્રી રૈવતગિરિની યાત્રા કરી ઈત્યાદિ પ્રસંગ હવે કહેવાય છે.)

## કુમારપાલ રાજાનું હેમચંદ્રાચાર્યજી સહિત યાત્રાર્થે ગમન

ततो राजा स्वं कृतार्थं मन्यमानः, कृत्वा अमानमहिमानं श्रीरैवतदैवतं मनस्याध्याय सपरिकरस्तद्दिशं प्रति प्रयाणमकरोत् । पथि च वृक्षानपि पट्टकूलपरिधापनिकया सन्मानयन् रैवतासन्ने समायाते, अकस्मादेव पर्वतकम्पे सञ्जायमाने श्रीहेमचन्द्राचार्या नृपं प्राहुः 'इयं छत्रशिला युगपदुपेतयोर्द्वयोः पुण्यवतोरुपरि पतिष्यति ।' इति वृद्धपरंपरा । तदावां पुण्यवन्तौ, यदियं गीः सत्या भवति, तदा लोकापवादः । नृपतिरेव दैवं नमस्करोतु, न वयम्'-इत्युक्ते नृपतिनोपरुध्य प्रभव एव सङ्घेन सह प्रेषिताः, न स्वयम् । छत्रशिलामार्गं परिहृत्य परस्मिन् मार्गे जीर्णप्राकारपक्षेन श्रीवाग्भटकारितपद्यां चटितः । तत्र स्नात्रविधिपूर्वकं स्नात्रपूजादानं सर्वस्थानेषु । लक्षाराम-सहस्राम्रवन-चन्द्रगुम्फाम्बिकावलोकनाशिखर-शाम्ब-प्रद्युम्नादिषु चैत्येषु चैत्यपरिपाटीं कृतवान् महाप्रभावनां च ।






ત્યારપછી પોતાને કૃતાર્થ માનતાં રાજાએ, અમાપ મહિમા કરીને, શ્રી રૈવતગિરિનું મનમાં ધ્યાન કરીને, પરિવાર સહિત તે દિશા બાજુ પ્રયાણ કર્યું.

માર્ગમાં વૃક્ષોને પણ રેશમી વસ્ત્ર પહેરાવવા વડે સન્માન કરતા રાજા રૈવતાચલ પાસે આવ્યા ત્યારે અકસ્માત્ જ પર્વતનો અમુક ભાગ કંપાયમાન થતાં શ્રી હેમચંદ્રાચાર્યજીએ રાજાને કહ્યું, ''આ છત્રશિલા એક સાથે આવેલા બે પુણ્યશાળી ઉપર પડશે એવી કહેવત છે. આપણે બંને પુણ્યશાળી છીએ. જો આ વાણી સાચી પડે તો લોકોમાં નિંદા થાય, આથી રાજા ! તું જ ભગવાનને નમસ્કાર કરવા જા ! અમે નથી આવતા.''

આ પ્રમાણે કહેવાથી રાજાએ આગ્રહ કરીને સંઘ સાથે ગુરૂભગવંતને મોકલ્યા. પોતે ન ગયા અને છત્રશિલાનો રસ્તો છોડીને બીજા રસ્તે જૂનાગઢના માર્ગ વડે શ્રી વાગ્ભટ્ટ મંત્રીએ બનાવેલ પગથિયા ચડ્યા.

ત્યાં સ્નાત્રવિધિપૂર્વક સર્વસ્થાનોમાં સ્નાત્રપૂજા, દાન કર્યા. લક્ષારામવન, સહસ્રામ્રવન, ચંદ્રગુફા, અંબિકા શિખર, અવલોકન શિખર, શાંબ - પ્રદ્યુમ્નાદિના ચૈત્યોમાં ચૈત્યપરિપાટી = દર્શન કર્યા અને મહા પ્રભાવના અર્થાત્ ઘણી શાસનપ્રભાવના કરી.






(હવે 'પુરાતન-પ્રબન્ધ-સંગ્રહ' ગ્રંથના આધારે ''કર્ણવિહાર'' પ્રાસાદનો પ્રસંગ કહેવાય છે.)

## શ્રીજિનવિજયમુનિ સંપાદિત પુરાતનપ્રબન્ધસંગ્રહ

### મંત્રી સજ્જન કારિત રૈવતતીર્થોદ્ધાર પ્રબન્ધ (૨૨મો પ્રબન્ધ)

अथ सिद्धराजे राज्यं शासति श्रीमालज्ञातीय-बान्धवाः ३-१. साजण-२. आम्बा-३. धवलाः । इतः श्रीजयसिंहेन सज्जनः सुराष्ट्रायां व्यापारे प्रहितः । श्रीरैवते तीर्थं नन्तुं गतः । प्रासादो जाकुड्यमात्येन शैलमयः प्रारब्धः । अमात्यो मालवावासी दिवं गतः । १३५ वर्षाण्यन्तरे गतानि । ततः सज्जनेन कर्मस्थायः प्रारेभे । वर्षत्रयोद्ग्राहितं द्रव्यलक्ष २ व्ययीकृत्य प्रासादः कारितः । कियन्ति वर्षाण्यन्तरे गतानि । तत्रत्यान् इभ्यानाकार्य प्रोक्तम्-मया प्रासादः कारितः । पुनर्नृपो द्रम्मान् यदि याचते तदा भवद्भिरङ्गीकार्यः । तैरमन्यत । इतश्च सिद्धेशः सोमनाथयात्रायामागतः । सर्वे व्यापारिणो मिलनाय आगताः । सज्जनो नाययौ । नृपेण तदनागमने कारणं पृष्टम् । तैरुक्तम्-देव ! तेन द्रव्यं विनाशितमतः स कथमायाति । ततः सज्जनस्याकारणं गतम् । स आयातः । नृपेणोक्तम्-रे द्रम्माः क्व ? देव ! सन्ति ।





कथं नानीताः । स्वामिन् ! रैवतकं दुर्गं मत्वा तत्र भाण्डागारे स्थापिताः । नृपेणोक्तम्-तत्रागम्यते तदा दर्शयसि ? देव ! दर्शयामि । नृपस्तु तत्र गतः । पृष्टः-क्वास्ते? । उपर्यागच्छत । तथा कृतम् । प्रासादे नेमिं नत्वा बहिरायातः । पृष्टम्-केनात्र प्रासादः कारितः? । सज्जनेनोक्तम् श्रीसिद्धेशेन । मम तु शुद्धि(रपि न)कथं जातः? । देव ! इदमुद्ग्राहितम् । राज्ञोक्तं न मन्यते । ममादेशं विना कथं कारितः । द्रम्मानानय । आनयामि । कथम् ? । देव ! अत्रत्येनेभ्यवर्गेणाङ्गीकृतमस्ति । .....-..... द्रम्मान् देवो गृह्णातु, पुण्यं वा । राज्ञा पुण्यमङ्गीकृतम्, परं मन्नाम्ना प्रासादोऽस्तु । देव ! त्वन्नाम्नैव, मम दासस्य किम् । नृपेण तुष्टेन पुनर्व्यापारो दत्तः । अवलोकनासिखरमारुह्य दिशावलोकनं कृतं सिद्धेशेन । चारणेनोक्तम्


मइं नाईउं सिद्धेश तउं चडियओ उज्झिलसिहरि ।
जीता च्यारइ देस अलीउं जोअइ कर्ण्णउत्र ।।

ततः उत्तरितः ।

जाकुड्यमात्य-सज्जनदण्डेशाद्या व्ययीकरन् यत्र ।
नेमिभुवनोद्धृतिमसौ गिरनारगिरीश्वरो जयति ।।

હવે સિદ્ધરાજ રાજા રાજ્ય કરતો હતો ત્યારે શ્રીમાળી જ્ઞાતિના ત્રણ ભાઈઓ હતા. (૧) સાજણ (૨) આંબા (૩) ધવલ.

આ બાજુ શ્રી સિદ્ધરાજ જયસિંહે સાજણ=સજ્જનને સૌરાષ્ટ્રમાં વ્યાપાર માટે મોકલ્યો. તે સજ્જન શ્રી રૈવતગિરિ ઉપર





ભગવાનને નમવા માટે ગયો. જાકુડી નામના મંત્રીએ ત્યાં પત્થરનું જિનાલય બંધાવવાનું શરૂ કર્યું હતું. (પણ અધૂરા કાર્યે) તે માળવાના મંત્રીનો સ્વર્ગવાસ થયો. ૧૩૫ વર્ષ પસાર થઈ ગયા.

સજ્જનમંત્રી વડે (રાજાની આજ્ઞાથી) ઉઘરાણી શરૂ કરાઈ. ત્રણ વર્ષની ઉઘરાણી રૂપે આવેલા બે લાખ દ્રમ્મ વાપરીને તેણે રૈવતગિરિ ઉપર દેરાસર કરાવ્યું. કેટલાક વર્ષો વચ્ચે પસાર થઈ ગયા ત્યાં રહેલા વેપારીઓને બોલાવીને તેણે કહ્યું, ''મારા વડે જિનાલય બંધાવાયુ છે પણ જો રાજા ઉઘરાણીનું દ્રવ્ય=દ્રમ્મ માંગે તો તમારે મને આપવું'' તેઓએ સ્વીકાર્યુ.

આ બાજુ સિદ્ધરાજ સોમનાથની યાત્રાએ આવ્યા. બધા વેપારીઓ મળવા આવ્યા. સજ્જન ન આવ્યો. રાજા વડે તે નહિં આવવાનું કારણ પૂછાયું. તેઓએ કહ્યું, ''રાજન્ ! તેના વડે ઉઘરાણીનું ધન નાશ પમાડાયું છે તેથી તે કેવી રીતે આવે ?'' તેથી સજ્જનને કહેણ ગયું. તે આવ્યો.

રાજાએ પૂછ્યું , ''દ્રમ્મ કયાં ?''

સજ્જને કહ્યું, ''રાજન્ ! છે.''

રાજા : કેમ લાવ્યો નથી ?


સજ્જન : રૈવત પર્વતને કિલ્લો જાણીને ત્યાં ભંડારમાં રાખ્યા છે.

રાજા : ત્યાં આવું તો બતાવીશ ?

સજ્જન : રાજન્ ! બતાવીશ.

રાજા રૈવતગિરિ પાસે ગયા. પૂછ્યું : કયાં છે ?

સજ્જન : ઉપર પધારો.





રાજા ઉપર ગયા. દેરાસરમાં નેમિનાથ ભગવાનને નમીને બહાર આવ્યા પૂછ્યું : અહિં દેરાસર કોના વડે બનાવાયું ?

સજ્જન : શ્રી સિદ્ધરાજા વડે.

રાજા : મને તો ખબર પણ નથી

સજ્જન : રાજન્ ! આ ઉઘરાણીનું દ્રવ્ય છે.

રાજા : માની શકાય એમ નથી. મારી આજ્ઞા વગર કેમ કરાવ્યું ? દ્રમ્મ લાવ.

સજ્જન : લાવું છું.

રાજા : કેવી રીતે ?

સજ્જન : અહિંના વેપારીઓએ સ્વીકારેલું છે, આપ દ્રમ્મ ગ્રહણ કરો અથવા પુણ્ય લ્યો.

રાજાએ પુણ્ય સ્વીકાર્યું, કહ્યું : પરંતુ મારા નામથી જિનાલય હો.

સજ્જન : રાજન્ આપના નામથી જ કરાવ્યું છે. હું તો સેવક છું. મારૂં શું હોય ?


ખુશ થયેલા રાજાએ ફરી વેપાર સોંપ્યો. ત્યારપછી અવલોકન શિખર ઉપર ચઢીને સિદ્ધરાજે દિશાઓમાં અવલોકન કર્યું. ત્યારે એક ચારણ = મંગલપાઠક વડે કહેવાયું,

'' મેં જોયો સિદ્ધેશ, તે ચડ્યો ઉજ્જયંત શિખરે;

જીત્યા ચારે દેશ, અલજ્યો તે કર્ણપુત્ર !''

ત્યારપછી નીચે આવ્યો.

જયાં જાકુડી મંત્રી, સજ્જન દંડનાયક વગેરે એ ધન ખર્ચીને નેમિનાથ ભગવાનના જિનાલયનો ઉદ્ધાર કર્યો તે આ પર્વતોનો રાજા ગિરનાર જય પામે છે.






(આંબાક દ્વારા કરાયેલ ગિરનારના પગથિયાનો પ્રસંગ)

## મહં આંબાકારિત ગિરનાર પાજ પ્રબન્ધ (૨૩મો પ્રબન્ધ)


अत्र धवलेन प्रपा कारिता । महं आम्बाकस्य श्रीकुमारदेवेन सुराष्ट्रव्यापारो दत्तः । तेन वज्रता महं बाहडदेवो विज्ञप्तः । तत्र गतोऽहं रैवते पद्यां कारयामि । मन्त्रिणोक्तम्-कार्या । पश्चात्तेन तत्र पद्या कारिता । व्यये भीमप्री(य)द्रम्मलक्ष ६३ । इतः कुमारेशो यात्रायामागतः । साङ्कलीआपद्यायां चटितः । वलमानो बाहडदेवेन सुखासने समारोप्याध आनीतः । केनेयं पद्या कारिता ?, पृष्टं देवेन । तेनावादि मया । कदा ? । ततः स्वरूपं प्रोक्तम् । तुष्टः (सन्) आम्बाकस्य व्यापारो दत्तः ।। इति पाजप्रबन्धः ।।

અહિં ગિરનાર ઉપર ધવલે પરબ બનાવરાવી. આંબડ મંત્રીને શ્રી કુમારપાલરાજા વડે સૌરાષ્ટ્રનો વેપાર અપાયો. જતા એવા તેના વડે બાહડ મંત્રી વિનંતિ કરાયા કે ત્યાં ગયેલો હું રૈવતગિરિ ઉપર પગીથયા બંધાવીશ. મંત્રીએ કહ્યું : બનાવરાવજે.

પછી તેના વડે ૬૩ લાખ દ્રમ્મ ખર્ચીને પગથિયા કરાવાયા. એક વખત કુમારપાલ રાજા યાત્રા માટે આવ્યા. સાંકળી ગામની દિશા તરફથી શરૂ થતાં પગથિયા ચડ્યા પાછા



વળતાં બાહડ મંત્રીએ શિબિકામાં બેસાડીને (નવા પગથિયાથી) નીચે લાવ્યા. રાજાએ પૂછ્યું, ''આ પગથિયા કોના વડે બનાવાયા છે ?'', તેના વડે કહેવાયું, 'મારા વડે', રાજા એ પૂછ્યું, 'ક્યારે', ત્યારે બધી વાત જણાવી, ખુશ થયેલા રાજાએ આંબાકને વેપાર આપ્યો. (અર્થાત્ દંડનાયક બનાવ્યો.)






(હવે શ્રી રૈવતગિરિ ઉપર રહેલા નેમિનાથ ભગવાન (ના બિંબ) ની ઉત્પત્તિ કહે છે)

## રૈવતતીર્થ પ્રબન્ધ (૪૭મો પ્રબન્ધ)

अथ श्रीनेमे रैवतकाचलस्थस्योत्पत्तिर्यथा-भारते क्षेत्रेऽतीतचतुर्विंशतिकायां तृतीयतीर्थमरसागरसमये उज्जयिन्यां नरवाहनो नृपः । अन्यदा तस्मिन् पुरे सागरजिनः समवसृतः । स नन्तुं ययौ । व्याख्यायामनु केवलिपर्षदं वीक्ष्य पृष्टम्-प्रभोऽहं केवली कदा ? । स्वामिनाऽऽदिष्टम्-आगामिचतुर्विंशतिकायां श्रीनेमिजिन-तीर्थे निर्वाणं ज्ञानं च भविष्यति । इति ज्ञात्वा ततस्तमिस्मन् भवे श्रीसागरतीर्थेशपार्श्वे दीक्षां गृहीत्वा, तपः कृत्वा, पञ्चमदेवलोके दशसागरोपमायुरिन्द्रो जातः । तेन तत्र स्थितेनावधिज्ञानेन पूर्वभवं ज्ञात्वा वज्रमयीं मृत्तिकामानीय श्रीअरिष्टनेमिपूजानिमित्तं बिम्बं कारितम् । स्वर्गे दशसागरोपमं यावत्पूजितम् । आत्मनश्चायुःप्रान्तमवधिना विज्ञाय श्रीनेमेर्दीक्षा-ज्ञान-निर्वाणकल्याणकत्रयस्थानं विलोक्य श्रीरैवतकगह्वरे स्वर्गान्नेमिप्रतिमां गृहीत्वा समेतः । तत्र गह्वरमध्ये चैत्ये गर्भगृहत्रयं कृत्वा रत्न-मणि-स्वर्ण-मयबिम्बत्रयं कृत्वा तत्र (स्थापितं)....... काञ्चनबलानकं कृतम् ।






तत्र वज्रमृत्तिकामयबिम्बं स्थापितम् । ततः स इन्द्रः स्वर्गाच्च्युत्वा बहु संसारं भ्रान्त्वा श्रीनेमितीर्थसमये महापल्लिदेशे क्षिति(पु)रनगरे... श्रीनेमिस्तत्र समवसृतः । पुण्यसारो वन्दितुं समागतः । श्रीनेमिना उपदेशो दत्तः । श्रीनेमिपार्श्वे धर्मावाप्तिः । पृष्टाः स्वामिनः पूर्वभववृत्तान्तः-... रैवतके गत्वाऽऽत्मकृतं नेमिबिम्बं पूजयित्वा नमस्कृत्य स्वनगरे समागत्य, सुतं राज्ये निवेश्य, नेमिपार्श्वे दीक्षां गृहीत्वा, तपसा कर्म्मक्षयं कृत्वा...... र्जितम् । मोक्षं गतः । श्रीनेमे रैवतकाचले कल्याणत्रिकं समजनि । पुण्यवद्धिस्तत्र लेप्यमयं बिम्बं चैत्यं च कारितम् । लोके च पूज्यमानं जातं ........ कस्मीरदेशात् कल्पप्रमाणेन रैवतकगिरौ श्रीनेमिं नमस्कर्तुं समागतः । तत्र बिम्बं स्नात्रजलेन गलितं दृष्ट्वा मासद्वयक्षपणं कृतं........ स्वर्णमयं बिम्बं समानीय स्थापितम् । यतः

नववाससएहिं नवुत्तरेहिं रयणेण रेवयगिरिम्मि ।
संठविअं मणिबिंबं कंचणभवणाओ नेऊण ।।

तथा वामनावतारे वामनेन रैवते श्रीनेम्यग्रे बलिबन्धनसामर्थ्यार्थं तपः कृतम् ।

ભરતક્ષેત્રમાં અતીત ચોવીશીમાં ત્રીજા સાગર નામના તીર્થંકરના સમયમાં ઉજ્જૈનીમાં નરવાહન રાજા હતો. એક વખત તે નગરમાં સાગર ભગવાન સમવસર્યા, તે રાજા વંદન કરવા આવ્યો. દેશનાને અંતે કેવલિની પર્ષદા જોઈને પૂછ્યું, ''પ્રભુ ! હું કયારે કેવલી થઈશ ?'', ભગવાને કહ્યું, ''આવતી ચોવીશીમાં શ્રી નેમિનાથ ભગવાનના તીર્થમાં તને કેવળજ્ઞાન અને નિર્વાણ થશે.''





આ જાણીને ત્યારપછી તે ભવમાં શ્રી સાગર ભગવાન પાસે દીક્ષા લઈને, તપ કરીને, પાંચમા દેવલોકમાં દશ સાગરોપમ આયુષ્યવાળા ઈન્દ્ર થયા. ત્યાં રહેલા તેણે અવધિજ્ઞાન વડે પૂર્વભવ જાણીને, વજમયી માટી લાવીને, પૂજા નિમિત્તે શ્રી નેમિનાથ ભગવાનનું બિંબ બનાવરાવ્યું. દશ સાગરોપમ સુધી ત્યાં દેવલોકમાં પૂજ્યું. ત્યારબાદ અવધિજ્ઞાનથી પોતાના આયુષ્યનો અંત જાણીને શ્રી નેમિનાથ ભગવાનની દીક્ષા - કેવળજ્ઞાન - નિર્વાણ આ ત્રણ કલ્યાણકનું સ્થાન જોઈને, સ્વર્ગથી શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા લઈને શ્રી રૈવતગિરિની ગુફામાં આવ્યો. ત્યાં ગુફામાં ત્રણ ગભારા કરીને રત્ન-મણિ-સોનાના ત્રણ ભગવાન કરીને, ત્યાં સોનાનું પબાસણ કરાયું, તેની ઉપર વજની માટીમય બિંબ સ્થાપન કર્યું. ત્યારપછી તે ઈન્દ્ર સ્વર્ગથી ચ્યવીને ઘણો કાળ સંસારમાં ભમીને શ્રીનેમિનાથ ભગવાનના તીર્થ સમયે મહાપલ્લિદેશમાં ક્ષિતિપુર નગરમાં (પુન્યસાર નામે રાજા થયો.) ત્યાં નેમિનાથ ભગવાન પાસે ધર્મ પામ્યો. સ્વામીને પૂર્વભવનો વૃત્તાન્ત પૂછ્યો. રૈવતગિરિએ જઈને પોતે બનાવેલ નેમિપ્રભુનું બિંબ પૂજીને, નમસ્કાર કરી પોતાના નગરે આવીને, પુત્રને રાજ્ય ઉપર બેસાડીને, ભગવાન પાસે દીક્ષા લઈને, તપ વડે કર્મ ખપાવીને, કેવળજ્ઞાન મેળવ્યું અને મોક્ષે ગયો.

શ્રી નેમિનાથ ભગવાનના રૈવતગિરિ ઉપર ત્રણ કલ્યાણક થયા છે. પુણ્યવાનોએ ત્યાં લેપ્યમય બિંબ અને ચૈત્ય કરાવ્યું. તે લોકમાં પૂજાયું. કાશ્મીર દેશથી રત્ન શ્રાવક રૈવતગિરિ કલ્પ જાણીને શ્રી નેમિનાથ ભગવાનને નમસ્કાર કરવા આવ્યો. ત્યાં સ્નાત્રજલ વડે બિંબ ગળી ગયેલું જોઈને બે માસક્ષમણ કર્યા. અંબિકાદેવીની કૃપાથી સુવર્ણમય (અર્થાત્ સારાવર્ણવાળું) બિંબ લાવીને સ્થાપન કર્યું. કહ્યું છે કે - ૯૯૦ વર્ષ પછી રત્નશ્રાવક વડે રૈવતગિરિ ઉપર કંચનભવનથી લાવીને, મણિનું બિંબ સ્થાપન



કરાયું તથા વામનના અવતારમાં વામન વડે બલિ રાક્ષસને બાંધવાના સામર્થ્ય માટે રૈવતગિરિ ઉપર શ્રી નેમિનાથ ભગવાન આગળ તપ કરાયું.



## દેવ્યમ્બા પ્રબન્ધ (૪૮મો પ્રબન્ધ)

सुराष्ट्रामण्डले कोडीनारपुरे सोमभट्टो द्विजः । स श्रावकस्य देवशर्मद्विजस्य पुत्रीमम्बिकानाम्नीं परिणीतवान् । पुत्रद्वयमस्ति । इत एकदा तस्य गृहे किञ्चित्पर्वास्ति । तत्र पाके निष्पन्ने तपोधनौ विहर्तुमायातौ । श्वश्रू गृहे नास्ति । अम्बया महाभक्त्या प्रतिलाभितौ । प्रातिवेश्मिकया श्वश्र्वग्रे निवेदितम् । वैश्वदेवेऽपूजिते द्विजेष्वभुक्तेषु शूद्राणामन्नं दत्तम् । एषा वधूः न सामान्या । तयाऽऽरातिः कृता । सोमभट्ट समायाते उक्तम् । तेन तातादिना ताडयित्वा निष्कासिता । सा सुतद्वयमादाय, एकं कट्यां कृत्वा परमङ्गुल्यां, निःसृता । श्व श्वा पुत्रः पृष्ठे सानुतापया प्रहितः-त्वरितं गत्त्वा समानय । इतः शिशुः सुतस्तृषितो नीरमयाचत । तया श्रीनेमिचरणौ स्मृत्वा मही पादेन दारिता । दीर्घिका प्रादुर्बभूव । सुतो नीरं पायितः । वृद्धेनोक्तम्-अहं क्षुधितः । तत्राम्रः प्रकटीबभूव । तत्र सहकारलुम्बिं गृहीत्वा पुत्रायार्प्पयत् । इतः पाश्चात्ये प्रियमायान्तं दृष्ट्वा भीता श्रीनेमिपादौ स्मृत्वा कूपे पुत्रैः सह झम्पां ददौ । सोऽपि स्त्री-

भ्रूणघातिनं स्वं मन्यमानः पृष्ठौ झम्पां ददौ । अम्बा रैवतके श्रीनेमिचैत्येऽधिष्ठात्री जाता । सोमस्तस्या वाहनो सिंहो जातः ।

।। इति देव्यम्बाप्रबन्धः ।।

સૌરાષ્ટ્ર દેશમાં કોડીનાર નગરમાં સોમભટ્ટ બ્રાહ્મણ હતો. તે દેવશર્મા બ્રાહ્મણ શ્રાવકની અંબિકા નામની પુત્રીને પરણ્યો હતો. તેને બે પુત્રો હતા. એક વખત તેના ઘરે કાંઇક પર્વ હતું ત્યારે રસોઇ બનાવ્યે છતે બે મુનિ ભગવંતો વહોરવા માટે આવ્યા. સાસુ ઘરે ન હતી. અંબાએ ઘણી ભક્તિપૂર્વક વહોરાવ્યું. પાડોશીએ સાસુ આગળ કહ્યું, 'અગ્નિ પૂજ્યા વિના અને બ્રાહ્મણોને જમાડ્યા વિના હલકા વ્યકિતને ભોજન આપ્યું, તેથી આ વહુ સારી નથી' (એમ વિચારીને) સાસુએ રાડો પાડી. સોમભટ્ટ આવ્યો ત્યારે (તેને પણ) કહ્યું. તેણે મારીને બહાર કાઢી. તે અંબિકા બંને દિકરાઓને લઈને, એકને કેડે ચડાવીને, બીજાને આંગળી પકડીને, બહાર નીકળી.

ત્યારપછી પશ્ચાત્તાપ વડે સાસુએ દીકરાને પાછળ મોકલ્યો. કહ્યું, 'જલ્દી જઈને લઈ આવ.'

આ બાજુ તરસ્યા થયેલા નાના દિકરાએ પાણી માંગ્યું. અંબિકાએ નેમિનાથ ભગવાનને યાદ કરીને પગ વડે પૃથ્વી ખોદી ત્યાં વાવડી પ્રગટ થઈ. દીકરાને પાણી પાયું. મોટા દિકરાએ કહ્યું, 'હું ભુખ્યો થયો છું,' ત્યાં આંબો પ્રગટ થયો. તેમાંથી આંબાની લુંબ ગ્રહણ કરીને, પુત્રને આપી.

આ બાજુ પતિને પાછળ આવતો જોઈને ભય પામેલી અંબિકાએ, ભગવાનનું સ્મરણ કરીને બંને પુત્રો સાથે કુવામાં કુદકો માર્યો. તેના પતિએ પણ પોતાને પત્ની-પુત્રનો ઘાતક

માની પાછળ જ કુવામાં ઝંપલાવ્યું. અંબિકા રૈવતગિરિ ઉપર શ્રી નેમિનાથ ભગવાનના જિનાલયમાં અધિષ્ઠાત્રી થઈ. સોમભટ્ટ તેનું વાહન સિંહ થયો.






(બૌદ્ધો પાસેથી દિગમ્બરો અને દિગમ્બરો પાસેથી ઉજ્જ્યંતગિરિ આપણા હાથમાં લેવા માટે કેટલા બલિદાન દેવાયા છે તથા કેટલો પરિશ્રમ લઈને તીર્થ મળ્યું છે, એ સંબંધ હવે કહેવાય છે.)


## ઉજ્જ્યન્તતીર્થાત્મકરણ પ્રબન્ધ (૪૯મો પ્રબન્ધ)

सुराष्ट्रायां गोमण्डलन(ग)रे सप्तशतयोधैः सह सप्तपुत्रा-वृतस्त्रयोदशशतशकटयुतस्त्रयोदशकोटीस्वामी धारानामा श्रावकः सङ्घं कृत्वा तीर्थ(न)मस्यै गतः । विमलाद्रौ युगादिं नत्वा रैवततलहट्टिकायां स्थितः । तीर्थं दिग्वस्त्रैः पूर्वमधिष्ठितमस्ति । तैरपि पञ्चाशद्वर्ष-भोगात् पश्चाद्बौध्धान् वादे जित्वा आत्मायत्तं कृतम् । दिगम्बराणां द्वादशवर्षाणि जातानि । श्वेताम्बरीय-धाराकेनोक्तं चतुरशीतिमण्डलाचार्याणां समीपे-यदहं देवं नन्तुं समेतः । तैरुक्तम्-दिगम्बरीभूयागच्छ । तेनाचिन्ति-प्राणान्तेऽपि स्वगुरुलोपं न कुर्वे । अन्यदुज्ञयन्तनतिं विना गृहे न यामि । चिन्तार्त्तो जातः । पुत्रैरूचे-किं कारणम् ? । हे पुत्रास्तीर्थं नन्तुं न लभ्यते । पुत्रैरुक्तम् दिग्वस्त्राधिष्ठिते तीर्थेऽपि किं कार्यम् ? । तातेन कथितम्-पूर्वमात्मीयमेव, इदानीमेभिरधिष्ठितम् । एवं तर्हिं बलादपि यास्यामः, चिन्ता न कार्या ।





तत्पुत्रैर्मण्डलाचार्याणां कथापितम्-यद्वयं बलादपि तीर्थं वन्दिष्यामहे । तैर्निजभक्तखंगारस्य ज्ञापितम् । तेन किञ्चित्सैन्यं प्रहितम् । तैः पुत्रैस्तस्य सैन्येन साकं युद्धं प्रारब्धम् । सप्तपुत्राः सप्तशतयोधसहिता मारिताः । सङ्घपतिर्धाराको न भुङ्क्ते । तृतीयोपवासेऽम्बिकयाऽभाणि-वत्स ! कन्यकुब्जदेशे गोपालपुरे आमो राजा । स पूर्वभवे भूण्डपर्वते तपस्वी तपस्तप्त्वा नृपोऽभूत् । तस्य पार्श्वे बप्पभट्टिसूरयः सन्ति । तैरेते जीयन्ते नान्येन । एतेषां मन्त्रा व्यन्तराश्च सबलाः । इति ज्ञात्वा तत्र गच्छ । धाराकः सङ्घं मुक्त्वाऽष्टश्रावकैः सह तत्र गतः । श्रीसूरयस्तदा आमराजस्य सभायाश्चाग्रे रसेन व्याख्यां कुर्वाणाः सन्ति । धाराकेन नत्वा सङ्घाज्ञा तेषां दत्ता । राज्ञा साक्षेपमैक्षिष्ट । आचार्यैस्तत्पार्श्वतो वृत्तान्तः पृष्टः । तेन समूलं वृत्तान्तमुक्तम् । राज्ञा स्वभावश्रवणरैवतप्रभावाकर्णनहर्षपूरवशादभिग्रहो गृहीतः-श्रीनेमिनतिं विना न भोक्ष्ये । तद्भार्यया कमलादेव्या कथितम्-सोमेश्वरनमस्करणं विना न भोक्ष्ये । ततः सर्वेऽपि चलिताः । लक्ष १ पोठियां, उष्ट्रसहस्र २०, हस्ति ७००, घोटक लक्ष १, पदाति लक्ष ३, श्रावकसहस्र २० । राजा त्रिंशत्तमे दिने स्तन्भतीर्थे आगतः । रात्रावम्बिकयाऽभाणि-राजन् ! श्रीनेमिस्तव सत्त्वेनात्रैष्यति । प्रभाते पारणं कार्यम् । यत्र च गूहली पुष्पप्रकरश्चोपरि त्वया तत्र खनितव्यं हस्तेन नेमिः प्रग(क)टीभविष्यति । प्रभाते तदेव जातम् । नेमिं






नतः । राजपत्न्याऽभाणि-स्वामिन् ! पारणं क्रियताम् । त्वां विना कथं करोमि । तत् क्षणात्सोमेश्वरलिङ्गः प्रादुरभूत् । तद्दिने नदीस्थाने सोमनाथेन च्छिरा (?) नीतो अभिज्ञानाय । तत्रेभ्यानां देवकुलद्वयकृते द्रव्यमर्पितम् । एतस्मिन्पुरे प्रासादद्वयं कारयितव्यम् । यथा वलमानाः पश्यामः । ततः प्रयाणकं जातम् । सङ्घसमीपे मानुषं प्रहितम् । सूरिभिर्मण्डलाचार्यपार्श्वे- यदि युध्यते तदा बहुजीवसंहारो भवति; अतो वादे जय-पराजयौ ज्ञेयम् । सभ्याः कृताः । मासं यावद्वादो जातः । श्रीनृपेण धाराकेन च प्रभूणामग्रे विज्ञप्तम्- बहवो दिना जाताः । प्रभुणाऽभाणि-अद्य निर्वाहयिष्यामि । एकत्रिंशे दिने प्रभुणा भणितं मण्डलाचार्याग्रे-यदद्य मण्डले कुमारी उपवेश्या । कुमारी यस्य तीर्थं दत्ते तस्य तीर्थं जातम् । तैर्भणितम्- एतत्प्रमाणम् । प्रथमं दिग्वस्त्रैर्मण्डले मण्डिता कुमारी । पात्रं नापूरि तैः । ततः श्रीबप्पभट्टसूरयो वसतौ ध्याने उपविष्टाः । सङ्घेशो वासान् दत्त्वा प्रहितः । तेन कन्याशीर्षे वासाः क्षिप्ताः । ततः पात्रेणाभाणि-

इक्कोवि नमुक्कारो जिणवरवसहस्स वद्धमाणस्स ।
संसारसागराओ तारेइ नरं व नारिं वा ।।
उज्जिंतसेलसिहरे दिक्खा नाणं निसीहिआ जस्स ।
तं धम्मचक्कवट्टिं अरिट्ठनेमिं नमंसामि ।।

इति गाथाद्वयं तस्या मुखात्सर्वैरपि श्रुतम् । तद्दिनादात्मीयं तीर्थं सञ्जातम् ।

।। इति उज्जयन्ततीर्थात्मकरणप्रबन्धः ।।





સૌરાષ્ટ્રદેશમાં ગોમંડલનગરમાં (રહેનાર) સાતસો યોદ્ધાઓ અને સાત પુત્રથી પરિવરેલ, ૧૩૦૦ ગાડા અને ૧૩ કરોડ દ્રવ્યનો સ્વામી ધાર નામનો શ્રાવક સંઘ લઈને, તીર્થને નમસ્કાર કરવા આવ્યો. શત્રુંજય પર્વત પર શ્રી ઋષભદેવ ભગવાનને નમીને રૈવતગિરિની તળેટીએ રહ્યો.

તે તીર્થ પહેલાંથી (ત્યારે) દિગમ્બરો વડે અધિષ્ઠિત હતું તેઓએ પણ પચાશ વર્ષના ભોગવટા પછી બૌદ્ધોને વાદમાં જીતીને પોતાને આધીન કરેલું. દિગમ્બરોને બાર વર્ષ થયા હતા. શ્વેતાંબરીય ધાર શ્રાવકે ૮૪ મંડલાચાર્યોની આગળ કહ્યું કે, ''હું નેમિનાથ ભગવાનને નમવા માટે આવ્યો છું.'' તેઓએ કહ્યું, ''દિગમ્બર થઈને આવ.'' તેના વડે વિચારાયું, 'પ્રાણાન્તે પણ પોતાના ગુરૂને નહિં છોડું અને ઉજ્જયન્તગિરિને નમ્યા વગર ઘરે પાછો પણ નહિં જાઉં', ચિંતાતુર થયો.

પુત્રોએ પૂછ્યું, ''શું કારણ છે ?''


ધારે કહ્યું, ''હે પુત્રો ! તીર્થને નમવા મળતું નથી.''

પુત્રોએ કહ્યું, ''દિગમ્બરોથી અધિષ્ઠિત તીર્થમાં આપણે શું કામ છે ?''

પિતાએ કહ્યું, ''પહેલાં આપણું જ હતું, હમણાં એ લોકોએ પોતાનું કર્યું છે.''

પુત્રોએ કહ્યું, ''એમ છે તો બલાત્કારે પણ વંદન કરવા જઈશું, ચિંતા ન કરો.''

ધારના પુત્રો વડે મંડલાચાર્યોને કહેવડાવાયું કે 'અમે બળાત્કારે તીર્થને વંદન કરીશું,' તેઓએ પોતાના ભક્ત ખંગારને જણાવ્યું. તેના વડે થોડું સૈન્ય મોકલાવાયું, ધારના પુત્રો વડે






તેના સૈન્યની સાથે યુધ્ધ કરાયું. સાતસો સૈનિકો સહિત સાતે દિકરા મરાયા. સંઘપતિ ધાર જમતો નથી. ત્રીજા ઉપવાસે અંબિકા વડે કહેવાયું, ''વત્સ ! કન્યકુબ્જ દેશમાં ગોપાલપુરમાં આમ (નામનો) રાજા છે તે પૂર્વભવમાં ભૂંડપર્વત ઉપર તપસ્વી હતો, તપ તપીને, ત્યાંથી મરીને, રાજા થયો છે. તેની પાસે બપ્પભટ્ટસૂરિજી મહારાજ છે. તેઓ વડે આ લોકો જીતાશે, બીજા વડે નહિં. આ લોકોના મંત્રો અને વ્યંતરો બલવાન છે. આ જાણીને ત્યાં જા.''

ધાર સંઘને ત્યાં મૂકીને, આઠ શ્રાવકો સાથે ત્યાં ગયો. તે વખતે આચાર્ય મહારાજ આમ રાજા અને સભાની આગળ રસપૂર્વક વ્યાખ્યાન કરતા હતા. રાજા વડે આક્ષેપ સહિત (અણગમાથી) જોવાયું. આચાર્ય મહારાજે તેને વૃતાંત પૂછ્યો. તેના વડે સઘળો વૃતાન્ત કહેવાયો. સાંભળવાના સ્વભાવવાળા રાજાએ રૈવતગિરિનો પ્રભાવ સાંભળીને, હર્ષના પૂરને વશ થઈ, અભિગ્રહ ધારણ કર્યો કે, 'શ્રી નેમિનાથ ભગવાનને નમસ્કાર કર્યા વિના જમીશ નહિં.' તેની પત્ની કમલાદેવીએ કહ્યું, 'સોમેશ્વર = સોમનાથ મહાદેવને નમ્યા વિના જમીશ નહિં.'

ત્યારપછી ૧ લાખ પોઠીયા, ૨૦ હજાર ઉંટ, ૭૦૦ હાથી, ૧ લાખ ઘોડા, ૩ લાખ પાયદળ, ૨૦ હજાર શ્રાવકો સાથે બધાએ પ્રયાણ કર્યું. ત્રીસમે દિવસે રાજા સ્તંભન તીર્થે = ખંભાત નગરે આવ્યા.

રાત્રે અંબિકાદેવીએ આવીને કહ્યું, ''રાજન્ ! તારા સત્ત્વ વડે શ્રી નેમિનાથ ભગવાન અહિં આવશે. સવારે પારણું કરજે. જ્યાં ગહુંલી અને ઉપર પુષ્પનો ઢગલો હોય ત્યાં ૧ હાથ જેટલું તારે ખોદવું શ્રી નેમિનાથ ભગવાન પ્રગટ થશે.'' સવારે તે જ



પ્રમાણે થયું. નેમિનાથ ભગવાનને નમસ્કાર કર્યો. રાણી વડે કહેવાયું, ''સ્વામી પારણું કરો.'' રાજાએ કહ્યું, ''તારા વિના કેમ કરૂં ?'' તે જ ક્ષણે સોમનાથનું લિંગ પ્રગટ થયું. ત્યાં શ્રાવકો દ્વારા બંને દેવકુલ બનાવવા માટે (રાજાએ) પૈસા આપ્યા. (અને કહ્યું) ''આ નગરમાં બંને મંદિર કરાવજો જેથી પાછા વળતાં જોઇ લઇએ.'' પછી ત્યાંથી પ્રયાણ થયું.

(ગિરનાર પહોંચ્યા) સંઘ પાસે માણસ મોકલ્યો. આચાર્ય મહારાજે મંડલાચાર્યને કહેવડાવ્યું કે 'જો યુધ્ધ કરશો તો ઘણા માણસોનો સંહાર થશે. આથી વાદમાં જય-પરાજય જાણીએ.' સભ્ય નક્કી કરાયા. એક મહિનો વાદ થયો. આમ રાજા અને ધારા શ્રાવક વડે આચાર્ય મહારાજને વિનંતિ કરાઇ કે ઘણા દિવસો થયા. આચાર્ય મહારાજે કહ્યું કે, ''આજે નિવેડો લાવીશ.''

એકત્રીસમા દિવસે આચાર્ય મહારાજે મંડલાચાર્ય આગળ કહ્યું કે, ''આજે માંડલામાં કુમારી કન્યા બેસાડવી, કુમારી જેને તીર્થ આપે તેનું તીર્થ થાય.'' તેઓએ કહ્યું, ''કબૂલ છે.''


પહેલાં દિગમ્બરોએ મંડલમાં કુમારીને શણગારી, તેઓ વડે પાત્ર ન પૂરાયું (અર્થાત્ કોઈનો પ્રવેશ કુમારીમાં થયો નહિં.) ત્યારપછી શ્રી બપ્પભટ્ટસૂરીજી ઉપાશ્રયમાં ધ્યાનમાં બેઠા, સંઘપતિને વાસક્ષેપ આપીને મોકલ્યા, તેમના વડે કન્યાના માથે વાસક્ષેપ નખાયો. ત્યારપછી પાત્ર વડે અર્થાત્ અંદર પ્રવેશેલ દેવ વડે કહેવાયું, <u>इक्कोवि नमुक्कारो</u> ઇત્યાદિ બે ગાથા તેના મુખથી બધાએ સાંભળી, તે દિવસથી તીર્થ આપણું થયું.



## વિ.સ. ૧૩૮૯ માં આ. જિનપ્રભસૂરિ વિરચિત અંબિકાદેવી કલ્પ

सिरिउज्जयंतगिरिसिहर सेहरं पणमिऊण नेमिजिणं ।
कोहंडिदेविकप्पं लिहामि वुड्ढोवएसाओ ।। १ ।।

अत्थि सुरट्ठाविसए घणकणयसंपन्नजिणसमिद्धं कोडीनारं नाम नयरं । तत्थ सोमो नाम रिद्धिसमिद्धो छकम्मपरायणो वेआगमपारगो बंभणो हुत्था । तस्स घरिणी अंबिणीनामा महग्घसीलालंकारभूसिअसरीरा आसि । तेसिं विसयसुहमणुहवंताणं उप्पन्ना दुवे पुत्ता । पढमो सिद्धो बीओ बुद्धु त्ति । अन्नया समागए पिअरपक्खे भट्टसोमेणं निमंतिआ बंभणा सद्धदिणे । कत्थ वि ते वेअमुच्चारंति, कत्थ वि आढवंति पिंडप्पयाणं, कत्थ वि होमं करिंति, वइसदेवं च । संपाडिआ सालिदालि-वंजणपक्कन्नमेअखीरिखंडपमुहा जेमणारा अंबिणीए अ । सासुआ ण्हाणं काउं पयट्टा । तंमि अवसरे एगो साहू मासोववासपारणए तंमि घरे भिक्खट्ठा संपत्तो । तं पलोइत्ता हरिसभरनिब्भरपुलइअंगी उट्ठिआ अंबिणी ।



पडिलाभिओ तीए मुणिवरो भत्तिबहुमाणपुव्वं अहापवित्तेहि भत्तपाणेहि । जाव गहिअभिक्खो साहू वलिओ, ताव सासुआ वि ण्हाऊण रसवईठाणमागया । न पिच्छइ पढमसिहं । तओ तीए कुविआए पुट्ठा बहुआ । तीए जहट्ठिए वुत्ते, अंबाडिआ सा अज्जूए; जहा-पावे! किमेअं तए कयं ? । अज्ज वि कुलदेवया न पूईआ, अज्ज वि न भुंजाविआ विप्पा, अज्ज वि न भरिआइं पिंडाइं, अग्गसिहा तए किमत्थं साहुणो दिन्ना ? तओ तीए भणिओ सव्वो वि वइअरो सोमभट्टस्स । तेण रुट्ठेण अप्पच्छंदिअ त्ति निक्कालिआ गिहाओ सा । परिभवदूमिआ सिद्धं करंगुलीए धरित्ता बुध्धं च कडीए चडावित्ता चलिआ नयराओ बाहिं । पंथे तिसाभिभूएहिं दारएहिं जलं मग्गिआ, जाव सा अंसुजलपुण्णलोअणा संवुत्ता, ताव पुरओ ठिअं सुक्कसरोवरं तस्सा अणग्घेणं सीलमाहप्पेणं तक्खणं जलपूरिअं जायं । पाइआ दो वि सीअलं नीरं । त्तओ छुहिएहिं भोअणं मग्गिआ बालएहिं । पुरओ ठिओ सुक्कसहयारतरू तक्खणं फलिओ । दिन्नाइं फलाइं अंबिणीए तेसिं । जाया ते सुत्था ।

जाव सा चूअच्छायाए वीसमइ ताव जं जायं तं निसामेह । तीए जे बालयाई पढमं जेमाविआ तेसिं भुत्तुत्तरं पत्तलीओ तीए बाहिं उज्झिआओ आसि, ताओ सीलमाहप्पा कंपिअमणाए सासणदेवयाए सोवण्णथाल-कच्चोलयरूवाओ कयाओ । जे अ उच्छिट्ठसित्थकणा

भूमीए पडिआ ते मुत्तिआइं संपाइआइं । अग्गिसिहा य पिढरेसु तहेव दंसिआ । एयमच्चु(च्च)ब्भुअं सासूए दट्ठूण निवेइअं सोमविप्पस्स । सिट्ठं च, जहा-वच्छ ! सुलक्खणिआ पइव्वया य एसा वहू । ता पच्चाणेहि एअं कुलहरं ति जणणीपेरिओ पच्छायावानलडज्झंत-माणसो गओ वहुअं वालेउं सोमभट्टो । तीए पिट्ठओ आगच्छंतं दिअवरं निअवरं दट्ठूण दिसाओ पलोईआओ । दिट्ठओ अग्गओ मग्गकूवओ । तओ जिणवरं मणे अणुसरिऊण सुपत्तदाणं अणुमोअंतीए अप्पा कूवंमि झंपाविओ । सुहज्झवसाणेण पाणे चईऊण उप्पन्ना कोहंडविमाणे सोहम्मकप्पहिट्ठे चउहिं जोअणेहिं अंबिअदेवी नाम महड्ढिआ देवी । विमाणनामेणं कोहंडी वि भन्नइ । सोमभट्टेणं वि तीसे महासईए कूवे पडणं दट्ठुंअप्पा तत्थेव झंपाविओ । सो अ मरिऊण तत्थेव जाओ देवो । आभिओगिअकम्मुणा सिंहरूवं विउव्वित्ता तीसे चेव वाहणं जाओ । अन्ने भणंति-अंबिणी रेवयसिहराओ अप्पाणं झंपा-वित्था, तप्पिट्ठओ सोमभट्टो वि तहेव मओ । सेसं तं चेव ।

सा य भगवई चउब्भुआ दाहिणहत्थेसु अंबलुंबि पासं च धारेइ । वामहत्थेसु पुण पुत्तं अंकुसं च धारेइ । उत्तत्तकणयसवण्णं च वण्णमुव्वहइ सरीरे । सिरिनेमि-नाहस्स सासणदेवय त्ति निवसइ रेवइगिरिसिहरे । मउड-कुंडलमुत्ताहलहाररयणकंकणनेउराइसव्वंगीणाभरणरमणिज्जा

पूरेइ सम्मदिट्ठीण मणोरहे, निवारेइ विग्घसंघायं । तीए मंतमंडलाईणि आराहिंताणं भविआणं दीसंति अणेगरूवाओ रिद्धिसिद्धीओ । न पहवंति भूअपिसाय-साइणी विसमग्गहा, संपज्जंति पुत्तकलत्तमित्तधणधन्नरज्ज-सिरीओ त्ति ।

एवं अंबादेवीमंता अप्परक्खा-पररक्खा विसया सुमरणाजुग्गा मग्गखेमाइगोअरा य बहवो चिट्ठंति ।

ते अ, तहा मंडलाणि अ, इत्थ न भणिआणि गंथवित्थरभएणं ति गुरुमुहाओ नायव्वाणि ।

एअं अंबियदेवीकप्पं अविअप्पचित्तवित्तीणं ।
वायंतसुणंताणं पुज्जंति समीहिआ अत्था ।। १ ।।

।। इति श्रीअंबिकादेवीकल्पः समाप्तः ।।

શ્રી ઉજ્જયંતગિરિ શિખરના મુગટ સમાન શ્રી નેમિનાથ ભગવાનને પ્રણામ કરીને વૃધ્ધ પુરૂષોના આદેશથી કોહંડી = કુષ્માંડી = અંબિકા દેવીનો કલ્પ હું લખું છું.

સૌરાષ્ટ્રદેશમાં ધનકંચનથી સંપન્ન લોકોથી સમૃદ્ધ કોડીનાર નામનું નગર છે. ત્યાં ઋદ્ધિથી સમૃદ્ધ, ષટ્કર્મમાં પરાયણ, વેદનો પારગામી સોમ નામનો બ્રાહ્મણ હતો. તેને અમૂલ્ય શિયલ રૂપી અલંકારથી શોભતી અંબિકા નામની પત્ની હતી. વિષયસુખને અનુભવતા તેઓને બે પુત્રો થયા. પહેલાનું નામ સિદ્ધ અને બીજાનું નામ બુદ્ધ હતું.


એક વખત પિતૃપક્ષ આવે છતે (અથાર્ત્ ભાદરવા મહિનામાં શ્રાદ્ધના દિવસો આવે છતે) શ્રાદ્ધના દિવસે સોમદેવ ભટ્ટે બ્રાહ્મણોને નિમંત્રણ આપ્યું. તે બ્રાહ્મણો કયાંક વેદ ઉચ્ચારે



છે, કયાંક પિંડ પ્રદાન કરે છે, કયાંક હોમ કરે છે, કયાંક અગ્નિ પ્રગટાવે છે.

અંબિકા વડે ભાત-દાળ-શાક-વિવિધ પક્વાન્ન-ખીર વગેરે રસોઇ તૈયાર કરાઈ. તેની સાસુ સ્નાન કરવા ગઇ હતી. તે અવસરે માસક્ષમણના તપસ્વી એક સાધુ તેના ઘરમાં ભિક્ષા માટે આવ્યા. તેમને જોઇને હર્ષથી રોમાંચિત શરીરવાળી અંબિકા ઉભી થઇ. તેણે ભક્તિ-બહુમાનપૂર્વક યથાપ્રવૃત્ત=નિર્દોષ ગોચરી પાણી મુનિને વહોરાવ્યા. ભિક્ષા ગ્રહણ કરીને સાધુ જયારે પાછા ફર્યા ત્યારે સાસુ પણ સ્નાન કરીને રસવતી સ્થાને આવી અને પ્રથમ શિખા ન જોઇ(અર્થાત્ રસોઇના વાસણો થોડા ખાલી જોયા) ત્યારે ગુસ્સે થયેલી તેણે વહુને પૂછ્યું, તેણે યથાર્થ કહે છતે સાસુએ તિરસ્કાર કર્યો અને કહ્યું, ''હે પાપી ! તારા વડે આ શું કરાયું ? હજી કુલદેવતા પૂજ્યા નથી, હજી બ્રાહ્મણો જમાડ્યા નથી, હજી પિંડ ધર્યા નથી, તો પણ તેં ભોજન સાધુને કેમ આપ્યું ?''

ત્યાર પછી તેણે બધી જ વાત સોમભટ્ટને કહી, રોષિત થયેલા તેણે ''સ્વચ્છંદી'' એમ કહીને તેણીને ઘરથી બહાર કાઢી. પરાભવથી દુઃખી થયેલી અંબિકા સિદ્ધની આંગળી પકડી બદ્ધને કેડે ચડાવીને નગરની બહાર ચાલી. માર્ગમાં તરસથી પીડાતા દિકરાઓએ પાણી માંગ્યું. તેથી તે અંબિકા જેટલામાં આંસુ રૂપી જલથી ભરેલા નેત્રવાળી થઇ તેટલામાં આગળ રહેલું સૂકાઇ ગયેલું સરોવર તે અંબિકાના મહામૂલ્યવાન શીયલના માહાત્મ્ય વડે તત્ક્ષણ જલથી ભરેલું થયું. તેથી બંને દિકરાઓને તે ઠંડુ પાણી પાયું. ત્યારપછી ભૂખ્યા થયેલા બાળકોએ ભોજન માંગ્યું ત્યારે આગળ રહેલું સૂકાયેલું આંબાનું વૃક્ષ ફળ્યું. અંબિકાએ તેઓને આંબાના ફળો આપ્યા. તે બંને બાળકો તેનાથી સ્વસ્થ થયા.






હવે તે અંબિકા આંબાના વૃક્ષ નીચે જેટલામાં વિશ્રામ કરતી હતી ત્યારે શું થયું ? તે સાંભળો.

તે અંબિકા વડે જે બાળકો પહેલા જમાડાયા હતા તેની પતરાળી અર્થાત્ તે વાસણો બહાર મુકેલા હતા, તે બધા વાસણો તે અંબિકાના શિયલના પ્રભાવે, હાજર થયેલા શાસનદેવીએ સોનાના થાળી-વાટકા કરી દીધા. જે કણિયા જમીન ઉપર પડેલા તે મોતી રૂપે કરી દીધા અને વાસણો આખા ભરેલા દેખાડયા. આ અદ્‌ભૂતતા જોઈને સાસુએ સોમ બ્રાહ્મણને જણાવ્યું અને કહ્યું કે, ''હે વત્સ ! આ વહુ તો સુલક્ષણી અને પતિવ્રતા છે તેથી કુલધરા છે, તેને તું પાછી લાવ.''

આ પ્રમાણે માતાથી પ્રેરાયેલો, પશ્ચાતાપ રૂપી અગ્નિમાં બળતો સોમભટ્ટ પત્નીને પાછી વાળવા ગયો. તે અંબિકાએ પાછળ આવતા પોતાના બ્રાહ્મણ પતિને જોઈને ચારે દિશામાં જોયું. તેમાં આગળ ઉંડો કૂવો જોયો. તેથી જિનેશ્વર ભગવાનને મનમાં યાદ કરીને સુપાત્ર દાનની અનુમોદના કરતી તેણે જાતે કુવામાં ઝંપલાવ્યું. શુભધ્યાનથી પ્રાણ ત્યાગ કરીને, સૌધર્મ દેવલોકમાં ચાર યોજન નીચે 'કુષ્માંડ' નામના વિમાનમાં 'અંબિકા' નામની મહર્ધિક દેવી થઈ. વિમાનના નામથી કુષ્માંડી દેવી પણ કહેવાય છે.

મહાસતીને કુવામાં પડતી જોઈને સોમભટ્ટે પોતે પણ તે જ કુવામાં ઝંપલાવ્યું. તે પણ મરીને ત્યાં દેવ થયો. આભિઓગિક કર્મથી સિંહનું રૂપ વિકુર્વીને તે દેવીનો જ વાહન થયો.

કેટલાક કહે છે કે, અંબિકાએ રૈવતગિરિના શિખરેથી ઝંપલાવ્યું તેની પાછળ પતિ પણ એ જ રીતે મૃત્યુ પામ્યો. બાકીનું બધું તે જ પ્રમાણે.






તે અંબિકાદેવી ચારભુજાવાળી છે. તેમાં જમણા હાથમાં આંબાની લુંબ અને પાશ ધારણ કરે છે. ડાબા હાથમાં પુત્ર તથા અંકુશને ધારણ કરે છે. શ્રી નેમિનાથ ભગવાનની શાસન દેવી છે, આથી રૈવતગિરિના શિખર ઉપર વસે છે. મુગટ, કુંડલ, મોતીઓના હાર, રત્નકંકણ, ઝાંઝર આદિ સર્વ અંગોના આભૂષણોથી મનોહર એવી તે દેવી સમ્યગ્દષ્ટિ જીવોના મનોરથ પૂરે છે. વિઘ્નોના સમૂહને દૂર કરે છે. મંત્ર-મંડલાદિ વડે આરાધનારા ભવ્યજીવોને અનેક પ્રકારની રિદ્ધિ-સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. ભૂત-પિશાચ-શાકિની-વિષમગ્રહો હેરાન કરતા નથી. પુત્ર-પત્નિ-મિત્ર(અર્થાત્ પરિવાર)-ધન-ધાન્ય-રાજ્યલક્ષ્મી પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે અંબિકાદેવીના મંત્રો માર્ગક્ષેમાદિ વિષયવાળા ઘણા છે તે પોતાની રક્ષા કે બીજાની રક્ષા માટે સ્મરવા યોગ્ય છે. તે મંત્રો તથા મંડલો અહીં ગ્રંથ વિસ્તારના ભયથી જણાવ્યા નથી, તે ગુરૂમુખથી જાણવા.

આ પ્રમાણે અંબિકાદેવી કલ્પ એકાગ્રતાથી વાંચનાર અને સાંભળનારના ઈચ્છિતો પૂર્ણ થાય છે.





(હવે ઉપદેશ સપ્તતિકા ગ્રંથમાં કહેલ અંબિકા દેવીનું દૃષ્ટાંત કહેવાય છે.)

## શ્રીમત્ સોમધર્મગણિ વિરચિતા
## ઉપદેશ સપ્તતિકા (વિ.સં. ૧૫૦૩)

### પ્રથમ અધિકારમાં સમ્યક્ત્વ ઉપર ત્રીજો ઉપદેશ

श्रीवीतरागस्मरणैकताना, भवन्ति ये ते सुखभाजनं स्युः ।
यथाम्बिका रैवतदैवतं श्रीनेमिं स्मरन्ती भवति स्म देवी ।।१।।

सुराष्ट्रविषये कोटीनारनाम्नि पुरेऽभवत् ।
सोमभट्ट इति ख्यातो, मिथ्यादृग् द्विजपुङ्गवः ।। १ ।।


देवशर्माख्यभूदेवतनया विनयान्विता ।
अम्बिका तस्य भार्याऽभूदभङ्गसुभगाकृतिः ।। २ ।।

परं सा श्राविका शीलसम्पन्ना परमार्हती ।
तयोर्द्वयोरपि प्रीतिस्तेन मन्दायते भृशम् ।। ३ ।।

तथापि तेन सार्द्धं सा, भुञ्जाना भोगजं सुखम् ।
तनयौ जनयामास, शुभङ्करविभङ्करौ ।। ४ ।।

अन्यदा पर्वणि क्वापि, सज्जीभूते च भोजने ।
श्वश्र्वामन्यत्र जग्मुष्यामम्बिकैव गृहेऽभवत् ।। ५ ।।

तत्र चावसरे प्राप्तौ, साधू तैरशनादिभिः ।
पुण्यवत्या तया स्वैरं, सभक्तिप्रतिलाभितौ ।। ६ ।।





यतः

उत्तमपत्तं साहू, मज्झिमपत्तं तु सावया भणिया ।
अविरयसम्मद्दिट्ठि, जहन्नपत्तं मुणेयव्वं ।। १ ।।

गलद्रसं मधूकं दृष्ट्वा भोजं प्रति धनपालोक्तिरपि यथा

यदास्ति पात्रं न तदास्ति वित्तं, यदास्ति वित्तं न तदास्ति पात्रम् ।
एवं हि चिन्तापतितो मधूको, मन्येऽश्रुपातै रुदनं करोति ।। १ ।।

महुअदुमोवि हु रोयइ, फलोदएणावि पत्तरहिएण ।
नूणं अभव्वजीवा, दाणावसरं न पावंति ।। १ ।।

पत्तसरीरा जे फलइं, सहीयते सुंदरचूअ ।
पत्त विहूणा जे फलइं, ते अ महू अमहू अ ।। २ ।।

आगच्छन्त्येव सा श्वश्रू-स्तद्वृत्तं ज्ञापिता रयात् ।
कयाचित्प्रातिवेश्मिक्या, रुष्टा चुक्रोश तामिति ।। ७ ।।


किमकारि त्वया पापे !, गृहमभ्याटितं मम ।
विनाशितानि धान्यानि, तदरे ! याहि मद्गृहात् ।। ८ ।।

एवं तयाऽम्बिकाकृष्टा लात्वा पुत्रौ च तौ लघू ।
प्रच्छन्नं निर्ययौ गेहा-न्मरणे कृतनिश्चया ।। ९ ।।

उज्जयन्तपतिश्रीम-न्नेमिध्याननिबद्धधीः ।
पिपासिताभ्यां पुत्राभ्या-मियं नीरमयाच्यत ।। १० ।।

भूमिं विदार्य पादाभ्यां, नीरमाकृष्य निर्म्मलम् ।
पुत्रौ पायितवत्येषा, निजशीलानुभावतः ।। ११ ।।

एवं बुभुक्षितावेतौ, शीलस्यैव प्रभावतः ।
निष्पाद्य फलितं चूतं, सुहितौ विदधेतमाम् ।। १२ ।।





अथ प्राप्तो गृहे सोम-भट्टोऽपि ब्राह्मणाग्रणीः ।
भार्यामपश्यन्नप्राक्षी-न्मातरं सा गता क्व तु ? ।। १३ ।।

सदौर्मनस्यं साप्याह, तत्स्वरूपं च मूलतः ।
उद्घाट्यालोकते याव-दन्नभाण्डानि स द्विजः ।। १४ ।।

तावत्तान्यन्नपूर्णानि, वीक्ष्य विस्मितमानसः ।
सानुतापः क्षणादानु-पदिकोऽभूत्तदऽध्वना ।। १५ ।।

क्वेदं कलत्ररत्नं मे, भावीति विमृशन्मुहुः ।
त्वरितत्वरितं गच्छं-स्तामपश्यत् प्रियां पुरः ।। १६ ।।

यावदाह्वयते गाढ-शब्दैर्मा याहि हे प्रिये ! ।
न ते किञ्चित्करिष्यामि, विरूपमिति भाषिते ।। १७ ।।

अम्बिकापि तमायान्तं, वीक्ष्य विश्वासदुष्टधीः ।
कदर्थयित्वा मामेष, मारयिष्यत्यसंशयम् ।। १८ ।।

चिन्तयन्तीति निर्माय, शरणं नेमिनं जिनम् ।
पपात कूपे सौत्सुक्य-मादाय तनयावपि ।। १९ ।।


भट्टोऽपि किमिदं देवि ! त्वया पामरचेष्टितम् ।
कृतमित्युच्चरन् भूय-स्तत्रैव पतितः क्षणात् ।। २० ।।

श्रीनेमिशासने रक्षा-कारिणी विघ्नवारिणी ।
अम्बिका व्यन्तरी जाता, भट्टस्तस्यास्तु वाहनम् ।। २१ ।।

तस्या निदेशतस्तस्मिन्, सिंहरूपविधायिनि ।
आरूढा क्रीडति स्वैरं, शिरस्थजिनमूर्तियुक् ।। २२ ।।

बहुश्रुतेभ्य आकर्ण्य, किञ्चिद् द्रष्ट्वा च किञ्चन ।
प्रबन्धादौ मयाऽलेखि, सम्बन्धोऽयं प्रबोधकृत् ।। २३ ।।

एवं जिनध्यानपरायणायाः, श्रीअम्बिकाया अवधार्य वृत्तं ।
भो भव्यलोकाः विलसद्विवेकाः!, सदा जिनध्यानपरा भवन्तु ।२४।





જેઓ શ્રી વીતરાગ પ્રભુના સ્મરણમાં એકતાન થાય છે, તેઓ રૈવતગિરિના શ્રી નેમિનાથ ભગવાનને યાદ કરતી અંબિકા દેવીની જેમ સુખી થાય છે.


સૌરાષ્ટ્ર દેશમાં કોડીનાર નગરમાં સોમભટ્ટ નામનો મિથ્યાદષ્ટિ બ્રાહ્મણ હતો. વિનયવાળી અને અખંડ સૌભાગ્યવાળી, દેવશર્મા બ્રાહ્મણની પુત્રી અંબિકા તેની પત્ની હતી. તે શીલ (આચાર) થી યુક્ત પરમ જૈન શ્રાવિકા હતી. તે કારણે તે બંને (પતિ-પત્ની) નો પ્રેમ ઝાંખો થતો હતો. તો પણ તેની સાથે ભોગસુખને ભોગવતી તેને શુભંકર અને વિભંકર નામના બે પુત્રો થયા.

એકવાર કોઈક પર્વ દિવસે ભોજન તૈયાર થયું. ત્યારે જ તેની સાસુ બીજે કયાંક ગઈ અને અંબિકા એકલી જ ઘરે હતી. આ અવસરે ત્યાં બે સાધુ ભગવંતો પધાર્યા. તેથી તે ભોજન તેણે ઈચ્છા પ્રમાણે ભક્તિથી તે સાધુ ભગવંતોને વહોરાવ્યું.

કહ્યું છે કે- સાધુને ઉત્તમપાત્ર અને શ્રાવકોને મધ્યમપાત્ર કહ્યા છે. અને અવિરતસમ્યગ્દષ્ટિ જીવો જઘન્યપાત્ર જાણવા.

રસથી ગળતા મહુડાના વૃક્ષને જોઈને ભોજરાજાને ધનપાલ કવિએ કહ્યું કે- જ્યારે પાત્ર હોય છે ત્યારે ધન નથી હોતું અને જ્યારે ધન હોય છે ત્યારે પાત્ર નથી હોતું. આ પ્રમાણે ચિંતામાં પડેલો મહુડો જાણે કે (રસના બહાને) અશ્રુપાત કરતો રડી રહ્યો છે.

કહ્યું છે કે - ફળો આવી જવા છતાં પાંદડા (પત્ર=પાત્ર) ન હોવાથી મહુડાનું વૃક્ષ પણ રડે છે. ખરેખર ! અભવ્ય જીવો દાનનો અવસર પામતા નથી.






પાંદડાથી યુક્ત જે વૃક્ષ ફળે છે તે (પાત્રની ભક્તિ કરનારા) સુંદર આંબા જેવા દેખાય છે. અને પાંદડાથી રહિત જે ફળે છે તે (પાત્ર વિના ભક્તિ કરનારા) મધુર હોવા છતાં પણ અમધુર છે. (નકામા છે)

તે અંબિકાની સાસુ ઘરે આવતાં જ કોઈક પાડોસણે જલ્દીથી તે સાધુઓને ભોજન વહોરાવ્યાની વાત કહી. તેથી તે અંબિકા ઉપર ખૂબ જ ગુસ્સે થઈ.

''હે પાપીણી ! તે શું કર્યું ? મારૂં ઘર અભડાવ્યું અને મારૂં ભોજન નાશ પમાડ્યું. તેથી તું મારા ઘરમાંથી નીકળ.'' આ પ્રમાણે સાસુ વડે આક્રોશ કરાયેલી અંબિકા બંને દિકરાઓને લઈને, મરવાનો નિશ્ચય કરીને, કહ્યા વગર જલ્દીથી ઘરમાંથી બહાર નીકળી ગઈ. ઉજ્જ્યંતગિરિના સ્વામી શ્રી નેમિનાથ ભગવાનનું ધ્યાન કરવામાં એકાગ્ર બનેલી તેની પાસે તરસ્યા થયેલા બંને પુત્રોએ પાણી માંગ્યું. ત્યારે પગથી ભૂમિ ખોદીને પોતાના શિયળના પ્રભાવથી પાણી કાઢીને બંને પુત્રોને તેણે પાણી પાયું. એ જ પ્રમાણે શિયળના જ પ્રભાવથી આંબાના વૃક્ષને ફળવાળો બનાવીને ભુખ્યા થયેલા બંને પુત્રોને શાંત (સ્વસ્થ) કર્યા.

હવે, સોમભટ્ટ બ્રાહ્મણ ઘરે આવ્યો અને પત્નીને ન જોતાં માતાને પૂછ્યું કે, 'તે કયાં ગઈ ?', માતાએ દુઃખી મને તેણીની મૂલથી વાત કહી(તે સાંભળી) સોમભટ્ટે ભોજનના વાસણો ઉઘાડીને જોયા, તો બધા વાસણ અન્નથી ભરેલા જોઈને, પશ્ચાત્તાપ સહિત તરત જ પત્નીના માર્ગે પાછળ પાછળ ચાલ્યો, 'આવું પત્નિરત્ન મને ક્યાં મળશે ?' એમ વિચારતાં જલ્દી જલ્દી



જતાં તેણે આગળ પત્નીને જોઇ. જોતાંની સાથે બૂમ પાડીને કહ્યું, ''હે પ્રિયા ! તું ન જા, હું તને કાંઇ હેરાન નહિં કરું ?'' એમ કહે છતે અંબિકાએ તેને આવતો જોઇને વિચાર્યું કે, 'વિશ્વાસ ઉત્પન્ન કરીને નક્કી આ મને હેરાન કરીને મારશે.'

આ પ્રમાણે વિચારતી શ્રી નેમિનાથ ભગવાનનું શરણું નક્કી કરીને ઉત્સુક્તાથી બંને પુત્રોને લઇને તે કૂવામાં પડી. 'હે દેવી ! તારા વડે હલકા માણસો જેવું આ શું આચરાયું ?' એમ બોલતો બ્રાહ્મણ પણ (તેની પાછળ) તે જ કૂવામાં પડ્યો. તે અંબિકા મરીને શ્રી નેમિનાથ ભગવાનના શાસનમાં વિઘ્ન વારનારી, રક્ષા કરનારી, વ્યન્તરી થઇ અને બ્રાહ્મણ તેનું વાહન થયો. અંબિકાના આદેશથી સિંહરૂપ ધરનારા એવા તેની ઉપર આરૂઢ થયેલી અંબિકા માથા ઉપર પરમાત્માની મૂર્તિ રાખીને ઈચ્છા પ્રમાણે ક્રીડા કરે છે.

આ પ્રમાણે જિનેશ્વર ભગવાનના ધ્યાનમાં તત્પર આ અંબિકાનો બોધ આપનાર વૃતાંત કેટલોક જ્ઞાની ભગવંતો પાસેથી સાંભળીને, કેટલોક પ્રબન્ધાદિ ગ્રંથમાં જોઇને, મારા વડે લખાયો છે. તે સાંભળીને સુંદર વિવેકવાળા હે ભવ્યલોકો ! તમે હંમેશા જિનેશ્વરના ધ્યાનમાં તત્પર થાઓ.



(હવે ઉપદેશ સપ્તતિકા ગ્રંથમાં કહેલ શ્રી સજ્જન દંડનાયકે કરાવેલ ગિરનાર તીર્થના જિનાલયના જીર્ણોધ્ધારનો પ્રસંગ કહેવાય છે.)

## ઉપદેશ સપ્તતિકામાં દ્વિતીય તીર્થાધિકારમાં પ્રથમ ઉપદેશ

समुद्धरन्ति प्रथमानसम्मदाः, केऽपि स्ववित्तैर्जिनमन्दिराण्यपि ।
यथा कृतार्थद्रविणः स सज्जनः, श्रीनेमिचैत्यं गिरिनारपर्वते ।१।

सुराष्ट्राविषये जाम्बा-पुत्रः सज्ज्नसंज्ञितः ।
श्रेष्ठी श्रीमालवंशीयः, सदा शुभमनोरथः ।। १ ।।


नियुक्तः सिद्धराजेन, दण्डनायकतापदे ।
निवासं वामनस्थल्यां, कुरुते धर्म्मकर्मठः ।। २ ।।

अन्यदा सिद्धराजेन्द्रो, गतो मालवनीवृति ।
तत्र द्वादशवर्षाणि, विग्रहं कृतवानसौ ।। ३ ।।

तत्र चावसरे काष्ठ-मयो देवालयः परम् ।
अस्ति सोऽपि क्वचिज्जीर्णो, गिरिनारमहीधरे ।। ४ ।।

पुरा दृषन्मयोऽप्येष, रत्नश्राद्धेन कारितः ।
बोद्धैस्तीर्थमधिष्ठाय, कृतः काष्ठमयः पुनः ।। ५ ।।

तादृशं चैत्यमालोक्य, सज्ज्नो दण्डनायकः ।
अम्बिकादेशतो वर्ष-द्विःषट्कोद्ग्राहितैर्धनैः ।। ६ ।।





सद्देवकुलिकायुक्त-मुज्जयन्तस्य मूर्द्धनि ।
प्रोत्तुङ्गशिखरं नेमिप्रासादं निरमापयत् ।। ७ ।।

जयसिंहनृपोऽप्याशु, प्रत्यावृत्तोऽथ मालवात् ।
तत्रत्यं नृपतिं जित्वा, प्राप्तः श्रीदेवपत्तने ।। ८ ।।

तत्र श्रीसोमनाथस्य, कृत्वा पूजादिकोत्सवान् ।
सर्वानाकारयामास, सुराष्ट्रीयाऽधिकारिणः ।। ९ ।।

आयातास्तेऽपि तत्रैकः, परं नायाति सज्जनः ।
तद्वृत्तान्तश्च सर्वोऽपि, विज्ञप्तस्तैर्नृपाग्रतः ।। १० ।।

तद्वृत्तश्रवणोद्भूत-प्रभूतक्रोधदुर्द्धरः ।
नृपः सज्जनमाह्वातुं, प्राहिणोदात्मनो जनान् ।। ११ ।।

प्रीतः प्रासादनिष्पत्त्या, नृपाह्वानाच्च भीतिमान् ।
अथाऽसौ सज्जनः सर्वा-नाह्वयन् व्यवहारिणः ।। १२ ।।

उवाच यूयं गृह्णीध्वं, पुण्यं प्रासादसम्भवम् ।
यथादेशोत्थितं दण्डं, राज्ञे विश्राणयाम्यहम् ।। १३ ।।


विभज्य तेऽपि तस्मै तत् , तावद्द्रव्यं समार्पयन् ।
स्वस्थीभूतः सज्जनोऽथ, नृपान्तिकमगाद्द्रुतम् ।। १४ ।।

रुष्टो नृपतिराचष्ट, क्व रे ! द्रम्माः समानय ।
शीघ्रं तानन्यथा दास्ये, रे दुष्ट ! तव मस्तकम् ।। १५ ।।

सोऽपि विज्ञपयामास, निर्भीको नृपतिं प्रति ।
अस्ति न्यासीकृतं कोशे, द्रव्यं रैवतके मया ।। १६ ।।

पादावधार्यतां तत्र, यथा तद्दर्शयाम्यहम् ।
गिरिनारस्य माहात्म्यं, यतो लोकेऽपि पठ्यते ।। १७ ।।

उज्ञयन्तगिरौ रम्ये, माघे कृष्णचतुर्दशी ।
तस्यां जागरणं कृत्वा, सञ्जातो निर्मलो हरिः ।। १८ ।।





पद्मासनसमासीनः, श्याममूर्तिर्दिगम्बरः ।
नेमिनाथः शिवेत्याख्यां, नाम चक्रेऽस्य वामनः ।। १९ ।।

लोकोत्तरेऽपि-

‘‘षड्विंशतिविंशतिषो-डशदशद्वियोजनधनुःशतोच्चशराः ।
अवसर्प्पिणीषु यः खलु, स जयति गिरिनारगिरिराजः ।।१।।

यदतीतचतुर्विंशति-नमीश्वराद्या इहाऽष्ट जिनपतयः ।
कल्याणकत्रिकमापुः, स जयति गिरिनारगिरिराजः ।। २ ।।

श्री ब्रह्मेन्द्रकृतेयं, श्रीनेमेर्मूर्त्तिरमरगणपूज्या ।
विंशतिसागरकोटी; स जयति गिरिनारगिरिराजः ।। ३ ।।’’

श्रुत्वेति सपरिवारो, गतो रैवतके नृपः ।
चैत्यमत्यद्भुतं दृष्ट्वा, कोऽस्य कारयितेत्यवक् ।। २० ।।

सज्जनोऽपि जगौ कर्ण-भूपालकुलचन्द्रमाः ।
अस्य कारयिता देव !, जयसिंहनरेश्वरः ।। २१ ।।


इदमुद्ग्राहितं देव !, देशस्येत्यवधारय ।
भूपोऽप्याह ममादेशं, विना कारितवान् कुतः ? ।।२२।।

उवाच सज्जनः चैत्य-पुण्यैकस्पृहयालवः ।
अमी तव प्रसादेन, समृद्धा व्यवहारिणः ।। २३ ।।

तव द्रम्मान् प्रदास्यन्ति, तन्मह्यं कुप्य मा विभो ! ।
द्रम्मान्वा चैत्यपुण्यं वा, रोचते यद् गृहाण तत् ।। २४ ।।

इत्युक्ते भूपतिः प्राह, चैत्यपुण्यं तदस्तु मे ।
मन्नाम्नैव परं वाच्यः, प्रासादः सोऽपि तं जगौ ।। २५ ।।

प्रासादो देवपादानां, सर्वोऽप्येष विजृम्भते ।
मम रङ्कस्य किं नाम, कीर्त्तनं कीर्त्तिकारकम् ।। २६ ।।





ततो भृशतमां तुष्ट-स्तस्मै पुण्यवते नृपः ।
पुनः समर्प्य व्यापारं, स्वयं श्रीपत्तने ययौ ।। २७ ।।

सज्ञनोऽपि ततो भक्तया, पट्टकूलमयं ध्वजम् ।
आरभ्य रैवतात् शत्रुञ्जयं यावद्वितीर्णवान् ।। २८ ।।

वाणाष्टरुद्रप्रमिते, ११८५ वर्षे विक्रमभूपतेः ।
अचीकरदिदं चैत्यं, सज्जनो दण्डनायकः ।। २९।।


कोटिर्लक्षैर्द्विसप्तत्या, युक्ता तेन व्ययीकृता ।
जीर्णनाणकटङ्कना-मत्रेत्याहुर्बहुश्रुताः ।। ३० ।।

सप्तक्षेत्र्यां वित्तमेवं नियोज्य,
श्रीमान्धर्म्मस्थाननिर्मापणेन ।
भावी नूनं सज्जनः श्रेष्ठिराजः,
पुण्यप्राज्योऽनुक्रमान्मोक्षगामी ।। ३१ ।।

વિશાળ માનથી સમ્યગ્ મદવાળા કોઈક (ભવ્યપ્રાણી) પોતાના ધન વડે જિનમંદિરોનો ઉદ્ધાર કરે છે. જેવી રીતે કૃતાર્થધનવાળા તે સજ્જન મંત્રીએ ગિરનાર પર્વત ઉપર શ્રી નેમિનાથ ભગવાનનું ચૈત્ય ઉદ્ધર્યું.

સૌરાષ્ટ્ર દેશમાં જામ્બાનો પુત્ર સજ્જન નામનો શ્રીમાલ વંશનો હંમેશા શુભ મનોરથવાળો શ્રેષ્ઠી હતો. સિદ્ધરાજ વડે દંડનાયક પદ ઉપર સ્થાપન કરેલો, ધર્મમાં તત્પર તે વંથલીમાં નિવાસ કરે છે.

એક વખત સિદ્ધરાજ માલવદેશમાં ગયો. ત્યાં બારવર્ષ યુદ્ધ કર્યું. તે અવસરે ગિરનાર પર્વત ઉપર લાકડાનું દેરાસર હતું. પરંતુ તે પણ ક્યાંક જીર્ણ થયું હતું. પહેલાં રત્ન શ્રાવક વડે કરાવેલ






પત્થરનું દેરાસર પણ બૌદ્ધો વડે તીર્થને આધીન કરીને પછી લાકડાનું બનાવાયું. તેવું ચૈત્ય જોઈને સજ્જન દંડનાયકે અંબિકાના આદેશથી બાર વર્ષની ઉઘરાણીના ધન વડે સુંદર દેવકુલિકાયુક્ત રૈવતગિરિ ઉપર ઉંચા શિખરવાળું નેમિનાથ ભગવાનનું દેરાસર બનાવરાવ્યું.

હવે જયસિંહ રાજા પણ ત્યાંના રાજાને જલ્દીથી જીતીને માલવદેશથી પાછા ફરીને દેવપાટણ = સોમનાથ પાટણમાં પહોંચ્યા. ત્યાં સોમનાથની પૂજાદિ ઉત્સવોને કરીને, સૌરાષ્ટ્રના બધા અધિકારીઓને બોલાવ્યા. તેઓ આવ્યા, પરંતુ એક સજ્જન ન આવ્યો. તે બધા અધિકારીઓ વડે તેનો વૃત્તાંત રાજાની આગળ જણાવાયો. તે સાંભળીને ઘણા ક્રોધવાળા રાજાએ સજ્જનને બોલાવવા માટે પોતાના માણસોને મોકલ્યા. દેરાસર બની જવાથી ખુશ થયેલો અને રાજાએ બોલાવવાથી ભયભીત થયેલો સજ્જન બધા વેપારીઓને બોલાવે છે અને કહે છે કે, ''તમે દેરાસર બંધાવવાથી પ્રાપ્ત થતું પુણ્ય ગ્રહણ કરો અને રાજાની આજ્ઞાથી આવેલ દંડ રાજાને હું આપું.'' તેઓએ તેને તેટલું ધન આપ્યું.

હવે, સ્વસ્થ થયેલો સજ્જન જલ્દીથી રાજા પાસે ગયો. ગુસ્સે થયેલો રાજા બોલ્યો, ''અરે ! ધન કયાં છે ? જલ્દી લઈ આવ. નહીં તો, હે દુષ્ટ ! તારૂં માથું લઈ લઈશ.'' ભયરહિત તેણે (સજ્જને) રાજાને વિનંતિ કરી કે, ''ધન રૈવતગિરિ ઉપર ભંડારમાં સ્થાપન કરીને રાખ્યું છે. ત્યાં આપ સ્વયં પધારો જેથી હું ધન અને રૈવતગિરિ બંને બતાવું કારણ કે લોકમાં પણ ગિરનારનું મહત્વ કહેવાયું છે...





'મનોહર ઉજ્જ્યંતગિરિ ઉપર મહા મહિનાની કાળી ચૌદશે જાગરણ કરીને કૃષ્ણ નિર્મલ થયો. પદ્માસને બેઠેલા શ્યામબિંબવાળા, નેમિનાથ ભગવાનનું 'શિવ' એ પ્રમાણે નામ વામને કર્યું.'

જૈનશાસનમાં તો કહેવાય છે કે–

અવસર્પિણી કાળમાં ૨૬ યોજન, ૨૦ યોજન, ૧૬ યોજન, ૧૦ યોજન, ૨ યોજન અને ૧૦૦ ધનુષ્ય (અનુક્રમે ૧ થી ૬ આરામાં) ઉંચો છે તે ગિરનાર ગિરિરાજ જય પામે છે.

અતીત ચોવીશીના શ્રી નમીશ્વર આદિ આઠ ભગવાન અહીં ત્રણ કલ્યાણક પામ્યા તે ગિરનાર ગિરિરાજ જય પામે છે.


બ્રહ્મેન્દ્ર વડે કરાયેલી, વીસ કરોડ સાગરોપમ સુધી દેવોના સમૂહથી પૂજાયેલી, શ્રી નેમિનાથ ભગવાનની મૂર્તિ (જ્યાં છે) તે ગિરનાર ગિરિરાજ જય પામે છે.

આ પ્રમાણે સાંભળીને પરિવાર સહિત રાજા રૈવતગિરિએ ગયો અને અદ્ભુત જિનાલય જોઈને, ''આને કરાવનાર કોણ છે ?'' એમ પૂછ્યું.

સજ્જને કહ્યું, ''રાજન્ ! આને કરાવનાર કર્ણ રાજાના કુલમાં ચંદ્રમા સમાન જયસિંહ રાજા છે. દેશની ઉઘરાણી આ છે એ જાણો''

રાજાએ કહ્યું, ''મારી આજ્ઞા વિના કેમ કરાવ્યું ?''


સજ્જને કહ્યું, ''ચૈત્યના પુણ્યની ઈચ્છાવાળા અને આપની કૃપાથી ધનવાન વેપારીઓ આપને ધન આપશે. તેથી હે પ્રભુ ! મારી ઉપર કોપ ન કરો. ધન અથવા ચૈત્યનું પુણ્ય, જે ગમે તે લ્યો.''



આમ કહે છતે રાજાએ કહ્યું, ''તો ચૈત્યનું પુણ્ય મને હો પરંતુ મારા નામથી જિનાલય કહેવાવું જોઈએ.''

તેથી અત્યંત ખુશ થયેલા પુણ્યશાળી રાજાએ તેને ફરી વેપાર આપીને, પોતે પાટણ ગયો. ત્યારપછી સજ્જને ભક્તિથી રૈવતગિરિથી માંડીને શત્રુંજય સુધીની રેશમી ધજા કરાવી. વિક્રમ સંવત ૧૧૮૫ માં સજ્જન દંડનાયકે આ દેરાસર કરાવ્યું. અને અહિં ચલણમાં આવતા ૭૨ કરોડ જૂના ટાંક તેના વડે ખર્ચાયા, એમ જ્ઞાનીઓ કહે છે.

શ્રી ધર્મસ્થાન બનાવવા વડે, સાતક્ષેત્રમાં ધન વાપરીને ઘણા પુણ્યવાળા સજ્જન શ્રેષ્ઠી અનુક્રમે મોક્ષગામી થશે.?






શ્રી રત્નસિંહસૂરિજી શિષ્ય શ્રી જ્ઞાનસાગરસૂરિજી વિરચિત

## નેમીશ્વરજિન પ્રાસાદ પ્રશસ્તિ

ज्ञात्वा ज्ञानबलाद् भवाष्टकभवां राजीमतीं स्वां प्रियां,
यो भोगी किल निर्वृतिं जिगमिषुर्यद् द्वारदेशं ययौ ।
अस्या एव निमन्त्रणाय तदहो ! वेद्मीह च्छद्मापरं,
सोऽयं वल्लवल्लभो विजयते नेमीश्वरो योगयुक् ।। १ ।।

**अवचूरिः-** स श्रीनेमीश्वरश्चेद् वल्लभवल्लभो न भवति तर्हि योगयुक् कथं स्यात्? अन्येषां तीर्थकृतां कुत्रचित् प्रियाया द्वारदेशं याति तदहं वेद्मि तस्यास्ति सहयोगो, नास्ति नेमीश्वरस्य रैवताद्रौ मोक्षे च राजीमत्या सहयोगो चास्तीति । अन्योऽपि य ईश्वरो-लक्ष्मीवान् पुमान् स निर्वृतिं प्राप्तुकामो यत् प्रियाया द्वारदेशं याति तदहं वेद्मि, तस्या एव निमन्त्रणाय, अपरं यत्कार्यं वक्ति तत् छद्मै व, यतः स वल्लभवल्लभः य ईदृशो भवति तस्य तद्दर्शनेनैव निर्वृतिः । यतस्तेनोक्तमस्ति-

'प्रियादर्शनमेवाऽस्तु' किमन्यैर्दर्शनान्तरैः ।
निर्वृतिः प्राप्यते येन सरागेणाऽपि चेतसा' ।। १ ।।





अन्योऽपि य ईश्वरः-हरः स वल्लभवल्लभ अत एव योगयुक् सर्वत्र पार्वतीसहितः ।

यत्सेवावशतः सदापि विपुलं राज्यं लभन्ते सुताः,
सत्यन्यस्वजनव्रजे बलयुते सिंहाः स्वजातौ तथा ।
आम्राणीह फलेषु शेषजगतः सङ्ख्याऽत्र नो लभ्यते,
सा स्तात् सेवकवत्सला भगवती श्रीअम्बिका सम्पदे ।। २ ।।

ख्यातोऽहं स्वर्गिशैलः सुरततिरधुना केन नायाति वह्नी,
हुं ज्ञातं देवदेशं प्रति कति चलिताः प्रेषयामि स्वभागम् ।
मेरुर्ध्यात्वैवमेकं कलकनकमयं प्राहिणोत् स्वीयकूटं,
तच्चेहागत्य तस्थौ तदनु सुमनसः स्वागताऽर्थे किलोचुः ।। १० ।।


कस्त्वं गोत्रोऽस्यदोऽवक् सुरगिरिशिखरं श्रीभवत्सेवितं प्राक्,
कृष्णत्वं तर्हि कस्मात्पथि खगकिरणाश्लेषशीतादिभावात् ।
तैर्घृष्टं भूमिपीठे सदृषदि समभूत्स्वर्णरिखा ततैषा,
ज्ञात्वा रायं वतेति प्रकटमभिहितं रैवताख्या ततोऽभूत् ।। ११ ।।

प्रकटं रायं-सुवर्णं ज्ञात्वा वतेति आश्चर्यमित्यभिहितं सुवर्णे कृष्णत्वदर्शनात् । बवयोरैक्यात् रैवताख्यारैवतनामाऽयं पर्वतोऽजनि ।। ११ ।।

स्वयं कल्याणकल्पोऽयं, द्विधा कल्याणदः सताम् ।
अतः श्रीनेमिनाथेना-ऽवाप्तं कल्याकत्रिकम् ।। १२ ।।

कल्याणं-सुवर्णं तेन कल्पो-मनोज्ञः। माघकाव्येऽप्यसौ स्वर्णमयो निरूपितोऽस्ति । कल्याणं-मङ्गलं मोक्षश्च ।

सुधाभुग्भिः सुधाकुण्डं, गजेन्द्रपदसञ्ज्ञकम् ।
न्यस्तं स्वर्गात् सहानीतं, तत्र स्नात्रकृतेऽर्हताम् ।। १३ ।।





प्राप्य श्रीजयसिंहदेवनृपतेर्व्यापारभारं परं
श्रीमत्सज्जनदण्डनायक इह श्रीरैवताद्रौ वरम् ।
द्रम्मैर्द्वादशकोटिभिर्जिनपतेः प्रासादमुच्चैस्तरं,
जीर्णे नव्यमचीकरत्कलियुगे राजीमतीस्वामिनः ।। ९५ ।।


यत्र श्रीनेमिनाथो वरविततमहास्तीर्थ राजस्तथान्ये,
यत्र श्रीअम्बिकाख्या गिरिशिखरगता तीर्थरक्षाकरा च ।
यत्र प्रौढप्रतापी नरपतिधुना तेन तत्रोज्ज्रयन्ते,
प्रासादं कारयामि स्वपरहितकृते पुण्यरूपस्वरूपम् ।। ९८ ।।

જ્ઞાનબલથી રાજીમતિને પોતાની આઠ ભવની પત્ની જાણીને જે ભોગી = ઐશ્વર્યવાન, મોક્ષમાં જવાની ઈચ્છાવાળા (ભગવાન) તેને જ નિમંત્રણ કરવા માટે તેના ઘરે ગયા. અહો ! હું આ બીજું કપટ માનું છું. (આવું કરનારા) અત્યંત પ્રિય, યોગયુક્ત શ્રી નેમિનાથ ભગવાન વિજય પામે છે. ।। ૧ ।।

જેની સેવાથી પુત્રો હંમેશા વિશાળ રાજ્ય મેળવે છે. તથા પોતાની નાતમાં બીજા ઘણા બલવાન સ્વજનનો સમૂહ હોવા છતાં પણ જેઓ સિંહ સમાન અર્થાત્ શ્રેષ્ઠ થાય છે. આખા જગતના ફળોમાં અહીં આંબાની સંખ્યા મેળવાતી નથી. અર્થાત્ અહીં સૌથી વધારે આંબાના ફળો છે. તે સેવક પ્રત્યે વાત્સલ્યવાળી ભગવતી અંબિકા દેવી સંપત્તિ માટે થાઓ. (અહીં અંબિકાદેવી સંબંધી સુત-સિંહ અને આંબાની સંકલના કરી છે.) ।। ૨ ।।

(હવે, મેરૂ પર્વતે પોતાનો એક ભાગ મોકલીને રૈવતગિરિ બનાવ્યો છે એવી ઉત્પ્રેક્ષા કરતાં કવિ કહે છે કે-)

(મેરૂ પર્વત વિચારે છે કે,) 'હું 'દેવોનો પર્વત' એમ પ્રખ્યાત થયેલો છું તો પણ હમણાં દેવોની શ્રેણી ઘણી અહિં કયા કારણે આવતી નથી ? હું... જાણ્યું કે કેટલાક દેવો દેવદેશ = સૌરાષ્ટ્ર





દેશમાં ગયા છે તો હું પણ ત્યાં મારો એક ભાગ મોકલું' એમ વિચારીને મેરૂ પર્વતે પોતાનું એક મનોહર સોનાનું શિખર મોકલ્યું અને ત્યારપછી તે અહીં આવીને દેવોના સ્વાગત માટે ઉભુ રહ્યું ॥ ૧૦ ॥


(હવે, દેવો અને રૈવતગિરિનો કાલ્પનિક સંવાદ જણાવતાં કહે છે કે-) દેવો કહે છે કે, 'તું કયા ગોત્રનો છે?', 'હું મેરૂપર્વતનું એક શિખર છું અને આપનાથી પહેલાં સેવાતો હતો.'

ફરી દેવો પૂછે છે કે, 'તો પછી કાળો કેમ થયો છે ?' રૈવતગિરિ કહે છે, 'માર્ગમાં પક્ષીઓ-સૂર્યના કિરણોનો સ્પર્શ અને ઠંડી આદિના કારણે(કાળો થઈ ગયો છું.)' દેવતાઓ વડે શિખરની ભૂમિ ઉપર શિલામાં ઘસાયું તેથી સોનાની રેખા થઈ અર્થાત્ સોનું દેખાયું એટલે આશ્ચર્ય થયું. તેથી (રૈ=સોનું, વત(બત)=આશ્ચર્ય એમ) રૈવત નામ થયું.(અર્થાત્ દેવોએ રૈવતગિરિ નામ આપ્યું.) ॥ ૧૧ ॥

સ્વયં સુવર્ણ જેવો આ સજ્જનોને બંને પ્રકારે કલ્યાણ (મંગલ અને મોક્ષ) આપનાર છે. આથી શ્રી નેમિનાથ ભગવાન વડે ત્રણ (કલ્યાણક) પ્રાપ્ત કરાયા છે. ॥ ૧૨ ॥

દેવોએ અરિહંતોના સ્નાત્ર માટે સ્વર્ગથી સાથે લાવેલ અમૃતના કુંડને ત્યાં (રૈવતગિરિ ઉપર) ગજપદકુંડ નામે સ્થાપન કર્યો છે. ॥ ૧૩ ॥

શ્રી જયસિંહદેવ રાજાના વ્યાપાર ભારને પામીને, શ્રી સજ્જન દંડનાયકે અહીં શ્રી રૈવતાચલ પર્વત ઉપર કલિયુગમાં જીર્ણ થયેલા શ્રી રાજીમતિના સ્વામી નેમિનાથ ભગવાનના જિનાલયને બાર કરોડ દ્રમ્મ વડે નવું કરાવ્યું. ॥ ૯૫ ॥



જ્યાં શ્રેષ્ઠ મહોત્સવ કરાય છે જેનો એવા શ્રી નેમિનાથ ભગવાન તથા બીજા પણ ભગવાન છે, જ્યાં ગિરિના શિખર ઉપર રહેલી અંબિકા નામની દેવી તીર્થની રક્ષા કરનારી છે, અને જ્યાં પ્રોઢપ્રતાપી રાજાઓએ દેરાસરો બંધાવ્યા છે, તે કારણે તે ઉજ્જ્યંતગિરિ ઉપર પોતાના અને બીજાના હિત માટે પુણ્ય રૂપ અને આત્મ સ્વરૂપ દેરાસર હું કરાવું ॥ ૯૮ ॥

(આ સ્તોત્રના ૧૦૯ શ્લોકો છે પણ ઘણા ઉત્પ્રેક્ષાવાળા હોવાથી, ઉપયોગી ન જણાવાથી અહીં લીધા નથી.)





(હવે શ્રી શત્રુંજયકલ્પની વૃત્તિના આધારે પ્રથમ ચક્રવર્તી ભરતરાજાએ ગિરનારની યાત્રા કરી ત્યાં જિનાલય બંધાવ્યું અને પાંચમા દેવલોકના ઈન્દ્રની સાથે વાર્તાલાપ કર્યો, ઈત્યાદિ સંબંધ કહેવાય છે.)

## શ્રી શુભશીલગણિ વિરચિત
## શ્રી શત્રુંજયકલ્પવૃત્તિ (વિ.સ. ૧૫૧૮)

श्री नेमिस्थापनासम्बन्धः ।

उज्जयन्ताभिधे श्रृङ्गे नेमेर्भविष्यतोऽर्हतः ।
दीक्षा-ज्ञान-शिवप्राप्तिं ऋषभस्यार्हतः पुरः ॥ १ ॥


आकर्ण्य प्रथमश्चक्री कल्याणकत्रिकाभिधम् ।
प्रासादं प्रवरशिल्पि-पार्श्वादकारयत्तदा ॥ २ ॥

राजते तत् प्रतिदिश-मेकादशसुमण्डपैः ।
चतुर्द्वारो महानन्य-नाम्ना यः सुरसुन्दरः ॥ ३ ॥

बलानकैर्गवाक्षैश्च तौरणैश्च मनोहरैः ।
प्रासादो भासतेऽत्यन्तं सर्वत्रोद्यानमण्डितः ॥ ४ ॥

तत्र तीर्थे तु नागेन्द्र मोरादिकुण्डसप्तकम् ।
विद्यते यत्र पानीयं सुधायूषसहोदरम् ॥ ५ ॥

वनानि तत्र शोभन्ते नानावृक्षैर्मनोहरैः ।
शृङ्गाणि शतशः सन्ति यत्र हेमादिधातवः ॥ ६ ॥





तत्रानेकास्तु विद्यन्ते स्वर्णरेखादयो वराः ।
सरितोऽमृतदेशीय-पानीयपूरिताः सदा ॥ ७ ॥

हंस-कारण्ड-हारीत-शुक-सारसपक्षिणः ।
तत्र तीर्थे स्थिता भेजुः सुखं स्वर्गसुखोपमम् ॥ ८ ॥

अथाभ्येत्य परामोद-पूरपूर्णहृदन्तराः ।
अपूजयन्नेमिजिनं देवाः शक्त्याहृतैः सुमैः॥ ९ ॥

श्रृङ्गे तत्र जिना एयु-रनन्ताः सुरसेविताः ।
आयास्यन्ति पुनः सङ्ख्या-व्यतीता ज्ञानशालिनः ॥ १० ॥

तदानीं भूभुजोऽन्येऽपि प्रासादान्नेमिनोऽर्हतः ।
कारयामासु रम्यांश्च भूरिलक्ष्मीव्ययात् क्रमात् ॥ ११ ॥

तेषु तेषु च सर्वज्ञा-गारेषु ध्यायतां नृणाम् ।
जिनं येषामभूज्ज्ञानमन्यूनं चाभवच्छिवम् ॥ १२ ॥


तेषां न ज्ञायते सङ्ख्या विनाऽव्ययविदं क्वचित् ।
अतस्तीर्थमिदं पूज्यं नृपाणां मरुतामपि ॥ १३ ॥

तत्र नेमिजिनं भक्त्या संस्मृत्य भरतेश्वरः ।
पूजयित्वा प्रभुं तस्थौ विलोकयन् मुखं प्रभोः ॥ १४ ॥

इतःपञ्चमकल्पेशो ब्रह्मेन्द्रोऽमरकोटियुग् ।
आगतो नेमिनं नन्तुं पञ्चमात् कल्पतस्तदा ॥ १५ ॥

प्रभुं प्रणम्य भरतं वन्दित्वा च प्रमोदयुग् ।
ब्रह्मेन्द्रः प्रोक्तवान् चक्रिन् ! जय त्वं चिरकालतः ॥ १६ ॥

यथा श्रीऋषभस्वामी प्रथमस्तीर्थनायकः ।
तथा त्वं प्रथमसङ्घ-पतिस्तीर्थप्रकाशकः ॥ १७ ॥





भरतोऽवक् कुतः स्थानादत्राऽऽगाः किंकृते वद ।
स प्राह ब्रह्मकल्पेशोऽहमस्मि धरणीधव ॥ १८ ॥

भवता कारिते नेमि-चैत्ये नेमिजिनेशितुः ।
बिम्बं नन्तुमगां ज्ञात्वाऽवधिज्ञानात् नरेश्वर ! ॥ १९ ॥

उत्सर्प्पिण्यामतीतायां सागरस्यार्हतोऽन्तिके ।
ब्रह्मकल्पाधिपोऽप्राक्षीत् कदाऽहं निर्वृतिं गमी ॥ २० ॥

जिनोऽवगवसर्प्पिण्यां भाविनो नेमिनोऽर्हतः ।
द्वाविंशस्य गणाधीशो भूत्वाऽथो मुक्तिमेष्यसि ॥ २१ ॥


स च शक्रो निजे कल्पे या मूर्ति नेमिनो व्यधात् ।
अपूजयत् चिरं भक्त्या दिव्यपुष्पैर्मनोहरैः ॥ २२ ॥

गिरिनारगिरेरन्तः कृत्वा स्वर्णबलानकं ।
अस्थापि प्रतिमा रत्न-मयीन्द्रेण च्युतिक्षणे ॥ २३ ॥

रैरूप्याश्ममया अन्या भूपस्य प्रतिमा दृढाः ।
स्थापितास्तत्र शक्रेण स्वश्रेयोऽर्थं शिवेच्छुना ॥ २४ ॥

साऽद्यापि मूर्त्तिरस्माभिः पूज्यतेऽन्यैश्च वासवैः ।
कल्याणत्रयमत्रैव भविष्यत्येव नेमिनः ॥ २५ ॥

શ્રી ઋષભદેવ જિનેશ્વરના તીર્થની પાસે ઉજ્જયંત નામના શિખર ઉપર થનારા શ્રી નેમિનાથ ભગવાનની દીક્ષા, જ્ઞાન અને મોક્ષ પ્રાપ્તિ સાંભળીને પ્રથમ ચક્રવર્તીએ તે વખતે શ્રેષ્ઠ શિલ્પીઓ પાસે ‘કલ્યાણક ત્રિક’ નામનો પ્રાસાદ કરાવ્યો. તે પ્રાસાદ દરેક દિશામાં અગ્યિાર મંડપો વડે શોભે છે. ચાર દ્વારવાળા તે મોટા પ્રાસાદનું બીજું નામ ‘સુરસુંદર’ છે. તે પ્રાસાદ બલાનકો વડે, ગોખો વડે, મનોહર તોરણો વડે અને સર્વત્ર ઉદ્યાનથી મંડિત અત્યંત શોભે છે.






તે તીર્થમાં નાગેન્દ્ર-મોર વગેરે સાત કુંડો છે. તે કુંડોમાં અમૃતના રસ જેવું પાણી છે. ત્યાં મનોહર જુદીજુદી જાતના વૃક્ષો વડે વનો શોભે છે. સેંકડો શિખરો છે. સુવર્ણાદિ ધાતુઓ છે. તથા અનેક સુવર્ણરેખા વગેરે નામની નદીઓ અમૃત સરખા પાણીથી ભરેલી છે.

હંસ-કારંડ-હારિત-શુક્ર-સારસ પક્ષીઓ તે તીર્થમાં રહેલા સ્વર્ગના સુખની ઉપમાવાળા સુખોને ભજતા હતા. શ્રેષ્ઠ આનંદના પૂરથી ભરાયેલા હૃદયના અંદરના ભાગવાળા દેવોએ પોતાની શક્તિ વડે લખેલા ફૂલો વડે તે ભરતરાજા જિનેશ્વરની પૂજા કરતા હતા. તે શિખર ઉપર દેવોથી સેવાયેલા અનંત જિનેશ્વરો આવેલા છે અને જ્ઞાનથી શોભતા અસંખ્યાતા બીજા જિનેશ્વરો આવશે. તે વખતે બીજા રાજાઓએ પણ શ્રી નેમિનાથ પ્રભુના સુંદર પ્રાસાદો ઘણી લક્ષ્મીનો વ્યય કરી અનુક્રમે કરાવ્યા છે. તે તે જિનમંદિરોમાં જિનેશ્વરોનું ધ્યાન કરતા મનુષ્યોને સંપૂર્ણ જ્ઞાન થયું છે અને મોક્ષ થયોછે. મુક્તિ પામેલાની સંખ્યા કોઈ ઠેકાણે જાણી શકાતી નથી. (અર્થાત્ આ તીર્થ ઉપરથી અસંખ્ય આત્માઓ મોક્ષે ગયા છે. આથી આ તીર્થ રાજાઓ અને દેવોને પણ પૂજ્ય છે.)


ભરતેશ્વર ત્યાં નેમિનાથ પ્રભુની ભક્તિ વડે સ્તુતિ કરી, પૂજા કરીને પ્રભુના મુખને જોતા હતા ત્યારે પાંચમા દેવલોકમાંથી, પાંચમા દેવલોકના સ્વામી બ્રહ્મેન્દ્ર એક કરોડ દેવો સાથે શ્રી નેમિનાથ પ્રભુને નમસ્કાર કરવા માટે આવ્યા. પ્રભુને વંદન કરીને, ભરતરાયને પ્રણામ કરીને, હર્ષ સહિત બ્રહ્મેન્દ્રે કહ્યું., ''હે ચક્રવર્તિ ! તમે ચિરકાલ જય પામો. જેવી રીતે શ્રી ઋષભદેવ પ્રથમ તીર્થનાથ છે તેમ તમે તીર્થનો પ્રકાશ કરનારા પ્રથમ સંઘપતિ છો. ભરત મહારાજાએ કહ્યું કે, ''તમે કયા સ્થાનેથી, શા માટે આવ્યા છો ? તે કહો.''





ત્યારે (બ્રહ્મેન્દ્રે) એણે કહ્યું, ''હે રાજન્ ! હું બ્રહ્મદેવલોકનો સ્વામી છું. તમે કરાવેલા શ્રી નેમિપ્રભુના ચૈત્યમાં શ્રી નેમિજિનેશ્વરના બિંબને અવધિજ્ઞાનથી જાણીને, હે રાજન્ ! હું નમસ્કાર કરવા માટે આવ્યો છું. ગઈ ઉત્સર્પિણીમાં સાગર નામના અરિહંતની પાસે બ્રહ્મકલ્પના અધિપતિએ પૂછ્યું કે 'હું ક્યારે મોક્ષ પામી ?' જિનેશ્વરે કહ્યું કે, 'અવસીર્પણીમાં થનારા બાવીસમા અરિહંત શ્રી નેમિનાથના ગણધર થઈને તમે મુક્તિ પામશો. તેથી તે ઈન્દ્રે પોતાના દેવલોકમાં શ્રી નેમિનાથ પ્રભુની મૂર્તિ બનાવી. તેને લાંબા કાળ = ઘણા કાળ સુધી ભક્તિ વડે મનોહર દેવતાઈ દિવ્ય પુષ્પો વડે પૂજી ત્યારપછી પોતાના ચ્યવન સમયે ગિરનાર પર્વતની અંદર સોનાનું બલાનક કરીને તેમાં તે ઈન્દ્રે સ્થાપન કરી. તે મૂર્તિઓ આજે પણ અન્ય ઈન્દ્રો વડે પૂજાય છે. શ્રી નેમિનાથ પ્રભુનાં ત્રણ કલ્યાણકો નિશ્ચે અહિંયા જ થશે. (માટે હું પણ અહિં ભક્તિ કરવા આવ્યો છું.)'

(આ રીતે શત્રુંજય માહાત્યમાં જણાવેલ બધા જ પ્રસંગોની નોંધ શત્રુંજય કલ્પવૃત્તિમાં પણ છે પરંતુ અહિં લીધી નથી.)





## શ્રી મલધારી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ વિરચિત ભવભાવના (વિ.સં. ૧૧૭૦)

શ્રી નેમિનાથ ભગવાનનું નિર્વાણ :-

**મૂળ :-**


नाऊण अप्पणो निव्वाणगमणसमयं संपत्तो कमेण विहरमाणो सयलविसयालंकारभूयम्मि सुरठ्ठाविसयम्मि, तओ य सहयारबउलतिलयपुन्नायाहरिचंदणपरियायकप्पपायवकप्पूर-तरूमंडलमंडियम्मि पज्झरंतनिब्भरनिवहनीरपूरसिसिरम्मि समारूढो परमरमणिज्ञम्मि तम्मि उज्जेंतमहामहीहरम्मि,

**સંસ્કૃત છાયા :-**

ज्ञात्वा आत्मनः निर्वाणगमनसमयं, संप्राप्तः क्रमेण विहर-मानः सकलविषयालङ्कारभूते सौराष्ट्रविषये, ततश्च सहकार बकुलतिलकपुन्नागहरिचन्दनपर्याय-कल्पपादपकर्पूरतरूमण्डलमण्डपे, प्रक्षरन्तनिर्भरनिवह-नीरपूरशिशिरे समारूढः परमरमणिये तस्मिन् उज्ज्ञयन्तमहीधरे,

**અર્થ :-**

પોતાના નિર્વાણ ગમનના સમયને જાણીને, ક્રમથી વિહાર કરતા સર્વ દેશોમાં અલંકારભૂત એવા સૌરાષ્ટ્ર દેશમાં






પધાર્યા અને પછી આમ્ર-બકુલ-તિલક-પુન્નાગ-નાગ-હરિચંદન-પારિજાત-કલ્પવૃક્ષ-કર્પૂર વૃક્ષના ખંડોથી મંડિત એવા, ઝરતાં ઝરણાના સમૂહોના પાણીઓના પૂરથી શીતળ પરમ રમણીય એવા તે ઉજ્જ્યંત મહાપર્વત પર પ્રભુ પધાર્યા,

**મૂળ :-**

एवं च वसिऊण पुव्विं तिन्नि वाससयाइं कुमारभावेण गिहवासे तओ गहियदिक्खो, चिट्ठिउण चउपन्नदिणाइं छउमत्थत्तेणं तदूण सत्तवाससयाइं परिवालिउण केवलिपरियायं, नाणादेसेसु विहरंतो, सूरोव्व पडिबोहिऊण पभूयभव्वकमलाइं, पज्जंते मासिएण भत्तयपरिच्चाएण, काउण पाओवगमणं, पविसिऊण परमसेलेसीकरणं विहेऊण परिसेसभवोवग्गाहिकम्मनिज्झरणं आसाढसुद्दट्ठमी दिवसावसाणवेलाए छत्तीसाहिएहिं पंचहिं समणसएहिं सद्धिं चइऊण सव्वहा बोंदिं सेलेसी (चरम) समएणेव सिध्धो बुध्धो मुक्को परिनिव्वुडो सव्वदुक्खप्पहीणोत्ति । पज्जुन्नसंबसारणपमुहा रहनेमिमाइणो तह य । सिद्धा य साहुणो साहुणीओ राइमइपमुहाओ ।। ४०१४ ।।

**સંસ્કૃત છાયા :-**

एवञ्च उषित्वा पूर्वे त्रिणि वासशतानि कुमारभावेन गृहवासे, ततः गृहितदिक्षः स्थित्वा चतुःपञ्चाशत् दिनानि छद्मस्थत्वेन तदूनसप्तवासशतानि परिपालयित्वा केवलिपर्यायं, नानादेशेषु विहरन्तः, सुर इव प्रतिबोधयित्वा प्रभूतभव्यकमलानि, पर्यन्ते






मासेन भक्तपरित्यागेन, कृत्वा पादपोगमनं, प्रविष्ट्वा परमशैलेषीकरणं, विधाय परिशेषभवोपग्राहिकर्म-निर्जरणं, आषाढ शुक्लाष्टमी दिवसावसानवेलायाम्, षट्त्रिशंदधिकैः पञ्चभिः श्रमणशतैः सार्द्धम त्यक्त्वा सर्वथा बोंदिं, शेलेसी (चरम) समयेनैव सिद्धो बुद्धो मुक्तः परिनिवृतः सर्वदुःखप्रक्षिणः इति । प्रद्युम्न-शांब-सारणप्रमुखाः रथनेम्याद्याः तथा च सिद्धाश्च साधवः साधव्यः राजिमति-प्रमुखाः ।४०१४।

**અર્થ :-**

કુમારભાવમાં ત્રણસો વરસ ગૃહવાસમાં વસીને પછી દીક્ષા લઈને ચોપન દિવસ સુધી છદ્મસ્થપણાથી રહીને અને સાતસો વરસમાંથી ચોપન દિવસ ઓછા એટલા વરસો સુધી કેવલી પર્યાય પાળીને, સૂર્યની જેમ જુદા જુદા દેશોમાં વિચરતા ઘણાં ભવ્ય જીવો રૂપી કમળોને પ્રતિબોધ કરીને, અંતે એક માસ ભક્ત પરિત્યાગથી પાદપોપગમન અનશન કરીને પરમશૈલેશીકરણમાં પ્રવેશીને, સંપૂર્ણ ભવોપગ્રાહિ કર્મ નિર્જરીને, અષાઢ સુદ આઠમના દિવસના અંતિમ સમયે પાંચશો છત્રીશ સાધુઓની સાથે સર્વથા શરીરનો ત્યાગ કરીને, શૈલેશીકરણના ચરમ સમયે પ્રભુ સિદ્ધ, બુદ્ધ, મુક્ત પરિનિવૃત્ત અને સર્વ દુઃખથી રહિત થયા. પ્રદ્યુમ્ન-શાંબ-સારણ તથા રથનેમિ આદિ સાધુઓ સિદ્ધ થયા અને રાજીમતી પ્રમુખ સાધ્વીઓ સિદ્ધ થઈ.

**મૂળ :-**

जो कुणइ सुणइ वायइ वरवाणइ लिहइ नेमिजिणचरियं ।
जरमरणरोगमुक्को सो पावइ सासयं ठाणं ।। ४०४२ ।।



**સંસ્કૃત છાયા :-**

**यः करोति श्रृणोति पठति प्रशंसति लिखति श्री नेमिजिनचरित्रं ।**
**जरामरणरोगमुक्तः स प्राप्नोति शाश्वतं स्थानं ।। ४०४२ ।।**

**અર્થ :-**

**જે નેમિ જિનેશ્વરના ચરિત્રને કરે છે, સાંભળે છે, વાંચે છે, વ્યાખ્યાન કરે છે, લખે છે, તે જરા-મૃત્યુ-રોગથી મુક્ત થયેલો શાશ્વત સ્થાનને પામે છે.**






(હવે સમ્યક્ત્વ સપ્તતિકા ગ્રંથના આધારે ગિરનાર જીર્ણોદ્ધારક રત્ન શ્રાવકનો પ્રસંગ વિસ્તારથી કહેવાય છે.)

## શ્રીહરિભદ્રસૂરિ વિરચિત સમ્યક્ત્વ સપ્તતિકા

इय संपत्तिअभावे, जत्तापूयाइ जणमणोरमणं ।
जिणजइविसयं सयलं, पभावणा सुद्धभावेणं ।। ३९ ।।

व्याख्या- 'इति' पूर्वोक्तप्रकारेण 'सम्पदभावे' लब्धिविरहे सति, न हि सर्वत्रैताः पूर्वोक्ता लव्धयः सम्भवन्ति, विशिष्य निरतिशये कालेऽस्मिन्, तदा किं कर्त्तव्यमित्याह-जत्तत्ति-यात्रा श्रीशत्रुञ्जयादिमहातीर्थेषु चतुर्विधसङ्घेन सह सोत्सवं गमनं, अथवा युगप्रधानादेर्वन्दनार्थं महध्द्यां सम्मुखयानं पूजा-कुसुमादिभिरर्हदर्चनं उत गुरूणां वन्दनकशुश्रूषादिकरणं, आदिशब्दादभयदानसत्रागारपटहोद्घोषणादि एवंरूपे कृत्ये कृते किं स्यादित्याह-जणत्ति-जना लोकास्तेषां मनः-चितं तस्य रमणं-प्रीत्युत्पादकं अन्यदप्युत्सर्प्पणादि, किंनिमित्तमित्याह-जिणत्ति-जिना अर्हन्तो यतयः-साधवस्तेषां विषयं-तन्निमित्तं सकलं-सर्वमनुष्ठानं 'प्रभावना' महिमा भवति, कथम् ? -'शुद्धभावेन' त्रिकरणविशुध्द्या कृत-





मिति गाथार्थः, भावार्थस्तु सङ्घपतिश्रीरत्नश्रावक-दृष्टान्तेन प्रतन्यते, स चायम्-

अस्त्युत्तरस्यामाशायां, कले काश्मीरमण्डले ।
पत्तनं मत्तनेत्राणां, क्रीडौको नवहु(फु)ल्लकम् ।। १ ।।

विक्रमाक्रान्त-दिक्चक्रस्तत्र शत्रुक्षयङ्करः ।
स्ववंशसरसीहंसो, नवहंसोऽभवन्नृपः ।। २ ।।

सुनिस्तृंशोऽपि निस्तृंशः, सुहृदां मोदकायते ।
जातोल्लासश्च यस्यैषोऽसुहृदां मोदकायते ।। ३ ।।

रम्भाविजयदेवीति, देवी रम्भाविजित्वरी, ।
तस्यास्ति कोमलालापैः, कोकिलेव मनोहरा ।। ४ ।।

पुरेऽत्रैव ह्यनन्यश्री सुभगं ? भावुकस्थितिः ।
पूर्णचन्द्राभिधः श्रेष्ठी, कलाभिः पूर्णचन्द्रजित् ।। ५ ।।


राजमान्याः सुतास्तस्य, रत्नत्रयवदद्भुताः ।
पुंरत्नभूताः श्रीरत्नो, मदनः पूर्णसिंहकः ।। ६ ।।

रत्नस्य पोमिणी नाम्नी, लोकंपृणगुणा प्रिया ।
तत्कुक्षिभूरभूमिस्तु, दोषाणां कोमलोऽभवत् ।। ७ ।।

श्रीमन्नेमिकुमारस्य, निर्वाणसमयादथ ।
वर्षाणामष्टसाहस्त्र्यां, गतायां मुनिपुङ्गवः ।। ८ ।।

श्रीमान् पट्टमहादेवाभिधः साधुसमन्वितः ।
नवफुल्लपुरोद्याने, समागाद् ज्ञानभासुरः ।। ९ ।। युग्मम् ।

तत्र देवकृते स्वर्णकमले विमलाशयः ।
सिंहासनमधिष्ठाय, तस्थिवान् स यतिप्रभुः ।। १० ।।





उद्यानपालै राजाऽथ, व्यज्ञप्यागमनं गुरोः ।
सोऽपि पौरपरिवारवृतस्तं वन्दितुं ययौ ।। ११ ।।

त्रयोऽपि बान्धवा रत्नप्रमुखाः सपरिच्छदाः ।
सादरं वन्दितुं जग्मुः, सूरिं दूरितपातकम् ।। १२ ।।

सुरासुरनराधीशपूर्णायां पर्षदि प्रभुः ।
जगज्जीवहितामेवं, विदधे धर्मदेशनाम् ।। १३ ।।

यास्यामीति जिनालयेऽत्र लभते ध्यायंश्चतुर्थं फलं,
षष्ठं चोत्थितमुद्यतोऽष्टममथो गन्तुं प्रवृत्तोऽध्वनि ।
श्रद्धालुर्दशमं बहिर्जिनगृहात्प्राप्तस्ततो द्वादशं,
मध्ये पाक्षिकमीक्षिते जिनपतौ मासोपवासं फलम् ।। १४ ।।

सयंपमज्जणे पुण्णं, सहस्सं च विलेवणे ।
सयसाहस्सिया माला, अणंतं गीयवाइए ।। १५ ।।


पूजाकोटिसमं स्तोत्रं, स्तोत्रकोटिसमो जपः ।
जपकोटीसमं ध्यानं, ध्यानकोटिसमो लयः ।। १६ ।।

इदं सामान्यतस्तीर्थ-कृतां सेवोद्भवं फलम् ।
श्रीशत्रुञ्जयतीर्थे तु, तदेव सुतरां महत् ।। १७ ।।

उक्तं च-धूवे पक्खोवासो मासक्खवणं कपूरधूवम्मि ।
कित्तियमासक्खवणं साहूपडिलाहिए लहइ ।। १८ ।।

अहो तीर्थस्य माहात्म्यं, पुण्डरीकमहागिरेः ।
पशवोऽपि हि यत्रस्था, लभन्ते त्रैदशं पदम् ।। १९ ।।

ततोऽपि रैवतगिरेः कृता सेवा महाफला ।
विमलाचलदेशत्वात्तद्रुपोऽयं यतः स्मृतः ।। २० ।।





विशेषस्त्वेष यन्नेमिः, पवित्रीकृतवान्निजैः ।
प्रव्रज्याज्ञाननिर्वाणकल्याणकमहामहैः ।। २१ ।।

श्रीमच्छैवेयमाहात्म्यं, ब्रुवाणा लौकिका अपि ।
श्रूयन्ते हि प्रभासारख्य-पुराणे वदतांवराः ।। २२ ।।

पद्मासनसमासीन-श्याममूर्त्तिर्दिगम्वरः ।
नेमिनाथः शिवेत्याख्या नाम चक्रेऽस्य वामनः ।। २३ ।।

कलिकालमहाघोरे, सर्वकल्मषनाशनः ।
दर्शनात्स्पर्शनादेव, कोटियज्ञफलप्रदः ।। २४ ।।

तस्माद्येन शिवासूनु-रुज्ज्रयन्ते नमस्कृतः ।
तेन श्रद्धावता नूनमुपयेमे शिवेन्दिरा ।। २५ ।।

इमां श्रुत्वा गुरोर्व्याख्यां, रत्नश्रावकपुङ्गवः ।
सभासमक्षमक्षामां, प्रतिज्ञां चकृवानिति ।। २६ ।।


ससङ्घेनोज्ज्रयन्ताद्रौ, द्रक्ष्यते यदुपो यदा ।
तदा मया ग्रहीतव्या, द्वितीया विकृतिर्ध्रुवम् ।। २७ ।।

एकभक्तावनीशीति-ब्रह्मव्रतविधिक्रिया ।
मया तदैव मोक्तव्या-भविष्यत्स नतो यदा ।। २८ ।।

ततो भूपादयः सर्वे, ययुः स्वस्वनिकेतनम् ।
आगृह्य रत्नः सूरीन्द्रान्, स्थापयामास तत्र च ।। २९ ।।

रत्नो रत्नादिवस्तूनि, ढौकनीकृत्य भूपतिम् ।
व्यजिज्ञपन्नेमियात्रा-कृते देव ! विसर्जय ।। ३० ।।

राज्ञोचे साधु साध्विच्छां, निजां पूरय धार्मिक ! ।
तस्यादेशमिति प्राप्य, हृष्टो रत्नोऽगमद्गृहम् ।। ३१ ।।





सङ्घं सम्मील्य वेगात्स, नृपदत्तचमूवृतः ।
बिम्बं संस्थाप्य सल्लग्ने, देवालयमचालयत् ।। ३२ ।।

प्रथमाष्टाह्निकाकृत्यं, स्वयं क्षितिपतिर्व्यधात् ।
अमारिघोषणासङ्घपूजाद्युत्सवपूर्वकम् ।। ३३ ।।

पोमिन्यथो बालसखीं, विजयां भूपवल्लभाम् ।
आप्रष्टुं जग्मुषी तस्याः, पपात पदपद्मयोः ।। ३४ ।।

स्वामिनि ! त्वत्प्रसादेन, त्वद्वियोगाक्षमाऽप्यहम् ।
यात्रां श्रीनेमिनाथस्य, कुर्वे रैवतकाचले ।। ३५ ।।

साऽप्याख्यत्सखि ! धन्यस्ते, पारं यातु मनोरथः ।
परं मा कृपणत्वेन, लज्जयेर्मा कदाचन ।। ३६ ।।

स्वर्णादिकं महद्दत्त्वा, धर्मव्ययकृतेऽनया ।
विसृष्टा चानुयानेन, पोमिणी सङ्घमाययौ ।। ३७ ।।


श्रीमान् पट्टमहादेव-सूरीन्द्रो विहरन् सह ।
धर्म्मोपदेशदानेन, भावनामपुषन्नृणाम् ।। ३८ ।।

कारभं वैसरं वार्षं, वीक्ष्य वित्तेन पूरितम् ।
प्रातस्तुषारवत्केषां, नागलत् कमलामदः ? ।। ३९ ।।

गजाश्वरथपादातमुच्चाः पटकुटीरपि ।
दर्शं दर्शं जनाः के न, स्वान्ते विस्मयमादधुः ? ।। ४० ।।

रत्नः पुरोगो मदन-पूर्णसिंहौ द्विपार्श्वगौ ।
पृष्ठगः कोमलः सङ्घं, रक्षन्तोऽग्रे प्रतस्थिरे ।। ४१ ।।

स्थाने स्थाने चैत्यपूजावात्सल्यदानकर्मभिः ।
ससङ्घो रत्नसङ्घेन्द्रोऽतनोज्जिनमतोन्नतिम् ।। ४२ ।।





सङ्घबन्धुप्रियापुत्रयुक्तो रत्नः पथि व्रजन् ।
रोलातोलौ महाशैलौ, प्राप्यास्थात्तन्मुखाग्रतः ।। ४३ ।।

तत्र चैत्यार्चनागीतनृत्यभोज्यादिकर्म्मभिः ।
सङ्घोऽतिवाहयामास, दिनं रात्रिं च रङ्गतः ।। ४४ ।।

प्रातः प्रस्थितिमान् सङ्घो, यावत्तच्छैलसङ्गमे ।
गन्तुं प्रवर्त्तते मार्गे, तावत्तेन पुरःस्थितः ।। ४५ ।।

कश्चित्कज्जलसच्छाय-कायो व्यात्तमुखोदरः ।
नृसिंहरूपभृद् दंष्ट्रा-करालोऽट्टट्टहासभृत् ।। ४६ ।।

अङ्कुशप्रतिरूपाग्र-जाग्रन्नखरदारुणः ।
बुभुक्षितो भक्षयामि, ब्रुवन्निति विलोकितः ।। ४७ ।।
त्रिभिर्विशेषकम् ।।

सङ्घाग्रग्रामुकैर्लोकैस्तस्माद्भीतैः पराङ्मुखैः ।
एत्य रक्षाकृतां राजपुत्राणां स न्यवेद्यत ।। ४८ ।।


निर्भयास्तेऽपि तं प्रोचुः, कस्त्वं किं त्वमुपाद्रवः ? ।
सङ्घं सुरोऽसुरो रक्षो वेति ब्रूह्यस्मदग्रतः ।। ४९ ।।

स वेतालोऽब्रवीदग्रे, यदि यास्यथ तद् ध्रुवम् ।
तिलचर्वं चर्वयिष्ये, सर्वानपि जनानिमान् ।। ५० ।।

तत्स्वरूपं सङ्घरक्षा-कारकैः सुभटैर्द्रुतम् ।
रत्नसङ्घ-पतेरग्रे, न्यगद्यत यथास्थितम् ।। ५१ ।।

रत्नस्तदा तदाकर्ण्य, कर्णक्रकचसन्निभम् ।
किं कर्त्तव्यं जडीभूय, चिन्तयांचकृवानिति ।। ५२ ।।

उपायः कोऽत्र कर्त्तव्यः ?, स्फोर्या काऽप्यथवा मतिः ।
सङ्घस्य का गतिर्भाविन्यस्मिन् विघ्ने ह्युपस्थिते ? ।। ५३ ।।





व्याघुट्य गम्यते पश्चात्केऽप्याहुः प्रियजीविताः ।
नूनं भक्षयिता रक्षस्तस्मादात्मा हि रक्ष्यते ।। ५४ ।।

म्रियते जीव्यते वापि, गम्यते पुरतो ध्रुवम् ।
श्रीनेमिं शरणीकृत्य, केचित्साहसिका जगुः ।। ५५ ।।

स्त्रीपुंसानां मिथो जल्पैर्भीतिस्फीत्यतिकातरैः ।
सङ्घे व्याकुलतां याते, रत्नो भट्टानभाषत ।। ५६ ।।

भो मागधास्तत्र गत्वा, नृसिंहं परिपृच्छत ।
कथं प्रसीदसि त्वं ? तत्, कृत्वा यामः पुरो वयम् ।।५७।।

इत्यादेशेन रत्नस्य, तेऽपि गत्वा तमब्रुवन् ।
सोऽप्याख्यदस्याद्रेः स्वामी, सुदाढो राक्षसोऽस्म्यहम् ।।५८।।

यद्येकं सङ्घपुरुषं, मह्यं भक्षाय यच्छत ।
तत्पलप्रीणितोऽत्यन्तं, क्लेशये नापरान् परान् ।। ५९ ।।


स्वप्रतिज्ञां न लुम्पामि, ततो यातु जनः सुखम् ।
निर्णीयेति वचस्तस्य, जगू रत्नाय मागधाः ।। ६० ।।

सङ्घलोकं मीलयित्वा, ततो रत्नोऽब्रवीदिदम् ।
अद्य मे पुण्यसम्पत्ति-रुदियाय गरीयसी ।। ६१ ।।

यदेष राक्षसो भुक्ते, पुंस्येकस्मिन् समाहितः ।
अन्यांस्त्यजति तद्यात, यूयं नेमिं नमस्यत ।। ६२ ।।

प्रोच्येति रत्ने मौनस्थे, राजपुत्राः सहोदरौ ।
प्रिया च तनयो हृष्टाः, प्रत्येकं ते बभाषिरे ।। ६३ ।।

सङ्घाधीश ! चिरं जीवास्मास्वेकस्य प्रदानतः ।
अनाथं त्वां विना सङ्घं, कोऽपरः पातुमीश्वरः ? ।। ६४ ।।





प्रत्येकं सोऽपि तान् सर्वांस्तत्कर्मकृतसाहसान् ।
न्यवारयदनेकाभिः, स वाग्भिर्वाग्मिनां वरः ।। ६५ ।।

सङ्घं प्रास्थापयद्रत्नो, मृत्यवे कृतनिश्चयः ।
रक्षसापि पुरो गच्छन्नोपाद्रावि जनोऽखिलः ।। ६६ ।।

सुधीः कृतार्थमात्मानं, मन्वानः सङ्घरक्षणात् ।
श्रीनेमिं शरणीकृत्य, रत्नोऽस्थाद्गिरिवत्स्थिरः ।। ६७ ।।

कायोत्सर्गं विधायाथ, पोमिण्यपि महासती, ।
तदृशोः परतो भूत्वा, तस्थौ भर्तृप्रियङ्करी ।। ६८ ।।

कोमलोऽपि पितुर्दुःखमसहिष्णुस्तदन्तिके ।
कायोत्सर्गं विधायास्थाद्धुर्यो धैर्यवतां नृणाम् ।। ६९ ।।

स रत्नं रत्नवत्क्षिप्त्वा, क्वचिच्छैलगुहान्तरे ।
शिलां दत्त्वा च तद्द्वारि, स्वयं बहिरुपाविशत् ।। ७० ।।


दुष्टः प्रस्फोटयन् पुच्छं सिंहनादं सृजंस्तथा ।
भापयामास तं सोऽपि, धर्मधीर्नाचलल्लयात् ।। ७१ ।।

तस्मिन्नवसरे सप्त, रैवताचलमूर्द्धनि ।
अम्बिकास्वामिनीं नन्तुं, क्षेत्रपाला इमे ययुः ।। ७२ ।।

मेघनादाह्वयः कालो, मेघो गिरिविदारणः ।
कपाटः सिंहनादश्च, खाटिको रैवताभिधः ।। ७३ ।।

अम्बां विज्ञपयामासुस्ते नत्वैकत्र सङ्गताः ।
महादेवि ! कुतो हेतो-रयमाकम्पते गिरिः ? ।। ७४ ।।

अस्माकं वसतामत्र, न जातमिति वैशसम् ।
यादृशं साम्प्रतं ह्यस्ति, तत्स्वामिनि ! विलोकय ।। ७५ ।।





ज्ञाने प्रयुक्ते व्यज्ञायि, देव्या कोऽपि नरोत्तरः ।
दुष्टेन केनचिद्गाढं, क्लिश्यमानो गुहान्तरे ।। ७६ ।।

तस्याशु मुक्तये सप्त, क्षेत्रपालयुता गता ।
पोमनीकोमलौ तत्र, तथास्थौ सा न्यरूपयत् ।। ७७ ।।

तयोस्तादृग्महासत्त्वं, दृष्ट्वा हृष्टाऽम्बिकासुरी ।
सम्प्राप्य कन्दराद्वारं, नृसिंहं तमतर्जयत् ।। ७८ ।।

अरे क्रुर ! करोषि त्वं, किमिदं दुष्टचेष्टितम् ? ।
यद्यस्ति काऽपि ते शक्तिस्तदा युद्धोद्यतो भव ।। ७९ ।।

तच्छ्रुत्वाघर्घराशब्दं, कृत्वा वीररसोद्धुरः ।
चकार स रणं घोरतरं तैः क्षेत्रपैः सह ।। ८० ।।

अम्बया चरणे धृत्वा, भ्रमयित्वाऽभितः शिरः ।
सोऽयं शिलायामाहत्य, यावत्संचूर्णयिष्यते ।। ८१ ।।


तावदम्बा दिव्यरूपं, नरमेकं पुरःस्थितम् ।
अद्राक्षीद्दयितापुत्र-युतं रत्नं च सुस्थितम् ।। ८२ ।।

ततः स देवरूपी ना, तुष्टो रत्नं तथाऽम्बिकाम् ।
क्षेत्रपालांश्च सप्तोचे, भो भोः ! श्रृणुत मद्वचः ।। ८३ ।।

यदा व्याख्याक्षणे सूरिर्माहात्म्यं चित्रकृत्सताम् ।
श्रीरैवतमहाशैलतीर्थव्याख्यानमातनोत् ।। ८४ ।।

तदा नृरत्नं रत्नोऽयं प्रतिज्ञां कृतवानिति ।
असूनामपि सन्देहे, नेमिर्वन्द्यो मया ध्रुवम् ।। ८५ ।।

तदैव शमराख्योऽहं, वैमानिकसुरो गुरोः ।
उपविष्टः पुरोऽभूवं, सोढवान्न च तद्वचः ।। ८६ ।।





ततो मया परीक्षाऽस्य, चक्रे स्थैर्यं विलोक्य च ।
एतज्जायापुत्रयोश्च, स्वचेतसि विसिष्मिये ।। ८७ ।।

कृतपुण्यानमून्मन्ये, स्वप्रतिज्ञाप्रपूरकान् ।
येषां रोमापि नो भिन्नमीदृक्कष्टेऽप्युपस्थिते ।। ८८ ।।

सत्येन युद्धं चेत्कुर्वे, न जीये त्वद्वादृशैः ।
सङ्घरक्षाकृतो यूयं, धन्या एव परं भुवि ।। ८९ ।।

क्षमयित्वा समालिङ्ग्य, रत्नं पुत्रप्रियान्वितम् ।
कृतानन्दस्य सङ्घस्य, मध्ये मुक्त्वा स उद्ययौ ।। ९० ।।

अम्बाद्या अपि सानन्दाः, स्वं स्वं स्थानमगुः सुराः ।
सङ्घोऽप्युल्लसदुत्साह, आरुक्षद्रैवताचलम् ।। ९१ ।।

हर्षोत्फुल्लदृगम्भोजै, रोमाञ्चोदञ्चदङ्गकैः ।
सङ्घपत्यादिभिर्लोकैरालुलोके शिवाङ्गभूः ।। ९२ ।।


नमस्कृत्य प्रभुं गत्वा, गजेन्द्रपदकुण्डके ।
स्नात्वा भृत्वा च सौवर्णकलशान् हारिवारिणा ।। ९३ ।।

प्रसर्पद्भावनोल्लासा, रत्नाद्या नेमिनं जिनम् ।
लेप्यबिम्बस्नात्रयुक्तिमजानाना मनागपि ।। ९४ ।।

गन्धोदकैस्तथाऽत्यन्तं, स्नपयामासुरादरात् ।
यथा विभिद्य सहसा, मूर्त्तिर्मृद्रूपतामगात् ।।९५।। त्रिभिर्विशेषकम्।।

विषसादाखिलः सङ्घः, श्रीरत्नस्तु विशेषतः ।
हा धिग्मां तीर्थविध्वंस-पापकश्मलिताङ्गकम् ।। ९६ ।।

स च सन्धां व्यधादेवं, यावत्तीर्थमिदं मया ।
नैवोद्धरिष्यते तावद्भोजनं न विधास्यते ।। ९७ ।।





इत्युक्त्वा सोदरौ सङ्घ-रक्षायै विनियुज्य सः ।
अम्बिकां मनसा कृत्वा, प्रावर्त्तत तपोविधौ ।। ९८ ।।

तदेकमानसो रत्नो, निष्प्रकम्पो गिरीन्द्रवत् ।

दूरे तत्याज निर्व्याजमतिरन्नस्पृहामपि ।। ९९ ।।

मासद्वयोपवासान्ते, स्वान्ते निश्चलतां दधत् ।
सोऽभाष्यत महासत्त्वो, दिव्य रूपभृताऽम्बया ।। १०० ।।

वत्सोत्तिष्ठ समागच्छ, सत्त्वाब्धे ! मयका समम् ।
निर्मिते सुरराजेन, श्रीकाञ्चनबलानके ।। १०१ ।।

एनं कृतानतिं नीत्वा, निशायां निजनेमिनः ।
द्वासप्ततिमिता मूर्त्तीर्दर्शयामास तत्र सा ।। १०२ ।।

रत्नहेमशिलारूप्य-मयान्यष्टादश क्रमात् ।
द्वासप्ततिमितान्येवं, बिम्बान्येक्ष्य जहर्ष सः ।। १०३ ।।


बिम्बमेकं स्फुरद्रूपं, रात्नं रत्नः स्पृशन् जगौ ।
अम्बां मातरिदं देहि, चैत्येऽहं स्थापये यथा ।। १०४ ।।

निषिद्धः सोऽम्बया वत्स !, कलिकालः समेष्यति ।
लोकास्तत्र भविष्यन्ति, सुतरामर्थलोलुपाः ।। १०५ ।।

पापे रता धर्मबाह्यास्तेभ्यो रत्नमयं त्विदम् ।
न छुट्टिष्यति तस्मात्ते, भवित्र्याशातना भृशम् ।।१०६।। युग्मम्।

बिम्बं वज्रमयं वज्र-सारमेतद्गृहाण तत् ।
तेनापि तद्वचो मेने, शुभायतिविचारिणा ।। १०७ ।।

उचे च तत्र हे मातरियद्बिम्बं कथं मया ।
नेतव्यं ? स तयाऽप्यूचे, सूत्रेणामेन वेष्टय ।। १०८ ।।





मा भैषीश्चल वेगेन, पश्चात् त्वं मा विलोकयेः ।
व्यावृत्याऽऽस्यं यत्र बिम्बं, द्रष्टा स्थास्यति तत्र भोः ।। १०९ ।।

इत्यम्बावचसा रत्नो, बिम्बमादाय सत्वरम् ।
निमेषवत् व्यतीयाय, कियतीमपि भूमिकाम् ।। ११० ।।

किं बिम्बमेति नो वेति, शमयाऽऽकुलमानसः ।
यावत्पश्चान्मुखं कृत्वा, सोऽपश्यत् स्पष्टया दृशा ।। १११ ।।

तावत्तत्रैव तद्बिम्बं, तस्थौ नेमेः सुनिश्चलम् ।
प्रासादद्वाररचना, तथैव च कृताऽमुना ।। ११२ ।।

आशीर्मुखो जनोऽवोचत्, तीर्थोद्धारं वितन्वता ।
रत्न ! त्वयाऽऽत्मा सङ्घश्चोद्दध्रे पातकसागरात् ।। ११३ ।।

तदा सङ्घेन हृष्टेन, श्रीसङ्घपतिना समम् ।
स्नात्राद्युत्सवनिर्माणैरगण्यं पुण्यमार्ज्यत ।। ११४ ।।


एवं प्रतिज्ञामापूर्य, रत्नः सङ्घसमन्वितः ।
उत्तीर्य रैवताच्चक्रे, सङ्घपूजादिकोत्सवम् ।। ११५ ।।

ततः श्रीपुण्डरीकाद्रौ, पुण्डरीकद्वयान्वितम् ।
श्रीमन्नाभेयदेवं स, ससङ्घः प्राणमत्तमाम् ।। ११६ ।।

अन्यान्यपि हि तीर्थानि, प्राणिपत्य स सत्वरम् ।
नवहु(फु)ल्लपुरं प्राप, राज्ञाकृतमहोत्सवम् ।। ११७ ।।

अमारिघोषणैश्चैत्य-परिपाटीमहामहैः ।
साधर्मिकादिवात्सल्यै, रत्नो व्यस्मापयज्जगत् ।। ११८ ।।

एवं रत्नः प्रतिप्रातः, पुण्यैः कोशमपूरयत् ।
जगतीं हारनीहार-सोदरैश्च यशोभरैः ।। ११९ ।।





इत्यादिभिर्धर्मकृत्यैः, श्रीरत्नः श्रावकोत्तमः ।
जिनशासनमुद्भाव्य, क्रमात्सुगतिभागभूत् ।। १२० ।।

इत्थं श्रीरत्नसङ्घेश्वरवररचितं श्रोत्रपात्रैकपेयं,
कृत्वा यात्रादिकृत्यैर्गुरुपदकमलासेवनैश्चातिमात्रम् ।
तादृग् लब्ध्याद्यभावादपि कुरुततरामुत्सवान् जैनधर्मे,
येन स्याद्बोधिबीजोदयचयवशतस्तीर्थकृत्त्वादिलक्ष्मीः ।।१२१।।

लब्ध्याद्यभावेऽपि जिनमतप्रभावकविषये रत्नश्रावककथा ।

ટીકાર્થ : પૂર્વે કહેલા પ્રકારની લબ્ધિનો અભાવ હોય તો શું કરવું ? કારણ કે સર્વ કાળમાં પૂર્વે કહેલી લબ્ધિઓ હોતી નથી, અને વળી આ (પંચમ આરામાં) નિરતિશય કાલ છે તો તેમાં શું કરવું તે બતાવે છે કે - યાત્રા કરવી - શ્રી શત્રુંજ્ય આદિ મહાતીર્થોમાં ચતુર્વિધ સંઘની સાથે ઉત્સાહપૂર્વક જવું. અથવા યુગપ્રધાનાદિને વંદન કરવા મોટી ઋદ્ધિ સહિત સન્મુખ જવું. પુષ્પાદિ વડે જિનેશ્વર ભગવંતની પૂજા કરવી. વળી ગુરુ ભગવંતોની વંદનાદિ - શુશ્રૂષા કરવી. આદિ શબ્દથી અભયદાન આપવું, દાનશાળા ખોલવી, પડહો વગડાવવા પૂર્વક દાન દેવું. આવા પ્રકારના કૃત્યો કરવાથી શું થાય ? તો કહે છે કે લોકોના મનમાં પ્રીતિ ઉત્પન્ન થાય, અને વળી બીજું એ કે જિનધર્મની સન્મુખ થવાય. (અહોભાવ - ભક્તિ આદિ પણ થાય.)

યાત્રા - પૂજા આદિ કોની કરવી ? તો તેના જવાબમાં કહે છે કે અરિહંત પરમાત્મા સંબંધી અને ગુરુ ભગવંત સંબંધી સર્વ અનુષ્ઠાનો જિનશાસનની પ્રભાવના કરે છે. આ બધા અનુષ્ઠાનો પણ કેવી રીતે કરવાના ? તો કહે છે કે (મન-વચન-કાયા) ત્રિકરણ શુદ્ધિથી કરવાથી જિનશાસનનો મહિમા વધે છે. એ



પ્રમાણે ગાથાર્થ થયો. ભાવાર્થ તો સંઘપતિ શ્રી રત્નશ્રાવકના દૃષ્ટાંત વડે વિસ્તારાય છે અને તે આ પ્રમાણે :

કાશ્મીરમંડલ નામના દેશમાં ઉત્તર દિશામાં મદોન્મત્ત કામીજનોને ક્રીડાના સ્થાનભૂત નવફૂલ્લક નામનું નગર છે. ત્યાં પરાક્રમથી દિશાચક્રને ધ્રુજાવનાર, શત્રુનો ક્ષય કરનાર, પોતાના વંશ રૂપી સરોવરમાં હંસ સમાન 'નવહંસ' નામનો રાજા હતો. અત્યંત નિર્દયમાં નિર્દય પણ મિત્રોને તે આનંદ પમાડતો હતો. એટલું જ નહિ પણ જેના ઉપર ઉલ્લાસ પામતો તેવા શત્રુને પણ આનંદ પમાડતો હતો. તેને રંભાને પણ જીતનારી, કોમલ વાણીથી કોયલની જેવી મનોહર 'વિજ્યાદેવી' નામની પત્ની હતી.

આ જ નગરમાં અનન્ય લક્ષ્મીવાન્ = અતિ ધનાઢ્ય, સૌભાગ્ય-શાળી, ભાવુક, કલા વડે પૂર્ણિમાના ચંદ્રને પણ જીતનારો એવો પૂર્ણચંદ્ર નામનો શ્રેષ્ઠી હતો. તેને રાજમાન્ય રત્નત્રયની જેમ અદ્ભૂત પુરુષરત્ન એવા ત્રણ પુત્રો હતા. તેમાં પહેલાનું નામ શ્રીરત્ન, બીજાનું નામ મદન અને ત્રીજાનું નામ પૂર્ણસિંહ હતું. તેમાં પ્રથમ પુત્ર શ્રી રત્નની લોકપ્રિય ગુણવાળી પોમિણી નામની પ્રિયા હતી. તેને ગુણવાન એવો કોમલ નામનો પુત્ર હતો. શ્રી નેમિકુમારના નિર્વાણ પછી ૮૦૦૦ વર્ષ ગયા પછી મુનિપ્રવર શ્રી પટ્ટમહાદેવ નામના કેવલજ્ઞાની ભગવંત સાધુ પરિવાર સાથે નવફુલ્લપુરના ઉદ્યાનમાં સમોસર્યા. ત્યાં દેવે કરેલા સુવર્ણકમલમાં વિમલ આશયવાળા, મુનિઓના સ્વામી સિંહાસન ઉપર બેઠા. ત્યારે ઉદ્યાનપાલકે રાજાને ગુરુના આગમનની જાણ કરી. તેથી રાજા પણ નગરજનો અને




પરિવાર સહિત વંદન કરવા આવ્યો. રત્ન પ્રમુખ ત્રણે બાંધવો પરિવાર સહિત પાપનાશક એવા સૂરિને વંદન કરવા આવ્યા.

સુર-અસુર-નરેન્દ્રોથી પૂર્ણ પર્ષદામાં પ્રભુએ જગતના લોકોના હિતને માટે આ પ્રમાણે ધર્મદેશના આપી કે, ''હું દેરાસર જઈશ'' એમ વિચારતાં એક ઉપવાસનું ફલ મળે, જિનવર જુહારવા ઉઠતા છટ્ઠ = ૨ ઉપવાસનું ફલ મલે, માર્ગમાં જવા પ્રવૃત્ત થતા અટ્ઠમનું ફળ મલે, શ્રદ્ધા થતાં ૪ ઉપવાસનું ફલ મલે, જિનમંદિરની બહાર સુધી આવતા પાંચ ઉપવાસનું ફલ મલે, જિનમંદિરની મધ્યે આવતા ૧૫ ઉપવાસનું ફલ મલે અને જિનેશ્વરને જોવા માત્રથી એક મહિનાના ઉપવાસનું ફલ મલે, જિનની પ્રમાર્જના કરતા ૧૦૦ ઉપવાસનું ફળ, જિનેશ્વરને વિલેપન કરતા ૧૦૦૦ ઉપવાસનું ફલ મલે. તેનાથી ૧૦૦ ઘણું ફળ (૧૦૦×૧૦૦૦=૧૦૦૦૦૦ ઉપવાસનું ફળ) પ્રભુને માલારોપણ કરતા પામે, ગીત-નૃત્યાદિ કરતા અનંતગણું ફળ પામે છે.

એક વાર સ્તોત્રપાઠ કરતા ક્રોડ પૂજાનું ફળ મળે, ક્રોડ સ્તોત્રપાઠ સમાન એક વારના જપનું ફળ છે, ક્રોડ જાપ સમાન એક વારના ધ્યાનનું ફળ છે અને ક્રોડ વારના ધ્યાન સમાન એક લય જાણવો. આ પ્રમાણે સામાન્યથી જિનસેવાનું ફળ મળે, પરંતુ શ્રી શત્રુંજ્ય તીર્થમાં તો એ જ સેવાથી મહાન ફળ થાય.

આગમમાં પણ કહ્યું છે કે, ''ત્યાં ધૂપપૂજા કરતાં ૧૫ ઉપવાસનું ફળ મળે, કપૂરનો ધૂપ કરતા માસક્ષમણનું ફળ પામે, સાધુને ગોચરી વહોરાવતા પ્રશંસા કરે તો માસક્ષમણનું ફળ પામે છે.'' અહો ! શ્રી પુંડરિક મહાગિરિ તીર્થનો મહિમા તો જુઓ






કે જ્યાં રહેલા પશુઓ પણ દેવપણાને પામે છે. તેનાથી પણ રૈવતગિરિની કરેલી સેવા મહાન ફળવાળી છે, કારણ કે તે પણ (રૈવતગિરિ પણ) વિમલાચલનો અંશ જ હોવાથી મહાન જ છે, અને વિશેષમાં તે ગિરિ શ્રી નેમિનાથ ભગવાનના દીક્ષા-કેવલજ્ઞાન-નિર્વાણ કલ્યાણકોના મહામહોત્સવથી પાવન બનેલ છે.

વળી પ્રભાસાર નામના પુરાણમાં શિવના મહિમાને બોલતા લોકો સંભાળાય પણ છે કે, ''પદ્માસને રહેલ શ્યામમૂર્તિ નેમિનાથનું 'શિવ' એ પ્રમાણે નામ કર્યું છે.'' મહાઘોર કલિકાલમાં સર્વ પાપનાશક, જેમના દર્શન-સ્પર્શન જ ક્રોડો યજ્ઞના ફળને આપનારા છે. તેથી જ શિવાદેવીના જાયા એવા નેમિનાથ પ્રભુ રૈવતગિરિમાં જેના વડે નમસ્કાર કરાયા છે, તે શ્રદ્ધાવાળાને નક્કી શિવસુંદરી પરણે છે.''

આ પ્રમાણે ગુરુના મુખથી દેશનાને સાંભળીને શ્રાવકોમાં અગ્રણી એવા રત્નશ્રાવકે સભા સમક્ષ આ પ્રમાણે અત્યંત આકરી પ્રતિજ્ઞા કરી કે, ''જયાં સુધી હું સંઘ સહિત ગિરનારના દર્શન કરું નહિ, ત્યાં બિરાજમાન પ્રભુના રૂપને નિહાળું નહિ ત્યાં સુધી બીજા નંબરની વિગઈ = દહીં હું નક્કી નહી વાપરું. નિત્ય એકાશન, ભૂમિશયન, બ્રહ્મચર્યનું પાલન, વિધિપૂર્વક આવશ્યકાદિ ક્રિયા કરીશ. હું ત્યારે જ વિશિષ્ટ આહારાદિ વાપરીશ કે જ્યારે નેમિશ્વરને નમન કરીશ.'' ત્યાર પછી રાજાદિ સર્વે પોત-પોતાના સ્થાને ગયા. ત્યાર પછી રત્નશ્રાવકે સૂરીશ્વરને ત્યાં જ રહેવાની વિનંતિ કરી અને ત્યાં જ રાખ્યા.

હવે શ્રી રત્નશ્રાવક રત્નાદિ વસ્તુ ભેટણા રૂપે લઈ રાજાની પાસે આવી વિનંતિ કરે છે કે, ''હે દેવ ! શ્રી નેમિજિનેશ્વરની






યાત્રા કરવા માટે રજા આપો.'' રાજાએ પણ કહ્યું, ''બહુ સારું, બહુ સારું. તારી ઈચ્છા પૂર્ણ કર.'' આ પ્રમાણે રાજાનો આદેશ મળતા રત્નશ્રાવક હર્ષ પામ્યો અને પોતાના ઘરે આવ્યો, અને શુભલગ્ને દેવાલયમાં જિનબિંબને સ્થાપન કરીને (રથમાં પ્રભુને પધરાવીને) રાજાએ આપેલ સૈન્ય સાથે સંઘ સાથે તેણે રૈવતાચલ ભણી પ્રયાણ કર્યું. ત્યારે સંઘના મંગલ પ્રસ્થાન વેળાએ અમારિ ઘોષણા, સંઘપૂજાદિ ઉત્સવપૂર્વક રાજાએ પોતે અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો.

શ્રી રત્નશ્રાવકની યાત્રા કરવાની ઈચ્છાવાળી એવી ધર્મપત્ની પોમિણી પોતાની બાલ્યકાળની સખી એવી રાજાની પત્ની વિજ્યાની પાસે જાય છે અને તેના ચરણકમલમાં પડી કહે છે કે, ''હે સ્વામિનિ ! તારા વિયોગને સહન કરવા હું અસમર્થ છું તો પણ હું તારી કૃપાથી રૈવતાચલ પર્વત ઉપર બિરાજમાન શ્રી નેમિનાથની યાત્રા કરીશ.'' ત્યારે રાણીએ પણ કહ્યું, ''હે સખી ! ખરેખર તું ધન્ય છે ! તારો મનોરથ પૂર્ણ થાઓ, પરંતુ ક્યારે પણ કૃપણતાથી મને લજ્જા પમાડીશ નહીં.'' એમ કહી ધર્મકાર્યમાં વાપરવા માટે ઘણું-ઘણું સુવર્ણાદિ આપી તેને વિસર્જન કરી અને પોમિણી પાછળથી વાહન દ્વારા સંઘમાં ભેગી થઈ.


સંઘની સાથે વિચરતા શ્રીમાન્ પટ્ટમહાદેવસૂરિ ધર્મોપદેશદાન વડે માનવોના ભાવોની પુષ્ટિ કરતા હતા. ધનાદિથી ભરેલા ઉંટ-ઘોડા-ઋષભને જોઈને પ્રાતઃકાળના ગળી પડતા ઝાંકળબિંદુની જેમ ધનનો મદ કોનો ગળતો નથી ? અર્થાત્ લોકોનો ધનનો મદ ગળવા માંડ્યો. વળી હાથી, ઘોડા, રથ, પદાતિ, તંબુ આદિની શોભા જોઈ જોઈને કયા લોકોએ





હૃદયમાં આશ્ચર્ય ધારણ ન કર્યું ? અર્થાત્ બધા જ વિસ્મય પામ્યા. શ્રી રત્નશ્રેષ્ઠી સંઘની આગળ, મદન અને અને પૂર્ણસિંહ સંઘની બંને બાજુ અને કોમલ સંઘની પાછળ રક્ષણ કરતા કરતા આગળ ચાલતા હતા. સ્થાને સ્થાને ચૈત્યપૂજા, સાધર્મિકવાત્સલ્ય, દાન આદિ દ્વારા સંઘ સહિત સંઘપતિ શ્રી રત્નશ્રાવક શ્રી જિનશાસનની પ્રભાવના કરતો હતો. સંઘ, ભાઈઓ, પ્રિયા, પુત્રથી યુક્ત શ્રી રત્ન માર્ગમાં આગળ જતા જતા રોલાતોલ મહાપર્વતની તળેટીએ આવ્યા અને ત્યાં જ પડાવ નાંખ્યો. ત્યાં જિનપૂજા, ગીત-નૃત્ય, ભોજનાદિ કાર્ય કરીને સંઘે દિવસ અને રાત્રિ આનંદપૂર્વક પસાર કરી.

ત્યાં રહેલો સંઘ પ્રાતઃકાળે પર્વતના સંગમ સ્થાને જવા માટે જેટલામાં માર્ગમાં પ્રવૃત્ત થયો તેટલામાં તો કાજલ જેવી શ્યામ કાયાવાળો, પહોળા મુખવાળો, વિકરાલ દાંતવાળો, અટ્ટહાસ્ય કરતો, અંકુશ જેવા તીક્ષ્ણ નખવાળો અને રક્ત કાંતિમય એવો એક રાક્ષસ કે જે ''હું ભૂખ્યો છું માટે તમને ખાઈ જઈશ'' એવી બૂમો પાડતો હતો તેને જોયો. તેથી ભયભીત બનેલા, સંઘના અગ્રભાગમાં રહેલા એવા પાછા ફરતા ગ્રામીણ લોકોએ રક્ષા કરતા રાજપુત્રોની આગળ તે હકીકત જણાવી. નિર્ભય એવા એઓએ પણ રાક્ષસને કહ્યું, ''તું કોણ છે ? તું શા માટે અમને ઉપદ્રવ કરે છે ? અથવા સંઘનું તો સુર-અસુરો પણ રક્ષણ કરે છે કે નહીં તે તું અમને કહે.'' ત્યારે તે વેતાલ બોલ્યો, ''જો તમે લોકો આગળ જશો તો નક્કી સર્વ લોકોને તલપાપડીની જેમ ચાવી જઈશ.'' આ પ્રમાણે તેનું યથાસ્થિત સ્વરૂપ સંઘરક્ષા કરનારા સુભટોએ જલ્દીથી રત્નસંઘપતિને જણાવ્યું.



ત્યારે રત્નસંઘપતિ પણ કર્ણને માટે કરવત જેવા તે સમાચાર સાંભળીને કિંકર્તવ્યમૂઢ બનેલો (હવે હું શું કરું ?) આ પ્રમાણે ચિંતા કરવા લાગ્યો કે, ''અહીં કયો ઉપાય કરવા યોગ્ય છે ?'' અથવા ''કઈ બુદ્ધિ ફોરવવી ? આ વિઘ્ન આવી પડતા હવે સંઘની શી ગતિ થશે ?'' આ પરિસ્થિતિ ઉપસ્થિત થતા જીવિત જેમને પ્રિય છે એવા જીવો કહેવા લાગ્યા કે, ''ચાલો... પાછા વળી જઈએ નહિતર નક્કી આ રાક્ષસ આપણું ભક્ષણ કરી જશે તેના કરતા તો (પાછા વળીને) આત્માનું રક્ષણ કરીએ.'' તો કેટલાક સાહસિકો બોલવા લાગ્યા કે, ''જીવીએ કે મરીએ પણ શ્રી નેમિજિનનું શરણ સ્વીકારી નિશ્ચે આગળ જઈએ.'' તો ભયથી અતિકાયર બનેલા સ્ત્રી-પુરુષોના પરસ્પર બોલવાથી સંઘમાં વ્યાકુળતા વ્યાપતાં શ્રી રત્નશ્રાવકે ભટ્ટોને કહ્યું, ''ઓ માગધો ! તમે ત્યાં જઈ તે રાક્ષસને પૂછો કે તું કેવી રીતે પ્રસન્ન થઈશ ? તે જણાવ, તો તે કરીને અમે આગળ જઈએ.'' એ પ્રમાણે શ્રી રત્નના આદેશથી તેઓ ત્યાં ગયા અને તેને તે પ્રમાણે કહ્યું.

તે સાંભળી તે રાક્ષસે પણ કહ્યું, ''હું આ પર્વતનો સુદાઢ નામનો રાક્ષસ છું. જો તમે મને સંઘનો પુરુષ ખાવા માટે આપો તો તેના માંસભક્ષણથી અત્યંત ખુશ થયેલો હું બીજા કોઈને પણ ક્લેશ નહી આપું. હું મારી પ્રતિજ્ઞાનો લોપ નહી કરું. અને તે પછી તમે બધા સુખેથી આગળ પ્રયાણ કરો.'' આ પ્રમાણે તેના વચનોને સાંભળીને માગધોએ રત્નશ્રેષ્ઠીને તે પ્રમાણે કહ્યું. ત્યારે રત્નશ્રેષ્ઠી પણ સંઘને બોલાવીને કહે છે કે, ''આજે મારી મહાન પુણ્ય સંપત્તિ ઉદય પામી છે કે જે આ રાક્ષસ એક પુરુષનું ભક્ષણ

કર્યા પછી બીજાઓને મારશે નહી. તેથી તમે સર્વે જાઓ અને શ્રી નેમિજિનને વંદન કરો.'' આ પ્રમાણે કહી શ્રી રત્નશ્રેષ્ઠી મૌન રહ્યા ત્યારે રાજપુત્રો, ભાઈઓ, ધર્મપત્ની, પુત્ર આદિ સર્વે હર્ષ પામી કહેવા લાગ્યા, ''હે સંઘાધીશ ! સંઘપતિ ! અમારા એકના જીવિતના ભોગ વડે તમે લાંબો કાળ જીવો. તમારા વિના અનાથ એવા સંઘનું રક્ષણ કરવા બીજો કોણ સમર્થ છે ? ત્યારે વાણીમાં ચતુર એવા શ્રી રત્નશ્રાવકે પણ અનેક યુક્તિઓ વડે (ઘણી સમજાવટ કરીને) મરણને માટે સાહસ કરેલા તે સર્વેને વાર્યા અને સંઘને આગળ મોકલ્યો. મરણ માટે નિશ્ચય કરેલો એવો શ્રી રત્ન રાક્ષસની પાસે ગયો અને સર્વે લોકોને ઉપદ્રવ વિનાના કર્યા. સંઘનું રક્ષણ કરવા વડે પોતાના આત્માને કૃતાર્થ માનતો બુદ્ધિશાળી એવો તે શ્રી નેમિજિનનું શરણું સ્વીકારી રાક્ષસની પાસે ગિરિની જેમ સ્થિર રહ્યો. હવે પોતાના પતિનું પ્રિય કરનારી એવી પોમિણી મહાસતી પણ પતિની દૃષ્ટિથી દૂર કાયોત્સર્ગ કરીને ત્યાં જ રહી. ધીર પુરુષોમાં અગ્રણી, પિતાના દુઃખને નહી સહન કરતો કોમલ પણ તેની પાસે (માતાની પાસે) કાયોત્સર્ગ કરીને રહ્યો. તે રાક્ષસે પણ રત્નશ્રેષ્ઠીને રત્નની જેમ કોઈ પર્વતની ગુફામાં નાંખીને અને તેનું દ્વાર શિલાથી બંધ કરી, પોતે ગુફાની બહાર બેઠો. દુષ્ટ એવો તે પૂછડાને પછાડતો, સિંહનાદ કરતો તેને ભય પમાડવા લાગ્યો તો પણ ધર્મી એવો તે ધર્મધ્યાનથી ચલાયમાન થયો નહી.


હવે તે અવસરે રૈવતાચલ પર્વત ઉપર રહેલી અંબિકાદેવીને નમસ્કાર કરવા માટે મેઘનાદની સંજ્ઞાવાળા કાલ, મેઘ, ગિરિવિદારણ, કપાટ, સિંહનાદ, ખાટિક અને રૈવત એ નામના



સાત ક્ષેત્રપાલો જતા હતા. અંબિકાદેવીને નમસ્કાર કરી સર્વે એકત્ર થઈને અંબાને વિનંતિ કરવા લાગ્યા, ''હે મહાદેવી ! શા કારણથી આ પર્વત કંપાયમાન થાય છે ? અમે અહીં રહેતા છતાં અત્યાર સુધી ક્યારેય આવું વિકૃત વાતાવરણ થયું નથી જે હાલમાં થયું છે તો હે સ્વામિનિ ! તમે તે બતાવો (જુઓ)'', જ્ઞાનનો ઉપયોગ મૂક્તા દેવીને જણાયું કે કોઈ દુષ્ટ એવો રાક્ષસ કોઈ ઉત્તમ માનવને ગુફામાં ક્લેશ પમાડી રહ્યો છે. તેને મુક્ત કરવા સાત ક્ષેત્રપાલ સહિત દેવી જલ્દીથી ત્યાં ગઈ. તે પ્રકારે ત્યાં રહેલા પોમિણી અને કોમલને પણ દેવીએ જોયા અને તે બંનેના તેવા મહાસત્ત્વને જોઈને અંબિકાદેવી હર્ષ પામી અને ગુફાના દ્વારે આવીને તે રાક્ષસને તર્જના કરતી બોલી, ''અરે ક્રૂર ! શા માટે આવું દુષ્ટ આચરણ કરે છે ? જો તારી પાસે શક્તિ હોય તો યુદ્ધ કરવા તૈયાર થા.''

તે સાંભળીને તે રાક્ષસે ક્ષેત્રપાલોની સાથે ધર્ઘર શબ્દ કરતા, વીરરસને પ્રગટ કરી અત્યંત ભીષણ યુદ્ધ કર્યું. અંબાદેવી પણ રાક્ષસને પગથી પકડી, ચારે બાજુ તેનું માથુ ભમાડીને, તેને શિલા ઉપર અફાળીને જેટલામાં ચૂર્ણ કરવા જાય છે ત્યાં તો અંબાદેવી પોતાની આગળ રહેલા એ દિવ્ય પુરુષને જુએ છે અને સ્વસ્થ રહેલા એવા પત્ની-પુત્ર યુક્ત શ્રી રત્નશ્રેષ્ઠીને પણ જુએ છે. પછી સંતુષ્ટ થયેલો દિવ્ય રૂપધારી તે પુરુષ શ્રીરત્નને, અંબિકાદેવીને તથા સાત ક્ષેત્રપાલોને કહે છે કે, ''અરે ... અરે... તમે મારા વચનને સાંભળો.


એક વાર જ્યારે વ્યાખ્યાન અવસરે સૂરિજીએ સજ્જનોના ચિત્તને ચમત્કાર પમાડનાર શ્રી રૈવતાચલ તીર્થનો મહિમા





વર્ણવ્યો, ત્યારે નરરત્ન એવા આ રત્ને આ પ્રતિજ્ઞા કરી હતી કે ભલે મારા પ્રાણ ચાલ્યા જાય તો પણ હું નિશ્ચે શ્રી નેમિજિનને વંદન કરીશ જ. તે સમયે શંકર નામનો વૈમાનિક દેવ એવો હું ગુરુની આગળ જ બેઠો હતો. અને તેના તે પ્રતિજ્ઞાવચનને હું સહન કરી શક્યો નહીં. તેથી મેં તેની પરીક્ષા કરી અને તેમાં તેની આ પત્ની તથા પુત્રની સ્થિરતા જોઈ હું ચિત્તમાં વિસ્મય પામ્યો છું. પોતાની પ્રતિજ્ઞા પૂરી કરનાર તેઓ કૃતપુણ્ય છે. આવું કષ્ટ ઉપસ્થિત થવા છતાં તેમનું એક રૂંવાડુ પણ ફરક્યું નથી. સત્યની સાથે યુદ્ધ કરતા એવા તમોને અમારા જેવા દેવો પણ જીતી શકતા નથી. વળી સંઘની રક્ષા કરનાર એવા તમે આ પૃથ્વી ઉપર અત્યંત ધન્ય છો.'' પછી પ્રિયા-પુત્ર સહિત શ્રી રત્નને ખમાવીને, તેને આલિંગન કરીને, આનંદ પામેલા સંઘની મધ્યમાં શ્રી રત્નને મૂકીને તે દેવ દિવ્યલોકે ગયો. આનંદિત થયેલા અંબિકાદેવી તથા ક્ષેત્રપાલાદિ દેવો પણ પોતપોતાના સ્થાને ગયા. અને સંઘ પણ ઉછળતા ઉલ્લાસથી રૈવતાચલ પર્વત ઉપર ચઢવા લાગ્યો.

હર્ષથી વિકસિત થયેલા નયનકમળવાળા, રોમાંચિત દેહવાળા સંઘપતિ આદિ લોકોએ શિવાદેવી જાયાના દર્શન કર્યા. પ્રભુને નમન કરી, ગજેન્દ્રપદ કુંડમાં સ્નાન કરી અને નિર્મલ જલથી સુવર્ણના કલશોને ભરીને, વૃદ્ધિ પામતા ભાવોલ્લાસ પૂર્વક, લેપવાળા બિંબની સ્નાત્રયુક્તિને (અભિષેક વિધિને) જરા પણ નહીં જાણતા એવા રત્નશ્રેષ્ઠી આદિ લોકોએ શ્રી નેમિજિનનો (લેપમય શ્રી નેમિજિનના બિંબનો) આદરપૂર્વક સુગંધમય પાણીથી અત્યંત અભિષેક કર્યો. જેથી એકાએક તે મૂર્તિ ગળી






ગઈ અને માટી રૂપ બની ગઈ. તેથી સમગ્ર સંઘ વિષાદ પામ્યો. એમાં પણ શ્રી રત્નને વધુ ખેદ થયો કે, ''હા.. તીર્થના નાશરૂપ પાપથી દેહને કલંકિત કરનાર એવા મને ધિક્કાર થાઓ !'' અને તૂર્ત જ તેણે આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી કે ''જ્યાં સુધી હું આ તીર્થનો ઉદ્ધાર નહી કરું ત્યાં સુધી હું ભોજન કરીશ નહિં.''

આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી બંને ભાઈઓને સંઘની રક્ષા માટે જોડીને અને પોતે મનમાં અંબિકાદેવીનું ધ્યાન ધરીને ઉપવાસ કરીને રહ્યો. હવે નિષ્પ્રકંપ મેરૂની જેમ તે રત્ન એકાગ્ર મનવાળો બન્યો. અને તેથી જ સ્વચ્છ મતિવાળા તેણે અન્નની સ્પૃહા પણ છોડી દીધી. એમ કરતા કરતા બે મહિનાના ઉપવાસ થયા ત્યારે તેના મહાસત્ત્વ અને નિશ્ચલતાથી અંબિકાદેવી પ્રગટ થયા અને કહે છે, ''હે વત્સ ! તું ઉભો થા. હે સત્ત્વના સાગર ! ઈંદ્ર મહારાજે નિર્માણ કરેલી શ્રી કાંચનબલાનક ટૂંક ઉપર તું મારી સાથે ચાલ.'' પછી રત્ને પણ દેવીને પ્રણામ કર્યા. તેને લઈને દેવી રાત્રે ત્યાં ગઈ અને ત્યાં પોતાની પાસે રહેલી શ્રી નેમિનાથની ૭૨ સંખ્યા પ્રમાણ મૂર્તિઓ બતાવી. રત્નની, સુવર્ણની, ચાંદીની અને પાષાણની એમ અનુક્રમે ૧૮-૧૮ પ્રતિમાઓ મળી કુલ ૭૨ પ્રતિમાઓને જોઈને શ્રીરત્ન હર્ષ પામ્યો. સ્ફુરાયમાન કાંતિવાળાં એક રત્નના બિંબને સ્પર્શ કરી શ્રીરત્ને અંબિકાદેવીને કહ્યું કે, ''હે માતા ! મને આ બિંબ આપો જેથી હું તે બિંબને મંદિરમાં સ્થાપન કરું.''

તે સાંભળીને અંબાદેવીએ નિષેધ કર્યો કે, ''હે વત્સ ! હવે પછી ભયંકર કલિકાલ આવશે. લોકો પણ અત્યંત ધનલોલુપી થશે. પાપમાં રક્ત અને ધર્મબાહ્ય લોકો આ રત્નમય પ્રતિમાને






પણ છોડશે નહિ, અને તેથી અત્યંત આશાતનાં થશે. માટે વજ્ર જેવું આ વજ્રમયબિંબ તું ગ્રહણ કર.'' શુભ ભાવિને વિચારતા તેણે પણ દેવીનું વચન માન્ય કર્યું અને કહ્યું, ''હે માતા ! આ બિંબ હું ત્યાં કેવી રીતે લઈ જાઉં ?'' ત્યારે દેવીએ કહ્યું, ''આ કાચા સૂતરથી પ્રતિમાને વીંટાળી દે. તું ભય પામીશ નહીં અને અહીંથી જલ્દી પ્રયાણ કર. માર્ગમાં જતા પાછું ફરીને જોઈશ નહીં અને જો તું પાછુ વળીને જોશે તો ત્યાં જ એ બિંબ સ્થિર થઈ જાશે.''

આ પ્રમાણે દેવીના વચનને સ્વીકારી, બિંબને લઈને શ્રીરત્ન તરત જ ત્યાંથી ચાલ્યો અને આંખના પલકારામાં તો કેટલીય ભૂમિનું ઉલ્લંઘન કરી ગયો અને પછી શું બિંબ પાછળ આવે છે કે નહિ એ શંકાથી વ્યાકુળ મનવાળો તે જેટલામાં પાછળ મુખ કરીને આંખોથી જુએ છે તેટલામાં તો શ્રીનેમિજિનનું તે બિંબ ત્યાં જ સુનિશ્ચલ થઈ ગયું તેથી શ્રીરત્ને ત્યાં જ જિનમંદિર-દ્વારાદિની રચના કરાવી. તે સમયે લોકો પણ તેને આશીર્વાદ આપવા લાગ્યા કે, ''હે રત્ન ! ખરેખર ! તીર્થોદ્ધાર કરતા એવા તેં તારા આત્માનો અને સંઘનો પાપ રૂપી સાગરથી ઉદ્ધાર કર્યો છે.'' ત્યારે ત્યાં હર્ષ પામેલા સંઘે શ્રી સંઘપતિની સાથે સ્નાત્રાદિ ઉત્સવ કર્યો અને અખૂટ પુણ્યોપાર્જન કર્યું.

આ પ્રમાણે પ્રતિજ્ઞા પૂર્ણ કરી સંઘની સાથે શ્રીરત્ને રૈવતાચલથી નીચે ઉતરીને સંઘપૂજાદિ મહોત્સવ કર્યો. ત્યારપછી શ્રી પુંડરિક ગિરિ ઉપર સંઘની સાથે બે પુંડરિકથી યુક્ત (૧) શ્રી પુંડરીક સ્વામી (૨) શ્વેત કમળવાળા શ્રી નાભિપુત્ર શ્રી



ઋષભદેવને અત્યંતભાવથી વંદના કરી. પછી બીજા પણ તીર્થોને પ્રણામ કરી શ્રીરત્ન જલ્દીથી નવફુલ્લક નગરમાં આવ્યો. ત્યારે રાજાએ પણ તેનો પ્રવેશ મહોત્સવ કર્યો. અમારી ઘોષણા, ચૈત્યપરિપાટી વિગેરે મહામહોત્સવો તથા સાધર્મિકાદિ વાત્સલ્ય કરવા દ્વારા શ્રીરત્નશ્રેષ્ઠી જગતના જીવોને આશ્ચર્ય પમાડવા લાગ્યો. આ પ્રમાણે રત્ન શ્રાવક દરેક પ્રાતઃકાળે હાર-નીહાર જેવા (મોતીની માળા અને હિમની ઉજ્જવળતાવાળા) યશ વડે અને પુણ્ય વડે જગતમાં પુણ્યના કોશોને પૂરતો હતો. આ પ્રમાણે અનેક આવા ધર્મકાર્યો વડે જિનશાસનની પ્રભાવના કરી શ્રાવકોત્તમ એવા શ્રીરત્ન અનુક્રમે સદ્ગતિને પામ્યા.

આ પ્રમાણે શ્રીરત્ન સંઘપતિના ઉત્તમ ચરિત્રને કર્ણ રૂપી પાત્ર વડે પાન કરીને, યાત્રાદિ કૃત્યો તથા ગુરુવરોના ચરણકમલની સેવા અતિમાત્રામાં કરીને, તેવા પ્રકારની લબ્ધિનો અભાવ હોવા છતાં પણ જૈનધર્મમાં મહોત્સવ કરો કે જેથી બોધિબીજના ઉદયથી તીર્થંકરની લક્ષ્મી તમે પામો. લબ્ધિનો અભાવ હોવા છતાં પણ જિનશાસનની પ્રભાવનાના વિષયમાં શ્રીરત્ન શ્રાવકની કથા પૂર્ણ થઈ.




# ગિરનાર ગિરિ તીર્થ સ્તોત્ર

आकण्ठामृतपूर्णचारुकलशैश्चामीकरैर्निर्मितै-
र्यस्य क्लृप्तमहाभिषेचनविधिः श्रीमत्सुरेशव्रजैः ।
विख्यातो ननु यस्य कीर्तिनिवहो जम्ब्वन्तरीपे सदा,
यस्याङ्घ्रिद्वितयं नमन्ति विबुधा भक्त्यामुदासादराः ।। १ ।।

नेत्रानन्दनदायकस्सुनितरां यस्तीर्थचूडामणिः,
मिथ्याज्ञानविनाशने दिनकरः श्रेयोद्रुमाणाश्रयः ।
सूर्येन्दू तु सदैव पूजनपरौ पार्श्वद्वये राजतो,
रिष्टिः कर्मविपक्षवृन्दहनने विज्ञानकोशालयः ।। २ ।।

विस्तीर्णा पदपङ्क्तयशिश्शवगृहे मुक्तालताकल्पिता,
जन्तूनामधिरोहणे विरचिता मन्ये सुरेशैर्नगे ।
यन्नाम्नस्स्मरणात्प्रयान्ति विदशा द्वेषादयश्शत्रवः,
ते धन्या नितरां भजन्ति मनसा श्रीरैवताद्यान्त्सदा ।। ३ ।।

वागीशोऽपि यदा स्वशक्तिनिवहैर्वक्तुं समर्थो भवेत्,
चर्चा तस्य शचीपतिर्गणयितुं साहस्रजिह्वो भवेत् ।
स्पष्टा चारुप्रलेखने पशुपती रात्रिंदिवासौ मुदा,
तीर्थानां गुणसञ्चचस्य विततं पारं न संयास्यति ।। ४ ।।





रम्यं धाम मनोहरं न जगति श्रीरैवताद्रिं विना,
चन्द्रार्कादिनवग्रहैस्सनिवहैः पूजा कृता निर्मला ।
कत्स्वं नन्दनगं शचीशरमणो विज्ञाय भव्याश्रयं,
निर्माल्यैकनिकेतनं च परमं चक्रे दरीदृश्यते ।। ५ ।।

विध्वस्तामतिमुक्तिरुपरमणं देवेन्द्रमौल्यालय-
सौम्यानन्दकिरीटरक्तचरणाकल्पान्तलोकाश्रय ।
त्रैलोक्यामितलोकदेवशरणालोकाब्धिसंतारक-
मूर्तिं तद्गुणरूपिणं सुनयतो वन्दे मुदा शंकरम् ।। ६ ।।


(षड्भिः कुलकम्)

तीर्थैश्वर्यगुणाकरं गुणनिधिं कल्याणरत्नाकरं,
ध्यायन्तीन्द्रगणास्सदा सुमनसा त्रैलोक्यकल्याणिनः ।
सर्वे विघ्नगणा व्रजन्ति रभसा यत्तीर्थमाहात्म्यत-
स्तं वन्दे गिरनारशैलमनिशं भास्वद्गुणालङ्कृतम् ।। ७ ।।

योऽघं दारयतीव यं च सततं देवास्स्तुवन्तीश्वरं,
येन ज्वालित आत्मभूस्सुनितरां यस्मै नमन्ति प्रगे ।
यस्मात्प्राज्ञगणास्सुखं विदधते यस्योज्वलाः कीर्तयो,
यस्मिन् सर्वगुणा गतास्त्रिजगतां तं नौमी नेमीश्वरम् ।। ८ ।।

रम्या रैवतमङ्गलस्तुतिरियं श्रीसौख्यसम्पत्करी,
संराध्या सुमहोत्सवेऽपि सततं धर्मार्थकामान्वितैः ।
ये श्रृण्वन्ति भजन्ति तैश्च मनुजैः श्रेयोवरं प्राप्यते,
तस्माद् भव्यगणास्स्मरन्तु नितरां कल्याणलीलाश्रिये ।। ९ ।।

સોનાના બનેલા અને કાંઠા સુધી અમૃતથી પૂર્ણ ભરેલા એવા સુંદર કળશો દ્વારા ઈન્દ્રના સમુહ વડે જેનો કરાયો છે






મહાભિષેકવિધિ, નિશ્ચે જેનો કીર્તિનો સમુહ જંબુદ્વીપમાં હંમેશા ફેલાયેલો છે, ભક્તિથી હર્ષ પામેલ અને આદરવાળા દેવો જેના ચરણકમલોમાં નમે છે. ।। ૧ ।।

નેત્રને સતત આનંદ આપનાર, જે તીર્થરૂપી મુગટમાં મણિ સમાન છે, મિથ્યાજ્ઞાનનો નાશ કરવામાં સૂર્ય સમાન, કલ્યાણ રૂપી વૃક્ષનો સમુહ છે, હંમેશા પૂજનમાં તત્પર એવા સૂર્ય અને ચંદ્ર જેના બે પડખે શોભે છે, કર્મરૂપી વિપક્ષના સમુહને હણવામાં તલવાર સમાન અને જે વિજ્ઞાનના ભંડાર છે. ।। ૨ ।।

મુક્ત એવી વેલડીઓ સમાન જેના ચરણની વિસ્તાર પામેલી પંક્તિઓ (ચરણ રૂપી પગથિયા) જાણે કે જીવોને મોક્ષનગરને વિશે ચઢવા માટે ઈન્દ્રો વડે આકાશમાં બનાવાઈ ન હોય એમ હું માનું છું. જેના નામના સંસ્મરણથી વિપરીત અવસ્થાવાળા દ્વેષ વિગેરે શત્રુઓ ચાલ્યા જાય છે. વળી તે ધન્ય છે કે જેઓ હંમેશા મન વડે રૈવતાચલને અત્યંત ભજે છે. ।। ૩ ।।

બૃહસ્પતિ પણ કદાચ પોતાની શક્તિના સમુહ વડે કહેવા માટે તૈયાર થાય, હજાર જીભો વડે ઈન્દ્ર તેની વાતો કરે, શિવ હર્ષથી રાત-દિવસ મનોહર લેખનમાં સ્પષ્ટ કરે તો પણ તીર્થના ગુણોના સમુહના વિસ્તારનો પાર ન પમાય. ।। ૪ ।।

મનોહર અને સુંદર ધામ રૈવતાચલ સિવાય જગતમાં બીજું કોઈ નથી કે જેની ચન્દ્ર, સૂર્ય વિગેરે નવગ્રહોના સમુહ વડે નિર્મળ પૂજા કરાઈ છે. ઉપવનમાં રહેલાં ઈન્દ્રએ તે મનોહર અને ભવ્યજીવોના આશ્રયભૂત છે એમ જાણીને નિર્મળતાનું શ્રેષ્ઠ એક સ્થાન કર્યું છે, એવું વારંવાર દેખાય છે. ।। ૫ ।।






ધ્વંસ કર્યો છે અતિમુક્તિ સ્વરૂપ રમણતાનો જેને, દેવેન્દ્રના મસ્તક પર રહેલાં સૌમ્ય આનંદ રૂપી મુગટથી રંજીત ચરણો થકી લોકના છેડાભૂત લોકોના આશ્રય સમાન, ત્રણે લોકના ઘણાં લોકોને દેવના શરણભૂત અને ભવસમુદ્રથી સારી રીતે તારનાર, તેના ગુણરૂપી અને મંગલને કરનારી મૂર્તિને સારી રીતે હર્ષપૂર્વક હું વંદન કરું છું. ।। ૬ ।।

તીર્થોમાં ઐશ્વર્યગુણની ખાણ સમાન, ગુણનો ભંડાર, કલ્યાણનો મહાસાગર, સારા મન વડે ધ્યાન કરે છે ઈન્દ્રનો સમુહ જેનું, ત્રણે લોકના કલ્યાણને કરનાર, જે તીર્થના માહાત્મ્યથી સર્વે વિઘ્નોના સમુહ જલ્દીથી ચાલ્યા જાય છે તે દેદીપ્યમાન ગુણો વડે શોભતા ગિરનાર તીર્થને હું નિરંતર વંદન કરું છું. ।। ૭ ।।

જે પાપનો નાશ કરે છે, જેની દેવો હંમેશા સ્તુતિ કરે છે, જેના વડે કર્મો નિશ્ચે બળાય છે, જેમને સવારે (લોકો) નમસ્કાર કરે છે, જેનાથી પંડિતોનો સમુદાય સુખને ધારણ કરે છે, જેમની કીર્તિ ઉજ્જવલ છે, જેમનામાં ત્રણેય જગતના સર્વ ગુણો રહેલા છે, તે નેમિનાથ ભગવાનને હું પ્રણમું છું. ।। ૮ ।।

સુખ-સંપત્તિને કરનારી, સમ્યક્ પ્રકારે આરાધવા યોગ્ય, મનોહર એવી રૈવતાચલની મંગલ એવી આ સ્તુતિ, સારા મહોત્સવમાં પણ સતત જેઓ સાંભળે છે અને ભજે છે, તે ધર્મ, અર્થ અને કામથી યુક્ત એવા મનુષ્યો વડે શ્રેષ્ઠ એવું કલ્યાણ પ્રાપ્ત કરાય છે. તેથી હે ભવ્યજીવો ! હંમેશા કલ્યાણની લીલા રૂપી લક્ષ્મીને માટે આ સ્તોત્રનું નિશ્ચે સ્મરણ કરો. ।। ૯ ।।





## ગિરનાર ચૈત્ય પરિપાટી સ્તવન

आनन्दकन्दं प्रणिपत्य भक्त्या श्रीनेमिनाथस्य पदारविन्दम् ।
तीर्थेषु विख्यातमहाप्रभावं स्तवीम्यहं श्रीगिरिनारतीर्थम् ।।१।।

यस्मिन् सहस्राम्रवणे नराणां सार्धं सहस्रेण व्रतं प्रपद्य ।
तपांसि भूयांसि चकार नेमिर्वन्दे सदा तं गिरिमुज्ज्रयन्तम् ।।२।।


कर्माणि चत्वारि निहत्य यत्र श्रीयादवाधीश्वरनेमिनाथः ।
ज्ञानं प्रपेदे किल केवलाख्यं वन्दे सदा तं गिरिमुज्ज्रयन्तम् ।।३।।

त्यक्त्वा पवित्रामपि भोजपुत्रीं यत्रोपयेमे वरसिद्धिकन्याम् ।
शिवातनूजः शिवतातिरत्र वन्दे सदा तं गिरिमुज्ज्रयन्तम् ।।४।।

जीर्णाख्यकोट्टे यदुपत्यकायां वामेयवीरादिजिनान् भजन्तः ।
लुनन्ति लोका निजपापजालं वन्दे सदा तं गिरिमुज्ज्रयन्तम् ।।५।।

आरुह्य यं नेमिजिनं नमन्तो भव्या भवाम्भोनिधियानपात्रम् ।
भवन्ति पापेन विमुक्तकाया वन्दे सदा तं गिरिमुज्ज्रयन्तम् ।।६।।

प्रासादगर्भे शिवतातिं यत्र निरीक्ष्य नेमीश्वरदेवबिम्बम् ।
कृतार्थमात्मानममंस्त लोको वन्दे सदा तं गिरिमुज्ज्रयन्तम् ।।७।।





यस्मिन्नपापाख्यमठे प्रभूताश्चिरन्तनीश्च प्रतिमाः प्रणम्य ।
छिन्दन्ति पापानि निजानि लोका वन्दे सदा तं गिरिमुज्ज्ञयन्तम् ।८।

श्रीमूलदेवालयदेवकुल्यो जिनेन्द्रबिम्बैः परितः परीताः ।
यत्रार्चकेभ्यो ददते प्रसादं वन्दे सदा तं गिरिमुज्ज्ञयन्तम् ।। ९ ।।

सम्मेतकाऽष्टापदतीर्थयुक्तं दृष्ट्वा विहारं वृषभेश्वरस्य ।
स्युर्हर्षभाजो भविकाश्च यत्र वन्दे सदा तं गिरिमुज्ज्ञयन्तम् ।१०।

कल्याणकाख्ये भवने विशाले यस्मिन्नवस्थात्रयरूपधारी ।
शिवातनूजो वितनोति भद्रं वन्दे सदा तं गिरिमुज्ज्ञयन्तम् ।।११।।


આનંદના મૂળ સમાન શ્રી નેમિનાથ ભગવાનના ચરણકમલને ભક્તિપૂર્વક નમસ્કાર કરીને તીર્થોમાં વિખ્યાત એવા મહાપ્રભાવવાળા શ્રી ગિરનારતીર્થને હું સ્તવું છું. ।। ૧ ।।

જ્યાં સહસ્રામ્રવનમાં હજાર પુરુષોની સાથે વ્રતને સ્વીકારીને શ્રી નેમિનાથ ભગવાને ઘણો તપ કર્યો, તે ઉજ્જ્યંત ગિરિને હું હંમેશા વંદન કરું છું. ।। ૨ ।।

યાદવોના અધિપતિ એવા શ્રી નેમિનાથ ભગવાને જ્યાં ચાર (ધાતી) કર્મોને હણીને કેવલજ્ઞાનને પ્રાપ્ત કર્યું છે, તે ઉજ્જ્યંત ગિરિને હું હંમેશા વંદન કરું છું. ।। ૩ ।।

કલ્યાણની શ્રેણિ સમાન શિવાદેવીના પુત્ર શ્રી નેમિનાથ ભગવાન, જ્યાં પવિત્ર એવી પણ ભોજરાજાની પુત્રી (રાજીમતિ) ને છોડીને શ્રેષ્ઠ એવી સિધ્ધિ રૂપી કન્યાને પરણ્યાં છે, તે ઉજ્જ્યંત ગિરિને હું હંમેશા વંદન કરું છું. ।। ૪ ।।

જેની તળેટીમાં જુનાગઢ નામના ગામમાં શ્રીપાર્શ્વનાથ ભગવાન, શ્રી મહાવીર સ્વામિ ભગવાન આદિ જિનેશ્વરોને





ભજતાં લોકો પોતાની પાપરૂપી જાળને કાપે છે, એવા તે ઉજ્જયંત ગિરિને હું હંમેશા વંદન કરું છું. ।। ૫ ।।

જેને (જે ગિરિને) ચઢીને ભવસમુદ્રને તરવામાં નાવ સમાન શ્રી નેમિનાથ ભગવાનને નમતાં ભવ્યજીવો પાપથી વિમુક્ત કાયાવાળા થાય છે, તે ઉજ્જયંત ગિરિને હું હંમેશા વંદન કરું છું. ।। ૬ ।।


જ્યાં (જિનાલયમાં) ગર્ભગૃહમાં કલ્યાણની શ્રેણિભૂત એવા શ્રી નેમિનાથ ભગવાનના બિંબને જોઈને લોકો પોતાને કૃતાર્થ માને છે, તે ઉજ્જયંત ગિરિને હું હંમેશા વંદન કરું છું. ।। ૭ ।।

જ્યાં અપાપા નામના મઠમાં પ્રાચીન ઘણી પ્રતિમાઓને પ્રણામ કરીને લોકો પોતાના પાપોને છેદે છે, તે ઉજ્જયંત ગિરિને હું હંમેશા વંદન કરું છું. ।। ૮ ।।

જ્યાં ચારે બાજુથી જિનેશ્વરભગવંતોની પ્રતિમાઓ વડે પરિવરેલી મૂળ જિનાલયની દેવકુલિકા પૂજા કરનારાઓને પ્રસન્નતા આપે છે, તે ઉજ્જયંત ગિરિને હું હંમેશા વંદન કરું છું. ।। ૯ ।।

સમ્મેતશિખર અને અષ્ટાપદતીર્થથી યુક્ત આદિનાથ ભગવાનના જિનાલયને જોઈને ભવિકો જ્યાં હર્ષને ભજનારા થાય છે, તે ઉજ્જયંત ગિરિને હું હંમેશા વંદન કરું છું. ।। ૧૦ ।।

જ્યાં કલ્યાણક નામના વિશાળ એવા ભવનમાં ત્રણ અવસ્થાના રૂપને ધારણ કરનાર શિવાપુત્ર શ્રી નેમિનાથ ભગવાન કલ્યાણને વિસ્તારે છે, તે ઉજ્જયંત ગિરિને હું હંમેશા વંદન કરું છું. ।। ૧૧ ।।






## શ્રી વસ્તુપાલમંત્રી વિરચિત અંબિકા સ્તોત્ર

पुण्ये गिरीशशिरसि प्रथितावतारा-
मासूत्रितत्रिजगतीदुरितापहाराम् ।
दौर्गत्यपातिजनताजनितावलम्बामम्बामहं
महिमहैमवतीं महेयम् ।। १ ।।

यद्वक्त्रकुञ्जकुहरोद्गतसिंहनादोऽप्युन्मादि-
विघ्नकरियूथकधाममाथम् ।
कुष्माण्डि ! खण्डयतु दुर्विनयेन कण्ठः,
कण्ठीरबः स तव भक्तिनतेषु भीतिम् ।। २ ।।

कुष्माण्डि ! मण्डनमभूत् तव
पादपद्मयुग्मं यदीयहृदयावनिमण्डलस्य ।
पद्मालया नवनिवासविशेषलाभलुब्धा
न धावति कुतोऽपि ततः परेण ।। ३ ।।

दारिद्यदुर्दमतमःशमनप्रदीपाः,
सन्तानकाननघनाघनवारिधाराः ।
दुःखोपतप्तजनबालमृणालदण्डाः,
कुष्माण्डि ! पान्तु पदपद्मनखांशवस्ते ।। ४ ।।





देवि ! प्रकाशयति सन्ततमेष कामं,
वामेतरस्तव करश्चरणानतानाम् ।
कुर्वन् पुरः प्रगुणितां सहकारलुम्बिमम्बे !
विलम्बविकलस्य फलस्य लाभम् ।। ५ ।।

हन्तुं जनस्य दुरितं त्वरिता त्वमेव,
नित्यं त्वमेव जिनशासनरक्षणाय ।
देवि ! त्वमेव पुरुषोत्तममाननीया,
कामं विभासि विभया सभया त्वमेव ।। ६ ।।


तेषां मृगेश्वर-गर-ज्वर-मारि-वैरि-
दुर्वारवारण-जल-ज्वलनोद्भवा भीः ।
उच्छृङ्खलं न खलु खेलति येषु धत्से,
वात्सल्यपल्लवितमम्बकमम्बिके ! त्वम् ।। ७ ।।

देवि ! त्वदूर्जितजितप्रतिपन्थि-
तीर्थयात्राविधौ बुधजनाननरङ्गसङ्गि ।
एतत् त्वयि स्तुतिनिभाद्भुत
कल्पवल्लीहल्लीसकं सकलसङ्घमनोमुदेऽस्तु ।। ८ ।।

वरदे ! कल्पवल्लि ! त्वं,
स्तुतिरूपे ! सरस्वति ! पादाग्रानुगतं भक्तं,
लम्भयस्वातुलैः फलैः ।। ९ ।।

स्तोत्रं श्रोत्ररसायनं श्रुतसरस्वानम्बिकायाः पुर-
श्चक्रे गूर्जरचक्रवर्त्तिसचिवः श्रीवस्तुपालः कविः ।
प्रातः प्रातरधीयमानमनघं यच्चित्तवृत्तिं सता-
माधत्ते विभुतां च ताण्डवयति श्रेयःश्रियं पुष्यति ।। १० ।।

।। इति महामात्यश्रीवस्तुपालविनिर्मितमम्बिकास्तोत्रम् ।।





પવિત્ર એવા ગિરનાર ગિરિના શિખર પર અવતાર પામનાર, ક્રમબદ્ધ રીતે ત્રણે જગતના દુરિતનો અપહાર કરનાર, દુર્ગતિમાં પડતાં લોકોને ઉગારવામાં આધારભૂત, પૃથ્વી ઉપર મહિમાવાળી અંબામાતાની હું પૂજા કરું છું. ।। ૧ ।।


જેના મુખરૂપી ઉંડી ગુફામાંથી નીકળેલ સિંહનાદ પણ ઉન્મત્ત એવા વિઘ્નરૂપી હાથીઓના યૂથના સ્થાનને મથનાર છે એવા હે અંબિકામાતા ! તે તમારો કંઠ સંબંધી સિંહનાદ (અવાજ) ભક્તિથી નમેલાઓના દુર્વિનય વડે ઉત્પન્ન થયેલા ભયનું ખંડન કરો. ।। ૨ ।।

હે અંબામાતા ! તારા ચરણકમલ જેના હૃદયરૂપી પૃથ્વીમંડલ પર શોભિત થયા છે, તે કમળના આલય એવા નવા નિવાસના વિશેષ લાભથી લોભાયેલા લોકો ત્યાર પછી અન્ય કયાંય પણ કોઈ કારણથી દોડતાં નથી. ।। ૩ ।।

દુઃખેથી દમન થાય એવા દરિદ્રતારૂપી અંધકારને શમન કરવામાં દિપક સમાન, વિસ્તૃત એવા ઉપવનને ઉલ્લસિત કરવામાં ઘનઘોર મેઘ સમાન, દુઃખોથી તપી ગયેલા લોકોને માટે (ઠંડક આપનાર) કમળના કોમળ તંતુ સમાન, હે અંબામાતા ! તારા ચરણકમળના નખના કિરણો સૌનું રક્ષણ કરો. ।। ૪ ।।

હે અંબાદેવી ! ઉત્તમ ગુણોથી યુક્ત આંબાની લુમને આગળ કરતો તમારો જમણો હાથ, ચરણમાં નમેલાઓને અવિલંબ ફળના અત્યંત લાભને હંમેશા પ્રગટ કરે છે. ।। ૫ ।।

લોકોના દુઃખને જલ્દીથી હણવા માટે તમે જ છો, જિનશાસનની રક્ષા માટે હંમેશા તમે જ છો, ઉત્તમ પુરૂષોને






માનનીય તમે જ છો, પર્ષદાયુક્ત પ્રકાશમય સૌન્દર્યથી તમે જ અત્યંત શોભી રહ્યા છો. ।। ૬ ।।

હે અંબામાતા ! જેઓના પ્રત્યે તમે વાત્સલ્યથી પલ્લવિત માતા સમાન છો, તેઓમાં સિંહ, વિષ, જ્વર, મરકી, શત્રુ, દુષ્ટ હાથી, પાણી અને અગ્નિથી ઉત્પન્ન થયેલો ભય છૂટથી રમતો નથી અર્થાત્ આ કોઈ ભય તેઓને હેરાન કરતો નથી. ।। ૭ ।।

હે દેવી ! આપના સામર્થ્ય વડે જિતાયેલા છે વિરોધીઓ જેમાં એવી તીર્થયાત્રાની વિધિમાં બુધ્ધ જનોના મુખને આમોદથી યુક્ત કરનાર, સ્તુતિ સમાન અદ્ભુત કલ્પવેલડીના નૃત્ય સ્વરૂપ આ સ્તોત્ર, સકલ સંઘના મનને આનંદ માટે થાઓ. ।। ૮ ।।

હે સરસ્વતિ માતા ! વરદાન આપનાર, સાક્ષાત્ કલ્પવેલડી, હે સ્તુતિસ્વરૂપ દેવી ! તમે તમારા ચરણમાં રહેલા ભક્તને અતુલ ફળ વડે ખુશ કરો. ।। ૯ ।।

ગુજરાતના ચક્રવર્તીના મંત્રી વસ્તુપાલ કવિએ સાંભળનારને રસાયન સમાન એવું આ સ્તોત્ર અંબિકાદેવીની આગળ કર્યું. રોજ સવારે ગણાતું એવું આ પવિત્ર સ્તોત્ર સજ્જનોની ચિત્તવૃત્તિને નિર્દોષ કરે છે, વિભુતાને પ્રસરાવે છે અને કલ્યાણરૂપી લક્ષ્મીને પોષે છે. ।। ૧૦ ।।





## શ્રી ગુર્જરેશ્વર મહામાત્ય શ્રી વસ્તુપાલ વિરચિત નરનારાયણાનન્દ મહાકાવ્ય (વિ.સં. ૧૨૮૦)

(આ કાવ્યમાં મહાભારતની કથાના એક અંશનો વિસ્તાર છે. ત્રીજા સર્ગમાં અર્જુન અને કૃષ્ણની પ્રીતિ સુંદર રીતે ગૂંથણ કરી છે. કૃષ્ણ સ્વયં અર્જુનને ગિરનારનો પરિચય કરાવે છે. અહિં ગિરનારનું પ્રાકૃતિક સૌંદર્ય બતાવ્યું છે.)


સર્ગ-૩

**इति परमपरस्परानुरागप्रगुणितगौरवगौरवाग्विवेकौ ।**
**रहसि विहसितौ विलेसतुस्तौ मृदुगति रैवतकावनीवनीषु ।।१६।।**

આ પ્રમાણે અત્યંત પરસ્પરના અનુરાગથી વધતાં ગૌરવવાળા એવા અને પવિત્રવાણીથી વિવેકી એવા, તે બન્ને કૃષ્ણ અને અર્જુન, એકાંતમાં હસતાં મૃદુગતિવાળા રૈવતાચલના જંગલમાં શોભતાં હતા. (૧૬)

**हृद इव सुहृदः पुरो नरस्य स्वयमथ सङ्कथयाम्बभूव विष्णुः ।**
**निजनगरनगस्य रैवतस्य द्युतिजितदैवतपर्वतस्य शोभाम् ।।१७।।**

હવે કૃષ્ણ પોતાના હૃદય જેવા મિત્ર અર્જુનની આગળ, કાંતિ વડે જીતી છે દૈવી પર્વતની શોભાને જેણે, એવા પોતાના નગરના પર્વત રૈવતાચલની શોભાને સ્વયં સારી રીતે કહે છે. (૧૭)





गुरुगगनमहीरुहादिकन्दोऽवनिवनितानवकेशपाशबन्धः ।
अविरतगतिखिन्नदक्षकन्याविलसनभूमिरयं मनो धिनोति ।।१८।।

મોટા આકાશને સ્પર્શનાર વૃક્ષના મૂળીયાવાળી, પૃથ્વી રુપી સ્ત્રીના નવા વાળના અંબોડા સમાન, નિરંતર ગતિ કરવાથી ખેદ પામેલી દુર્ગાદેવીને વિલાસ કરવાની એવી આ ભૂમિ મનને ખુશ કરે છે. (૧૮)

स्फटिकघटितभूमिकासु भास्वत्तरतरलद्युतिमण्डलावलुप्ताः ।
इह जलरुहसङ्गिभृङ्गकोलाहलकलितैः
कथयन्ति पल्वलाः स्वम् ।। १९ ।।


સ્ફટિકથી ઘડાયેલી ભૂમિને વિશે દેદિપ્યમાન તરંગોની કાન્તિના સમુહથી વ્યાપ્ત એવા પર્વત ઉપરના તળાવો જ્યાં કમળોના સંગવાળા ભમરાઓના કોલાહલ વડે પોતાને કહે છે. (૧૯)

भुवि दृढभवदीयदोर्धृतायां गगनधुनीजलकेलिशान्ततापाः ।
इह शिखरिणि गण्डभित्तकण्डूयनमपि
सानुषु दिग्गजाः सृजन्ति ।। २० ।।

દઢ એવા તમારા બાહુબળમાં ધારણ કરાયેલી પૃથ્વી પર ગગનની નદીમાં પાણીની રમત વડે શાન્ત થયેલા છે તાપ જેના એવા દિગ્ગજો પર્વત પર ગંડસ્થલથી મસળવાપૂર્વક પર્વતના સમતલ ભાગો પર (તમને) સર્જે છે. (૨૦)

नियतमविदिताभिरन्तराले स्फटिकतटीभिरिह स्खलन्ति बाणाः ।
शबरकरसमुज्झिताः पशूनामिव सुकृतेन कृताभिरूज्ज्वलेन ।२१।

અહીં હંમેશા નહિં જણાતા અદશ્ય એવા, પશુઓના ઉજ્જ્વલ સુકૃત વડે જ જાણે ન કરાયા હોય એવા આ સ્ફટિકના





બનેલા પર્વતો વચ્ચે આવવાથી ભીલોના હાથમાંથી છુટેલા બાણો સ્ખલના પામે છે. (૨૧)

**उपरितनशिर:सर:सु लोकान्तरितमपि द्युमणिं निरूपयन्तः ।**
**इह न विरहिणो भवन्ति कोका**
**निशि बिसिनीनिचया न सङ्कुचन्ति ।। २२ ।।**


સૌથી ઉપરના શિખર પરના સરોવરમાં લોકને માટે વ્યવધાનવાળા અર્થાત્ જગત્‌ના અન્ય જીવોને ન દેખાતા એવા પણ સૂર્યને જોતાં રાત્રીમાં ચક્રવાક પક્ષી વિરહવાળા થતાં નથી અને સૂર્યથી વિકાસ પામનારા કમળોનો સમુહ સંકોચ પણ પામતો નથી. (૨૨)

**उपरितनवनावनीषु नीचैश्चलजलदास्विह चातकाः स्मयन्ते ।**
**जलकणनिकरैर्निकाममब्दभ्रमदसशब्दवनेभहस्तमुक्तैः ।।२३।।**

અત્યંત નીચે ચાલતાં એવા વાદળાઓવાળી, સૌથી ઉપરના વનની પૃથ્વીમાં રહેલાં અત્યંત પાણીના ભ્રમને આપનારા શબ્દ સહિત વનહાથી વડે મુકાયેલા મોતી જેવા પાણીના ટીપાના સમુહ વડે ચાતક પક્ષીઓ આશ્ચર્ય પામે છે. (૨૩)

**इह तटविनिवेशिराजसूरे परिणतदिग्गजकर्णतालवीज्ये ।**
**तरलिततडिदायुधा ध्वनन्तः**
**क्षितिभृति भान्ति पयोभृतोऽङ्गरक्षाः ।। २४ ।।**

અહીં ક્ષિતિજમાં રાજા સમાન સૂર્ય ઉગે છતે, પરિણત એવા દિગ્ગજોના કર્ણ રૂપી વીંઝણા વીંઝાતે છતે, આ પર્વત ઉપર અવાજ કરતાં ચંચળ વીજળી રૂપ આયુધવાળા મેઘ રૂપ અંગરક્ષકો શોભે છે. (૨૪)





अरुणमणिगणप्रणद्धमूर्त्तेरलिकुलकोकिलकोमलद्युतोऽस्य ।
प्रसरति परितो वपुष्यमान्ती द्युतिपटलीव तडित्वतां मिषेण ।२५।

લાલ રત્નના સમુહથી જડેલ આકૃતિવાળા તથા ભમરાઓના સમુહ અને કોયલની મનોહર કાન્તિ સમાન કાન્તિવાળા એવા આની (આ પર્વતની) સુંદરતા જાણે કાન્તિ સમુહ વડે દેહ ધારણ કરાયો હોય એમ વીજળીથી યુક્ત વાદળના બહાના વડે ચારે બાજુથી પ્રસરે છે. (૨૫)

श्रमविहितफलाय नेह कोऽपि स्पृहयति गूढनिधानमण्डलाय ।
यदयमनुपदं जनार्थमुद्घाटितपटुरत्ननिधानभूतसानुः ।। २६ ।।


દરેક પગલે લોકોને માટે ઉઘાડ્યો છે કિંમતી રત્નોનો નિધાન જેણે એવો આ પર્વત છે તેથી અહીં શ્રમથી થયેલ ફલ સમાન ગૂઢ નિધાનના સંગ્રહને કોઈ ઈચ્છતું નથી. (૨૬)

इह विवरपथस्पृशः कदाचिद्गुरुशिखराधिरूहः कदाचिदेते ।
भुजगजगति वा नभस्तले वा सुरसरितं मुनयः श्रयन्ति शुद्ध्यै । २७।

અહીં ક્યારેક ગુફાના માર્ગને સ્પર્શ કરતાં, ક્યારેક મોટા શિખર પર ચઢેલા એ મુનિભગવંતો શદ્ધિ માટે ક્યારેક પૃથ્વી પર, આકાશમાં અથવા તો ગંગાનો આશ્રય કરે છે. (૨૭)

अनवरतरसार्द्र दृष्टिलीलाविशदमरीचितरङ्गभासमानः ।
त्वमिव हृदि निरन्तरं मदीये निवसति सानुचरः
सुरव्रजोऽस्मिन् ।। २८ ।।

તું જેમ મારા હૃદયમાં વસે છે તેમ સતત કરૂણા રસથી ભીની દૃષ્ટિની લીલાથી પવિત્ર બનેલા કિરણોના તરંગોથી દેદીપ્યમાન એવો અને સેવકોથી યુક્ત એવો દેવોનો સમુહ આ પર્વત પર વસે છે. (૨૮)





मणितमभिनयत्सु मङ्क्षु पारापतपतगेषु विशेषितानुरागाः ।
अनुकृतचटुषु स्वयं शुकेषु प्रियमिह मानमुचः स्त्रियः श्रयन्ते ।२९।

અસ્પષ્ટ અવાજને પ્રદર્શિત કરનારા કબૂતર પક્ષીમાં અને અનુકરણ કરી પ્રિય વાક્યો બોલનારા પોપટોમાં વિશેષથી અનુરાગવાળી, માનને મૂકનાર સ્ત્રીઓ અહીં જલ્દીથી પ્રિયનો આશ્રય કરે છે. (૨૯)

विसृमरतिमिरे गुहागृहे स्त्रीरसविवशेषु चिरं वनेचरेषु ।
द्रुतकृतशमितैस्तडित्प्रदीपैर्निनदति खिङ्ग इवेह वारिवाहः ।३०।


અંહી લાંબા કાળથી ફેલાયેલા અંધકારવાળી ગુફામાં સ્ત્રીરસ નાશ પામી ગયો છે જેનો એવા તપસ્વીઓ પર જલ્દીથી શાંત થયેલા એવા વીજળીના પ્રકાશ દ્વારા મેઘ શિયાળની જેમ નાદ (ગુંજન) કરે છે. (૩૦)

दिवसविवशमन्धकारमेष स्वकुहरसीमनि रक्षति क्षितिध्रुः ।
रजनिजनिततामसप्रसन्नं दिवसमपि ज्वलदौषधिच्छलेन ।।३१।।

દિવસના કારણે વિવશ થયેલા અંધકારને આ પર્વત પોતાની ગુફાના સીમાડામાં રક્ષણ કરે છે અને રાત્રિથી થયેલા અંધકારથી પ્રસન્ન એવા દિવસને પણ પ્રકાશતી એવી ઔષધિઓના બહાનાથી આ પર્વત રક્ષણ કરે છે. (૩૧)

इह यदकृत तिर्यगङ्गमिश्रा रुचिरकुचाः सुमुखीश्च किन्नरस्त्रीः ।
सततनतिरतासु तेन मन्ये विबुधवधूषु विधिर्भृशं प्रसन्नः ।३२।

અહીં સતત નમવાના સ્વભાવવાળી અપ્સરાઓ વિશે તિર્ચ્છાલોકના અંગથી મિશ્રિત (દેવતાઇ) મનોહર સ્તનવાળી અને સુંદર મુખવાળી કિન્નર સ્ત્રીઓને કરી છે તે કારણથી ભાગ્ય અત્યંત પ્રસન્ન છે, એમ હું માનુ છું. (૩૨)





सकलमकलनीयमेव देवैरपि धरणीधरणप्रवीणशक्तिम् ।
शिखरिणममुमद्य पश्यतस्त्वामिव किमु तृप्यतु नेत्रयोर्द्वयं मे ।३३।

તને જોતાં જેમ મારા બે નેત્રો તૃપ્ત થતાં નથી તેમ દેવો વડે પણ જે પર્વતની પ્રવીણ શક્તિ સંપૂર્ણ સમજી શકાતી નથી એવા આ પર્વત ને આજે જોતાં મારા બે નેત્રો શું તૃપ્ત થાય ? (૩૩)

प्रमदवनमिदं तदीयमग्रे प्रमुदितमस्य गिरेरुपत्यकासु ।
त्वयि विलसति सन्निधौ प्रसूनैः
स्मितमिव नृत्यति पल्लवाग्रहस्तैः ।। ३४ ।।


આ પર્વતની તળેટીમાં જે આ રાજાના સ્ત્રીવર્ગને ક્રીડા કરવાનું વન છે તે અત્યંત ખુશ થયેલ છે, તું નજીકમાં વિલાસ કરતે છતે ઝાડના આગળના ભાગમાં રહેલ ફુલો વડે જાણે કે સ્મિત ન કરતું હોય !, એમ નાચી રહ્યું છે. (૩૪)

शशिमणिगणबन्धबन्धुरासु प्रतिनिशमत्र विलासदीर्घिकासु ।
प्रसृमरकर एष तोयकर्मान्तिकविभवं रजनीविभुर्बिभर्त्ति ।३५।

ચંદ્રકાન્તમણિના સમૂહની શ્રેણીથી મનોહર એવી વિલાસ માટેની વાવડીઓમાં અહીં રોજ રાત્રે પ્રસરતાં કિરણોવાળો એવો આ ચન્દ્ર અંગોના પ્રક્ષાલન સંબંધી વૈભવ ને ધારણ કરે છે, અર્થાત્ સ્નાન કરીને શુદ્ધ થાય છે. (૩૫)

प्रतिमितनिजमूर्त्तिवीक्षणेन स्फुटमणिभित्तिषु भासुरप्रमोदाः ।
अपि रजनिषु निश्चितं प्रियाणामिह
विरहं न विदन्ति चक्रवाकाः ।। ३६ ।।

સ્પષ્ટ એવી મણિની ભીંતોમાં પ્રતિબિંબિત થયેલ પોતાને સાક્ષાત્ જોવા વડે અત્યંત ખુશ થયેલા ચક્રવાક પક્ષીઓ નિશ્ચે, રાત્રિમાં પણ અહીં પ્રિયાના વિરહને જાણતાં નથી. (૩૬)





समिरविसृमरैर्गिरीन्द्रचूलागतशशिकान्तसुधालवैर्विमिश्रा ।
प्रतिकलमतिरोचते हिमांशौ रुचिरिह
केलिचकोरकामिनीभ्यः ।। ३७ ।।

પવનના ધીમે ધીમે ચાલવાના કારણે પર્વતોમાં ઈન્દ્ર એવા ગિરનારના શિખર પર રહેલાં ચંદ્રકાન્તમણિમાંથી ઝરતાં અમૃતના બિન્દુઓથી યુક્ત એવા ચન્દ્રના કિરણો (ક્રીડા) રમત કરતાં એવાં ચકોરને અને તેની સ્ત્રીઓને દરેક કળાએ ગમે છે. (૩૭)

असमशरनृपस्य विश्वजेतुर्यश इव गायति षट्पदीकुटुम्बे ।
रविरनुपदमत्र नृत्यतीव स्फुटवरलारवनूपुरप्रणादम् ।।३८।।


અહીં, વિશ્વને જિતનાર કામદેવરાજાના યશની જેમ ભમરાઓનો સમુહ ગાય છે ત્યારે દરેક પગલે સૂર્ય હંસિનીઓના ઝાંઝરના સ્પષ્ટ નાદપૂર્વક જાણે નૃત્ય કરે છે. (૩૮)

नवकुसुमपरागराजिभाजि भ्रमरकदम्बककर्बुरेऽन्तरिक्षे ।
अपि सविधमुपैति नात्र सिंहः समुदितधूमदवानलभ्रमेण ।३९।

અહિં, નવા ફુલોની પરાગની પંક્તિઓને સેવનાર ભમરાઓના સમુહથી કાબરચિતરા થયેલાં આકાશમાં ઉછળતા ધૂમાડાવાળા દાવાનલના ભ્રમથી સિંહ નજીક પણ આવતો નથી. (૩૯)

छायाभिरन्धतमसानि विधाय मूले
दत्तच्छटा मधुरसैस्तरवः सृजन्ति ।
शाखाग्रहस्तचलनप्रसृतैः प्रसूनैः
शय्यामिह प्रियसखा इव दम्पतीनाम् ।। ४० ।।

અહિં પર્વત પર આપેલી છે પરંપરા જેણે એવા વૃક્ષોએ, છાયાંઓ વડે મૂળમાં અંધયારા નગરો કરીને (બનાવીને),





શાખાના અગ્રભાગ રૂપી હાથ ચલાવી ફેલાવેલા મધુર રસવાળા ફુલો વડે પ્રિયસખીની જેમ દંપતીની શય્યાને બનાવી છે. (૪૦)

अस्मिंल्लतानां च महीरुहां च मिथः परीरम्भभृतां सकम्पम् ।
स्वेदोदबिन्दूनिव पश्य पुष्पव्रजान् हरत्येष शनैः समीरः ।४१।

આ પર્વત પર કંપન સહિત પરસ્પર આલિંગન કરતાં લતાઓ અને વૃક્ષોના પુષ્પના સમુહને પરસેવાના બિન્દુની જેમ ધીમ ધીમે આ પવન હરે છે, તે તું જો ! (૪૧)


पश्य प्रसूनविनिविष्टनिरन्तराल-
रोलम्बजालमिषतोऽञ्जनमञ्जुलश्रीः ।
छायेव मूलमणिवेदिमरीचिवीचि-
नुन्ना स्फुरत्युपरि भूमिरुहामिहासौ ।। ४२ ।।

અહીં વૃક્ષોની ઉપર નવી ઉગેલી કળીઓમાં પ્રવેશેલાં અંતર રહિત રહેલાં ભમરાઓના સમુહના બહાનાથી લતામંડપની રત્નની વેદિકાના કિરણોના તરંગોની પ્રશંસા કરતી જાણે છાયા ન હોય એવી આ રાત્રિના લત્તાગૃહની શોભા સ્ફૂરયમાન થઈ રહી છે, તે તું જો ! (૪૨)

तपोवने कामतपोधनस्य वनेऽत्र सर्वे ऋतवः सदैव ।
निर्वैरमन्योन्यविरोधिनोऽपि मिलन्ति पुष्पस्मितभासमानाः ।४३।

કામદેવના તપોવન સમાન આ વનમાં પરસ્પર વિરોધી હોવા છતાં વૈર વગર પુષ્પરૂપી સ્મિતથી શોભતી એવી બધી જ ઋતુઓ હંમેશા ભેગી થાય છે. (૪૩)

तादृग्भासुरभूति तस्य विफलं राज्यं विलासाचलः
सोऽयं रैवतको न यस्य तदिदं लीलावनं यस्य न ।
किञ्चैतत् द्वयमप्यवैमि विफलं तस्य प्रशस्यः सुहृत्
पार्श्वे यस्य भवादृशो न हि दृशोः पीयूषपूरप्रापा ।।४४।।



તેનું તેવા પ્રકારનું દેદીપ્યમાન ઐશ્વર્યવાળું રાજ્ય નિષ્ફળ છે કે, (જયાં) વિલાસમાં અચલ એવો આ રૈવતક પર્વત નથી, આ ક્રીડા માટેનું ઉદ્યાન જેનું નથી, પરંતુ આ બેઉને હું ગૌણ માનું છું, પરંતુ જેની પાસે તમારા જેવો અમૃતથી ભરેલી પરબ જેવી દષ્ટિવાળો વખાણવા લાયક મિત્ર નથી તેને હું વિફલ માનું છું. (૪૪)

इत्युद्दामरसप्रसृत्वरगिरं दामोदरं सम्मदी
द्राक्षामण्डपमण्डनायितरुचौ माणिक्यवेदीतटे ।
धृत्वा पाणितले न्यवेशयदसौ भीमानुजन्मा नव-
प्रेमस्थेमवशो गिरामवसरं प्रस्तावयन्नात्मनः ।। ४५ ।।

અવસરે પોતાની વાણીને રજૂ કરતાં એવા નવા પ્રેમની સ્થિરતાના કારણે વિવશ થયેલાં એવા અર્જુને અત્યંત રસવાળી અને ફેલાયેલ વાણીવાળા એવા કૃષ્ણને હર્ષ સહિત હાથથી પકડીને દ્રાક્ષના મંડપથી સુશોભિત કાન્તિવાળી એવી માણેકની વેદિકા ઉપર બેસાડ્યા. (૪૫)




## શ્રી મેરુતુંગસૂરિ રચિત
## જૈન મેઘદૂત કાવ્ય

'अथो' इत्यानन्तर्ये । 'सुरतरुरिव' कल्पवृक्ष इव दानं दत्त्वा 'रैवतं' सुराष्ट्रमण्डलालमारं श्रीगिरिनारं 'स्वीचकार' भेजे ।

'अथ' એ અનંતર અર્થમાં છે. 'सुरतरुरिव' કલ્પવૃક્ષની જેમ દાન આપીને 'रैवतं' સૌરાષ્ટ્ર દેશના અલંકાર સમાન શ્રી ગિરનાર ઉપર 'स्वीचकार' = પહોચ્યાં.

अपरपर्वतान् परित्यज्य रैवतमेव कुतः स्वीचकार ? इत्याह-'पृथ्वीधरवरं' पृथ्वीधरेषु मेरुमानुषोत्तरादिषु सुखाधि-रोहत्वासन्नत्वाभ्यामुपयोगित्वात् शेषपर्वतेषु पुनः सहस्रा-म्रवणादिसौन्दर्येण तुङ्गत्वादिना च वरं श्रेष्ठम् । एवंविधश्च पर्वतः सदोषोऽपि कदाचिद्भवतीत्याह-सर्वदोषाणां सर्पमार्जारवायसादिहिस्रजन्तूनां चाभावेन 'पुण्यं' पवित्रम् । कुतो रैवतं स्वीचकार ? इत्याह-'अत्युच्चधामारुरुक्षुः' अतिशयेनोच्चं धाम स्थानमपर-स्थानस्यैतद्विशेषणानुपपत्तेर्लोकाग्ररूपमारोढुकामः,






अयमर्थः-अन्यो योऽत्युच्चतरस्थानमधिरोढुमिच्छति स उच्चं स्थानं भजते । एवं भगवानप्यत्युच्चमुक्तिपदारोहं वाञ्छन्नुत्तुङ्गं रैवतपर्वतं स्वीचकारेति ।

પ્રશ્ન કરે છે કે, બીજા પર્વતોને છોડીને રૈવતગિરિને જ કેમ ભજ્યો ? તેનો જવાબ કહે છે કે, પર્વતોમાં મેરૂ-માનુષોત્તર વિગેરે બીજા પર્વતો કરતાં આ ગિરનાર સુખેથી ચઢી શકાય એવો અને નજીક હોવાથી ઉપયોગી છે. વળી શેષ પર્વતો કરતાં સહસ્રામ્રવન વિગેરેના સૌન્દર્યથી અને ઊંચાઇના કારણે આ ગિરનાર અત્યંત શ્રેષ્ઠ છે.

અને વળી પ્રશ્ન કરે છે, આવા પ્રકારનો પર્વત ક્યારેય પણ દોષવાળો થાય ? તેનો જવાબ આપે છે કે, સર્વ દોષવાળા સાપ-બિલાડા-કાગડા વિગેરે હિંસક પ્રાણીઓના અભાવે આ ગિરનાર પવિત્ર છે, એટલે કે દોષવાળો નથી.

વળી પ્રશ્ન કરે છે કે, રૈવતાચલને કેમ સ્વીકાર્યો ? તેનો જવાબ કહે છે કે, અત્યંત ઉચ્ચ સ્થાન એવા લોકાગ્ર રૂપ મોક્ષ સ્થાને ચઢવાની ઇચ્છાવાળા છે, તેથી, અહીં જે અત્યંત ઉચ્ચ સ્થાન એવું વિશેષણ છે તે મોક્ષ વિના અન્ય કોઈ સ્થાન માટે ઘટતું નથી. આનો અર્થ એ છે કે, અન્ય જે પ્રાણી અતિ ઉચ્ચ સ્થાને ચઢવા ઇચ્છે છે, તે ઉચ્ચ સ્થાન ને સેવે છે. આ પ્રમાણે અતિ ઉંચા મુક્તિસ્થાને ચઢવા ઇચ્છતા ભગવાને પણ ઊંચા શ્રી રૈવતપર્વતને સેવ્યો.

❀❀❀





વિ.સં. ૧૨૨૩ માં શ્રી વિજયસેનસૂરિ વિરચિત

## ।। શ્રી રૈવતગિરિરાસુ ।।

### ।। प्रथमं कडवम् ।।

परमेसर तित्थेसरह, पयपंकय पणमेवि ।
भणिसु रासु रेवंतगिरे, अंबिकदेवि सुमरेवि ।। १ ।।


તીર્થેશ્વર એવા શ્રી પરમેશ્વરના ચરણકમળમાં નમસ્કાર કરીને અને અંબિકાદેવીનું સ્મરણ કરીને હું રેવંતગિરિ રાસ કહીશ. (૧)

गामगर पुर वण [1]वहण, सरि सरवरि सुपएसु ।
देवभूमि दिसि पच्छिमह, मणहरु सोरठदेसु ।। २ ।।

પશ્ચિમ દિશામાં ગામ, ગર=નગર, પુર, વન, ઝરણાં, લક્ષ્મી, સરોવરનાં સુપ્રદેશથી યુક્ત દેવલોક જેવો મનોહર એવો સોરઠ દેશ આવેલો છે. (૨)

जिणु तहिं [2]मंडल मंडलउ, मरगयमउडमहंतु ।
निम्मल सामल सिहरभरे, [3]रेहइ गिरि रेवंतु ।। ३ ।।

જ્યાં આગળ જાણે મરકત મણિથી બનાવેલ મોટો મુગટ ન હોય ? તેવાં નિર્મળ શ્યામ શિખરોનાં સમૂહથી યુક્ત રૈવતગિરિ શોભે છે. (૩)



૧. वहण = ઝરણા ૨. मंडल = દેશ ૩. रेहरू = શોભે છે



तसु [1]सिरि सामिउ सालउ, सोहगसुंदर सारु ।
जावइनिम्मलकुलतिलउ, निवसइ नेमिकुमारु ।। ४ ।।

અને તેની ટોચે સૌભાગ્યથી સુંદર સારભૂત યાદવના નિર્મળકુળમાં તિલક સમાન એવા શ્રી નેમનાથકુમાર વસે છે. (૪)

तसु मुह दंसणु दसदिसि वि, देसदेसंतरु संघ ।
आवइ भावरसालमणउ, हलि हलि रंगतरंग ।। ५ ।।

તે પ્રભુનાં મુખનું દર્શન કરવા ભાવથી રસાળ મનવાળાં, રંગત-રંગમાં સહેલ કરતાં, દશે દિશામાંથી દેશદેશાંતરનાં સંઘ આવે છે. (૫)

पोरुयाडकुलमंडलउ, नंदणु आसाराय ।
वस्तुपाल वर मंति तहिं, तेजपालु दुइ भाय ।। ६ ।।

અને વળી પોરવાડ કુળનાં આભૂષણ સમાન આસરાજ નંદન, શ્રેષ્ઠ મંત્રી વસ્તુપાલ અને તેજપાળ નામે બંને ભાઈઓ છે. (૬)

गुरजरधरधुरि धवलकि, वीरधवलदेवराजि ।
बिहु बंधवि अवयारियउ, सूमू दूसम माझि ।। ७ ।।


ગૂર્જર દેશમાં અગ્રેસર ધોળકા નામનું નગર છે. જ્યાં વીરધવલદેવ રાજા રાજ્ય કરે છે. દુઃષમ આરામાં બંને ભાઈઓ ત્યાં અવતર્યા. (૭)

नायलगच्छह मंडलउ, विजयसेणसूरिराउ ।
उवएसिहि बिहु नरपवरे, धम्मि धरिउ दिढु भाउ ।। ८ ।।

નાયલગચ્છના આભૂષણ સમાન વિજયસેનસૂરિ થયાં, તેમનો ઉપદેશ સાંભળી પુરુષોમાં શ્રેષ્ઠ એવા બંને ભાઈઓ ધર્મમાં દઢ થયાં. (૮)

---

૧. सिरि = મસ્તક, શિખર





तेजपालि गिरनारतले, तेजलपुरु नियनामि ।
कारिउ गढ-मढ-[१]पवपवरु, मणहरु घरि आरामि ।। ९ ।।

તેજપાલે ગિરનારની તળેટીમાં ગઢ, મઢ, શ્રેષ્ઠ પાણીની પરબ, સુંદર આવાસો અને બગીચાથી યુક્ત એવું પોતાનાં નામથી તેજલપુર નામે નગર વસાવ્યું. (૯)

तहिं पुरि सोहिउ पासजिणु, आसारायविहारु ।
निम्मिउ नामिहि निजजणणि, कुमरसरोवरु फारु ।।१०।।

વળી, પિતાનાં નામે તે નગરમાં શ્રી પાર્શ્વજિનથી શોભતો આસારાય વિહાર કરાવ્યો અને વળી પોતાની માતાનાં નામે વિશાળ કુમર સરોવરનું નિર્માણ કર્યું. (૧૦)

तहि नयरह पुरवदिसिहि, उग्गसेण गढदुग्गु ।
आदिजिणेसरपमुहजिणमंदिरि, भरिउ समग्गु ।। ११ ।।

તે નગરની પૂર્વ દિશામાં શ્રી આદિજિનેસર વગેરેનાં જિનમંદિરથી યુક્ત ઉગ્રસેને બે ગઢ કરાવેલ છે. (૧૧)

बाहिरिगढ दाहिणदिसिहि, चउरियवेहिविसालु ।
लाडुकलहहियओरडीय, तडि पसु ठाइ करालु ।। १२ ।।


બાહ્યગઢની દક્ષિણ દિશામાં ચાર વિશાળ વેદિકા (૧૨)

तहि नयरह उत्तरदिसिहि, साल-थंभसंभार ।
मंडण महिमंडल सयल, मंडप दसह उयार ।। १३ ।।

તે નગરની ઉત્તર દિશામાં પૂતળીઓથી શોભતા થાંભલા છે. પૃથ્વી મંડળની શોભારૂપ એવા ઉદાર (વિશાળ) દશ મંડપ ત્યાં છે. (૧૩)

---

૧. પવ = પપા, પાણીની પરબ





जोइउ जोइउ भवियण, पेमिं गिरिहि दुयारि ।
दामोदरु हरि पंचमउ, सुवन्नरेहनइ पारि ।। १४ ।।

હે ભવિકજનો! પ્રેમથી આ ગિરિનાં દ્વારને જુઓ જુઓ! દામોદર નામનાં પાંચમા વસુદેવે સુવર્ણ રેખા નદીનાં તીરે આ બનાવેલ છે. (૧૪)

अगुण अंजण अंबिलीय, अंबाडय अंकुल्लु ।
उंबरु अंबरु आमलीय, अगरु असोय अहल्लु ।। १५ ।।

અગુણ =........., અર્જુનવૃક્ષ, આંબલી, આંબા, અંકોલી, ઉંબરુ, અંબર, હરડે, અગરુ, અશોક, અહલ્લુ =........... (૧૫)

करवर करपट करणतर, करवंदी कखीरा ।
कुडा कडाह कयंब कड, करब कदलि कंपीर ।। १६ ।।


કરેણ, કપાસ, કરણતર, કરબંદી=......., કરવીર, કૂડા =......., કડાહ=......., કદંબ, કડ, કરબ, કદલિ, કરંજ.(૧૬)

वयलु वंजलु वउल वडो, वेडस वरण विडंग ।
वासंती वीरिणि विरह, वंसियालि वण चंग ।। १७ ।।

વેયલુ =........, વંજુલ =........., બકુલ, વડલો, વેતસ, વીરણ, વાવડીંગ, વાસંતી, વીરિણિ =........., વિરહ =............., આવા બધાં વૃક્ષવંશથી વન શોભતું હતું. (૧૭)

सींसमि सिंबलि सिरसामि, सिंधुवारि सिरखंडा ।
सरल सार साहार सय, सागु सिगु सिणदंड ।। १८ ।।

સીસમ, શીમ્બલી, સિરસામિ =........., સિંધુવાર, ચંદન, સરલ, સાર =.........., સાહાર=........., શતાવરી, સાગ, સિગુ = ......., સિણદંડ =.........., આવાં... (૧૮)





पल्लव-फुल्ल-फलुल्लसिय, रेहइ तहि वणराइ ।
तहि उज्जिलतलि धम्मियह, ¹उल्लटु अंगि न माइ ।। १९ ।।

પલ્લવ, ફૂલ, ફલથી વિકસિત વનરાજી ત્યાં શોભે છે તે ઉજ્જયંતની તળેટીને જોતાં ધર્મની શુભભાવના અંગમાં સમાતી નથી. (૧૯)

बोलावी संघह तणीय, कालमेघंतरपंथि ।
मेल्हविय तहिं दिढ धणीय, वस्तुपाल वरमंति ।। २० ।।

રસ્તામાં કાલ મેઘંતર પર્વત જાણે સંઘને બોલી રહ્યો છે અને જાણે કહી રહ્યો છે કે વસ્તુપાલ નામના શ્રેષ્ઠ મંત્રી દઢ ધણી ત્યાં મેળવ્યા છે. (૨૦)

।। પ્રથમ કડવો પૂર્ણ. ।।


।। द्वितयि कडवम् ।।

दुविहि गुज्जरदेसे रिउरायविहंडणु ।
कुमरपालु भुपालु जिणसासणमंडणु;
तेण संठाविओ सुरठदंडाहिवो ।
अंबओ सिरिसिरिमालकुलसंभवो ।
पाज सुविसाल तिणि नणिय ।
अंतरे धवल पुणु परव भराविय ।। १ ।।

ગુજરાત દેશમાં દુશ્મન રાજાનું ખંડન કરનાર અને જિનશાસનનું મંડન કરનાર એમ બંને રીતને ધારણ કરનાર રાજા કુમારપાળ થયાં. તે રાજાએ શ્રીમાલકુળમાં ઉત્પન્ન થયેલ અંબડને સોરઠનો દંડાધિપ બનાવ્યો. તે અંબડે પહાડ ઉપર ચઢવા માટે વિશાળ એવાં પગથીયાવાળો રસ્તો તૈયાર કરાવી

---

૧. ऊलट= શુભ ભાવના



વચ્ચે પુન્યનાં પૂંજ સરખી ધોળી પરબ બંધાવી. (૧)

धनसु धवलह भाउ जिणि पाग पयासिय ।
बारविसोत्तरवरसे जसु जस दिसि वासिय ।
जिम जिम चडइं तडि कडणि गिरनारह ।
तिम तिम ऊडइं जण भवण संसारह ।
जिम जिम सेउजलु अग्गि पलोट्टए ।
तिम तिम कलिमलु सयलु ओहट्टए ।। २ ।।

ધન્ય છે તે ધવલનાં ભાઈ અંબડને કે જેને સં. ૧૨૨૦માં પગથીયા બનાવ્યાં, જેનો યશ દશે દિશામાં ફેલાયો, જેમ જેમ ગિરનારનાં કડણ (ઊંચા ભાગ) ઉપર મનુષ્ય ચઢે છે. તેમ તેમ તેનો સંસાર અલ્પ થાય છે અને જેમ જેમ શરીરે પરસેવારૂપ અગ્નિ બળે છે તેમ તેમ સર્વ કલુષિતમલ (પાપો) ધોવાઈ જાય છે. (૨)

जिम जिम वायइ वाउ तहि निज्झरसीयलु ।
तिम तिम भवदुहदाहो तक्खणि तुट्टइ निच्चलु ।
कोइलकलयलो मोरकेकारवो ।
सुम्मए महुयरमहरुगुंजारवो ।
पाज चडंतह सावयालोयणी ।
लाषारामु दिसि दीसए दाहिणी ।। ३ ।।

જેમ જેમ ત્યાં ઝરણાનો શીતલ પવન વાય છે તેમ તેમ નિશ્ચે ભવદુઃખ રૂપી તાપ તત્કાલ દૂર થાય છે. ત્યાં પાજ ચઢતાં કોયલનો કલરવ મોરનો કેકારવ અને ભમરાનો મધુર ગુંજારવ શ્રવણ ગોચર થાય છે. દક્ષિણ દિશામાં સુંદર બગીચા શોભી રહ્યા છે. (૩)

जलदजालवबाले नीझरणि रमाउलु ।




रेहइ उज्झिलसिहरु अलिकज्जलसामलु ।
बहलवुहु धातुरसभेउणी ।
जत्थ उलदलइ सोवन्नमइ मेउणी ।
जत्थ दिप्पंति दिव्वोसही सुंदरा ।
गुहिर वर गरुय गंभीर गिरिकंदरा ।। ४ ।।

કાળાભમરા જેવા શ્યામ ઉજ્જયંનાં શિખરો શોભી રહ્યાં છે. તેને વાદળનાં બાળ સમજીને જાણે ઝરણાં રમાડે છે. જ્યાં ઘણા ધાતુ રસનાં ભેદવાળી સુવર્ણમય પૃથ્વી ઉલ્લસી રહી છે. વળી, જ્યાં સુંદર દિવ્ય ઔષધિઓ દીપે છે. શ્રેષ્ઠ, ગંભીર અવાજ કરતી મોટી ગુફાઓ ગાજી રહી છે. (૪)

जाइ कुंदु विहसंतो जं कुसुमिहि संकलु ।
दीसइ दस दिसि दिवसो किरि तारामंडलु ।
मिलियनवलवलिदलकुसुमझलहालिया ।
ललियसुरमहिवलयचलणतलतालिया ।
गलियथलमकमलमयरंदजलकोमला ।
विउल सिलवट्ट सोहंति तहिं संमला ।। ५ ।।

દશે દિશામાં દિવસે ય તારા-મંડલ ન રચ્યું હોય ! તેમ જાઈ, મચકુંદ પુષ્પોનો સમૂહ હસી રહ્યો છે. લવલી વૃક્ષનાં દલ-કુસુમ ઝળહળી રહ્યાં છે. મનોહર સુરમહિવલય=કલ્પવૃક્ષ જેવાં કોમલ સ્થલકમલમાંથી મકરંદ ઝરી રહ્યો છે. એવા પુષ્કળ શ્યામ રંગનાં શિલાજીત ત્યાં શોભે છે. (૫)

मणहरघणवणहगहणे रसिर हसिय किंनरा ।
गेउ मुहुरु गायंतो सिरिनेमिजिणेसरा ।
जत्थ सिरिनेमिजिणु अच्छए अच्छरा ।
असुरसुरउरगकिंनरयविज्ञाहरा ।






मउडमणिकिरणपिंजरिय गिरियसेहरा ।
हरसि आवंति बहुभतिभरनिब्भरा ।। ६ ।।

મનોહર, ગીચ અને ગહન વનમાં રસિક એવાં કિન્નરો હાસ્ય કરતાં, શ્રી નેમિ જિનેશ્વરનાં મધુર ગીત ગાઈ રહ્યાં છે. જ્યાં શ્રી નેમિ જિનેશ્વર છે. ત્યાં ઘણી ભક્તિથી પૂર્ણ હ્રુદયવાળાં એવા અપ્સરાવૃંદ તથા અસુર, સુર, નાગ, કિંનર અને વિદ્યાધરો હર્ષધરીને આવે છે, જેઓનાં મુગટ મણિનાં કિરણોનાં ચળકાટથી ગિરિનાં શિખરો શોભી રહ્યાં છે. (૬)

सामियनेमिकुमारपयपंकयलंछिउ ।
धरधूल वि जिण धन्न मन पूरइ वंछिउ ।
जो भव कोडाकोड्डि................ ।
अन्नु सोवन्नु घणु दाणु जउ दिज्जए ।
सेवउ जडकम्मघणगंठि जउ तिज्जए ।
तउ उज्जिंतसिहरु पाविज्जए ।। ७ ।।

સ્વામી નેમિકુમારનાં પદકમળથી અંકિત થયેલ પૃથ્વીની રજ-ધૂળ પણ ધન્ય છે કે જે ધૂળપણ મનોવંછિત પૂર્ણ કરનારી છે. જે મનુષ્ય કોડાકોડી ભવ સુધી અન્નનું કે ઘણાં સુવર્ણનું દાન આપીને જડ કર્મની નિબિડ ગ્રંથિને શિથિલ કરે છે. તે ઉજ્જયંતગિરિનાં શિખરને માત્ર પ્રાપ્ત કરવાથી (શિથિલ) કરે છે. (૭)

जम्मणु जोव(णु) जीविय तसु तहिं कयत्थू ।
जे नर उज्जिंतसिहरु पेकखइ वरतित्थू ।
आसि गुरजरधरय जेण अमरेसरु ।
सिरिजयसिंघदेउ पवरु पुहवीसरु ।






हणवि सोरठु तिणि राउ षंगारउ ।
ठविउ साजणु दंडाहिवं सारउ ।। ८ ।।

જે મનુષ્ય સુંદર ઉજ્જયંત તીર્થનાં શિખરોને જુવે છે, તેના જન્મ, યૌવન, જીવન કૃતાર્થ છે. પહેલાં ગૂર્જર દેશમાં ઈન્દ્ર જેવો શ્રેષ્ઠ શ્રી જયસિંહદેવ નામે રાજા થયો હતો. તેને સોરઠનાં રાયખેંગારને હણીને, પરાક્રમી સાજનને દંડાધિપ બનાવ્યો.(૮)

अहि णवु नेमिजिणंद तिणि भवणु कराविउ ।
निम्मलु चंदरु बिंबे नियनाउं लिहाविउ ।
थोरविक्खंभवायं भरमाउलं ।
ललियपुत्तलियकलसकुलसंकुलं ।
मंडपु दंड घणुतुंगतरतोरणं ।
धवलिय बज्झि रुणझणिरिकिंकिणिघणं ।
इक्कारसयसहीउ पंचासीय वच्छरि ।
नेमिभुयणु उद्धरिउ साजणि नरसेहरि ।। ९ ।।

તે સાજને અહીં શ્રી નેમિજિણંદનું નૂતન જિનાલય કરાવ્યું અને ચંદ્રબિંબ જેવું નિર્મળ પોતાનું નામ ત્યાં લખાવ્યું. વિશ્વકર્માને પણ ભરમાવે તેવું સુંદર પૂતળીઓ, કળશનાં સમૂહ, દંડ અને ઘણા ઊંચા સુંદર તોરણથી યુક્ત મંડપ છે. જેમાં રણઝણ કરતી સફેદ ઘૂઘરીઓ રણકી રહી છે. શ્રેષ્ઠ એવા સાજને સં. ૧૧૮૫માં નેમિભવનનો ઉદ્ધાર કર્યો. (૯)

मालवमंडलगुहमंडणु ।
भावडसाहु दालिधुखंडणु ।
आमलसारसोवन्नु तिणि कारिउ ।
किरि गयणंगण सूरु अवयारिउ ।



अवरसिहरवरकलस झलहलइ मणोहरा ।
नेमिभुयणि तिणि दिठ्ठइ दुइ गलइ निरंतर ।। १० ।।

માલવ દેશરૂપી ગુફાની શોભા સમાન, દારિદ્રને દૂર કરનાર ભાવડ શ્રેષ્ઠી થયાં. તેમને નેમનાથ મંદિરો સુવર્ણનો આમલસાર કરાવ્યો. તેમાંથી નીકળતા કિરણો જાણે આકાશમાંથી સૂર્ય નીચે ન આવ્યો હોય ? તેવા જણાતાં હતાં. બીજા શખિરોના શ્રેષ્ઠ મનોહળ કળશો ઝળહળે છે. આવા પ્રકારનાં શ્રી નેમિભવનને જોતાં દુર્ગતિ હંમેશને માટે ગળી-ટળી જાય છે. (૧૦)

દ્વિતીય કડવો પૂર્ણ.

।। तृतीर्य कडवम् ।।

दिसि उत्तर कसमीरदेसु नेमिहि उम्माहिय ।
अजिउ रतन दुइ [1]बंध गरुय संघाहिव आविय ।। १ ।।

ઉત્તર દિશાનાં કાશ્મીરથી શ્રી નેમનાથને ભેટવા અતિ ઉત્સાહથી અજિત અને રતન નામનાં બે ભાઈ મોટો સંઘ લઈને આવ્યા. (૧)

हरसवसिण घणकलस भरिवि ति न्हवणु करंतह ।
गलिउ लेव सु नेमिबिंब जलधार पडंतह ।। २ ।।

એકદમ હર્ષમાં આવી જઈને વજનદાર કળશ ભરીને પ્રભુને ન્હવણ કરતાં નેમનાથ પ્રભુનાં બિંબનો, લેપ જલધારા પડવાથી ગળવા લાગ્યો. (૨)

संघाहिवु संघेण सहिउ नियमणि संतविउ ।
हा हा ! धिगु धिगु ! मह विमलकुलगंजणु आविउ ।। ३ ।।

સંઘ સાથે આવેલ સંઘપતિ પોતાનાં મનમાં સંતાપ પામ્યા.

---

૧. बन्धु= ભાઈ



હા, હા ! ધિક્કાર હો ! ધિક્કાર હો ! નિર્મળકુળમાં અંગારા જેવો હું ક્યાંથી પાક્યો ? (૩)

[1]सामियसामलधीरचरण मह सरणि भवंतरि ।
इम परिहरि आहार नियमु लइउ संघधुरंधरि ।। ४ ।।

હવે શ્રી નેમનાથ ભગવાનનાં ગંભીર ચરણનું મને ભવાંતરમાં શરણ હોજો. એમ કહી સંઘપતિએ આહાર પરિહારનો નિયમ કર્યો. (૪)

एकवीसि उपवासि तामु अंबिकदेवि आविय ।
पभणइ [2]संपसन्न देवि जय जय सद्दाविय ।। ५ ।।

એકવીશ ઉપવાસ થયાં ત્યારે સુપ્રસન્ન થઈ જય જય શબ્દ કરતી અંબિકા દેવી ત્યાં આવી (અને બોલી) (૫)

उठ्ठेविणु सिरिनेमिबिंबु तुलिउ तुरंतउ ।
पच्छलु [3]मम जो एसि वच्छ तुं भवणि वलंतउ ।। ६ ।।

શ્રી નેમિજિનનાં બિંબને તું તુરત અહીંથી ઉઠાવ, ભવનમાં જતાં હે વત્સ ! તું પાછું વળીને જોઈશ નહિ. (૬)


णइ वि अंबि..... कंचणं..... [4]बलाणइ ।
..... बिंब मणिमउ तहिं आणइ ।। ७ ।।

કંચનબલાનકમાંથી નવું મણિમય બિંબ ત્યાં લાવ્યાં. (૭)

पढम भवणि देहलिहि छुडि पुडि आरोविउ ।
संघाहिवि हरिसेण ताम दिसि पच्छलु जोइउ ।। ८ ।।

---

૧. सामयिसामल= નેમનિાથ ભગવાન ૨. संपसन्न= સુપ્રસન્ના ૩. मम= નિષેધાર્થક અવ્યય ૪. बलाणइ= બલાનક, મંદરિનો એક ભાગ





પ્રથમ ભવનનો ઉંબરો છોડીને (પ્રભુને) અંદર આરોપણ કર્યા. સંઘપતિએ હર્ષથી તે દિશામાં પાછળ જોયું. (૮)

ठिउ निच्चलु देहलिहि देवु सिरिनेमिकुमारो ।
कुसुमवुट्ठि मिल्हेवि देवि किउ जइजइकारो ।। ९ ।।

શ્રી નેમિકુમાર જિનેશ્વર તે ઉંબરા આગળ નિશ્ચલ સ્થિર રહ્યાં. દેવોએ મળીને પુષ્પવૃષ્ટિ કરી, જય જય શબ્દ કર્યો. (૯)

वइसाहीपुन्निमह पुन्नवंतिण जिणु थिप्पउ ।
पच्छिमदिसि निम्मविउ भवणु भवदुहतरुकप्पिउ ।। १० ।।

પુન્યવંતી વૈશાખી પૂર્ણિમાનાં દિવસે શ્રી જિનેશ્વર દેવની સ્થાપના કરી અને સંસારથી તપ્ત જીવોને કલ્પવૃક્ષની છાયા સમાન, પશ્ચિમ દિશામાં ભવનનું નિર્માણ થયું. (૧૦)


न्हवणविलेवणतणीय वंछ भवियणजण पूरिय ।
संघाहिव सिरिअजितरतनु नियदेसि पराइय ।। ११ ।।

આ બિંબને ન્હવણ, વિલેપન કરવાની ભવ્ય જીવોની ઈચ્છા (બંને ભાઈએ) પૂર્ણ કરી, પછી સંઘપતિ અજિત અને રતન પોતાનાં દેશમાં પાછા ફર્યા. (૧૧)

सयल वित्ति कलिकालि कालकलुसे जाणवि छाहिउ ।
झलहलंति मणिबिंबकंति अंबिकुरुं आइय ।। १२ ।।

કલિકાળની કલુષતાને જાણીને, ઝળહળતાં બિંબને સાચવવા તે મણિબિંબની કાંતિને અંબિકા દેવીએ આવીને સંહરી લીધી. (૧૨)

समुद्रविजय-सिवदेविपुत्तु जायवकुलमंडणु ।
जरासिंधदलमलणु मयणमडमाणविहंडणु ।। १३ ।।





राइमईमणहरणु रमणु सिवरमणि मणोहरु ।
पुन्नवंत पणमंति नेमिजिणु सोहगुसुंदरु ।। १४ ।।

સમુદ્રવિજય, શિવાદેવીનો પુત્ર, યાદવકુલનાં મંડન, જરાસંઘનાં સૈન્યની મોડનાર, કામદેવરૂપી સુભટનાં માનને તોડનાર, રાજીમતીનાં મનને હરણ કરનાર, મનોહર શિવરમણીથી રમનારા, સૌભાગ્યસુંદર એવા શ્રીનેમિજિનને પુન્યવંત પ્રાણીઓ પ્રણામ કરે છે. (૧૩-૧૪)

वस्तुपालि वरमंति भुयणु कारिउ रिसहेसरु ।
अट्ठावयसम्मेयसिहरवरमंडपु मणहरु ।। १५ ।।

હવે શ્રેષ્ઠ વસ્તુપાલ મંત્રીએ શ્રી ઋષભદેવનું ભવન કરાવ્યું. ત્યાં અષ્ટાપદ અને સમેતશિખરની મનોહર રચના કરી છે. (૧૫)

कउडिजक्खु मरुदेवि दुह वी तुंगु पासाइउ ।
धम्मिय सिरु धुणंति देवि वलिवि पलोइउ ।। १६ ।।


વળી, કવડયક્ષ અને મરૂદેવી માતાનાં બે ઉત્તુંગ પ્રાસાદ તેને કરાવ્યાં જેને જોઈને ધર્મીજનો શિર ધૂણાવે છે અને દેવો ફરી ફરીને તેને જુએ છે. (૧૬)

तेजपालि निम्मविउ तत्थ तिहुयणजणरंजणु ।
[1]कल्याणउतउतुंगु भुयणु लंघिउ गयणंगणु ।। १७ ।।

ત્યાં શ્રી નેમનાથનાં દીક્ષા, કેવળજ્ઞાન, નિર્વાણ એમ ત્રણ કલ્યાણકને જણાવતું ત્રણ ભવનનાં લોકને રંજન કરનાર, આકાશ જેવું વિશાળ એવું તેજપાલે નિર્માણ કરેલ વિશાલ મંદિર છે. (૧૭)

---

૧. कल्याणकत्रयतुंर्ग भवनं= નેમિનાથ ભગવાનના દીક્ષા કેવલજ્ઞાન અને નિર્વાણ એ ત્રણ કલ્યાણકને લગતુ વશિાળ મંદિર ૨. दिसि दिसि= દશે દિશાઓમાં ૩. नीझरणउ= ઝરણાની માલા



**दीसइ [२]दिसि दिसि कुंडि कुंडि [३]नीझरणउ मालो ।**
**इंद्रमंडपु देपालि मंत्रि उद्धरिउ विसालो ।। १८ ।।**

તેની દરેક (દશે)દિશામાં કુંડ આવેલાં છે. દરેક કુંડમાં ઝરણાંની માલા પડે છે. એવા વિશાળ ઇંદ્ર મંડપનો દેપાલમંત્રીએ ઉદ્ધાર કર્યો. (૧૮)

**अइरावण-गयराय-पाय-मुद्दासम टंकिउ ।**
**दिट्ठु गयंदमुकुंड, विमलु निज्झरसमलंकिउ ।। १९ ।।**

ઐરાવણ હાથીનાં પગ સમાન આકારવાળું  જે ટાંકુ, જે નિર્મળ ઝરણાથી અલંકૃત છે, તે ગજેન્દ્રકુંડ તરીકે ઓળખાય છે તેને (તમે) જુઓ. (૧૯)

**गयणगंग जं सयलतित्थअवयारु भणिज्जइ ।**
**पक्खालिवि तहि अंगु दुक्ख जलअंजलि दिज्जइ ।। २० ।।**

આ કુંડ, આકાશગંગાની જેમ સર્વ તીર્થનો ઓવારો કહેવાય છે ત્યાં અંગ પખાલીને દુઃખને જલાંજલિ અપાય છે અર્થાત્ તેનાં સર્વ દુઃખો નાશ પામે છે. (૨૦)

**सिंदुवार-मंदार-कुरबक-कुंदिहि सुंदरु ।**
**जाइ-जूइ-सयवत्ति-वित्तिफलेहि निरंतरु ।। २१ ।।**

**दिठ्ठय छत्रसिलकडणि अंबवणु सहसारामु ।**
**नेमिजिणेसरदिक्खनाणनिव्वाणह ठामु ।।२२।।**

સિંદુવાર, મંદાર, કુરંબક, મચકુંદ તથા જાઈ, જૂઈ, શતાવરી વૃત્તિ ફલથી હંમેશાં સુંદર, શ્રી નેમિપ્રભુના દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ કલ્યાણકના સ્થાનરૂપ છત્રશિલાની કડણમાં



આવેલ સહસાવનને તમે જુઓ. (૨૧-૨૨)

તૃતીય કડવો પૂર્ણ

॥ चतुर्थं कडवम् ॥

गिरिवरुया-सिहरि चडेवि, [1]अंब-जंबाहिं बंबालिउं ए ।
[2]संमिणी ए अंबिकदेविदेउलु दीठु [3]रम्माउलं ए ॥ १ ॥

ગિરુઆ ગિરિરાજનાં શિખરે ચઢતાં આંબા અને જાંબુની લુંબવાળા વૃક્ષો છે. તેની સ્વામીની અંબિકા દેવીનું રમણીય મંદિર ત્યાં આવેલું છે. (૧)

वज्जइ ए ताल कंसाल, वज्जइ मदल गुहिरसर ।
रंगिहिं ए नच्चइ बाल, पेखिवि अंबिकमुहकमलु ॥ २ ॥

અંબિકા દેવીનાં મુખકમલને જોઈને તાલ, કંસાલ, માદલને વગાડતાં બાળકો આનંદથી નૃત્ય કરે છે. તેમાંથી નીકળતાં ગંભીર સ્વરનાં તાલથી કરે છે. (૨)


सुभकरु ए ठविउ उच्छंगि, विभकरो नंदणु पासिक ए ।
सोहइ ए [4]ऊजिलसिंगि, सामिणि [5]सीहसिंघासणी ए ॥ ३ ॥

શુભંકર પુત્રને જેને ખોળામાં બેસાડ્યો છે અને વિભંકર પુત્ર જેની બાજુમાં છે એવી સિંહનાં આસનવાળી=અંબિકાદેવી ઉજ્જયંતનાં શિખરે શોભે છે. (૩)

दावइ ए दुक्खहं भंगु, पूरइ वंछिउ भवियजण ।
रक्खइ ए चउविहु संघु, सामिणी [6]सीहसिंघासणी ए ॥ ४ ॥

---

૧. अंब-जंबाहि= આંબા અને જાંબૂના ઝાડોથી ૨. संमिणी= સ્વામિની ૩. रम्माउलं= રમણીય ૪. ऊजिलसिंगि= ઉજ્જયંતશૃંગે ૫-૬. सीहसिंघासणी= અંબિકાદેવી





ત્યાં દુઃખ-દારિદ્રયનો નાશ કરનારી, ભવિકજનનાં વાંછિતને પૂર્ણ કરનારી અંબિકા દેવી ચતુર્વિધ સંઘની રક્ષા કરે છે. (૪)

**दस दिसि ए नेमिकुमारि, आरोही अवलोइउं ए ।**
**दीजइ ए तहि गिरनारि गयणंगणु अवलोयणसिहरो ।। ५ ।।**

આરોહણ કરીને નેમિકુમારે દશે દિશામાં અવલોકન કર્યુ તેથી ગિરનારની આકાશગંગા જેવા તે શિખરને અવલોકન શિખર એપ્રમાણે નામ દેવાયું. (૫)

**पहिलइ ए सांबकुमारु, बीजइ सिहरि पजून्न पुण ।**
**पणमइं ए पामइं पारु, भवियण भीसण भवभमण ।। ६ ।।**

પહેલાં શિખરે શાંબકુમાર બીજા શિખરે પ્રદ્યુમ્ન છે. જેને માત્ર પ્રણામ કરવાથી પણ ભવ્ય જીવો ભીષણ એવા ભવભ્રમણનો પાર પામે છે. (૬)

**ठामि ठामिए रयणसोवन्न, बिम्ब जिणेसर तहिं ठविय**
**पणमइए ते नर धन्न, जे न कलिकालि [1]मलमयलिया ए ।।७।।**


દરેક સ્થાને જિનેશ્વરનાં રત્ન-સુવર્ણનાં બિંબ ત્યાં સ્થાપન કરેલ છે. કલિકાલનાં દોષથી દૂષિત ન થયેલાં જે મનુષ્ય તેને પ્રણામ કરે છે તેને ધન્ય છે. (૭)

**जं फलु ए सिंहरसंमेय, अट्ठावय नंदीसरिहिं ।**
**तं फलु ए भवि पामेइ, पेखेविणु रेवंतसिहरो ।। ८ ।।**

ભવ્ય જીવો જે ફલ સમેતશિખર, અષ્ટાપદ, નંદીશ્વર તીર્થની યાત્રાથી મેળવે છે તે ફળ રેવંતગિરિનાં શિખરને જોવા માત્રથી મેળવે છે. (૮)

---

૧. बन्धु= મલથી મલિન થયેલા





गहगण ए मांहि जिम भाणु, पव्वयमाहि जिम मेरुगिरिए ।
त्रिंहु भुयणे ए तिम पहाणु, तित्थमांहि रेवंतगिरि ।। ९ ।।

ગ્રહગણમાં જેમ સૂર્ય, પર્વતમાં જેમ મેરૂગિરિ તેમ ત્રણ ભુવનમાં પ્રધાન તીર્થ રૈવતગિરિ છે. (૯)

धवल धय ए चमर भिंगार, आरत्ति मंगलपइव ।
तिलय मउड ए कुंडल हार, मेघाडंबर जाविय़ं ए ।। १० ।।
[1]दियहिं ए नर जो पवर [2]चंद्रोय नेमिजिणेसरवरभुयणि ।
इहभवि ए भुंजवि भोय, सो तित्थेसरसिरि लहइ ए ।।११।।

જે મનુષ્ય ઉજ્વલ ધજા, ચામર, કળશ, આરતી, મંગળદીવો, તિલક, મુગટ, કુંડલ, હાર, મેઘાડંબર પાસેથી યાચીને લાવેલ હોય તેવું (ઉજ્વલ) છત્ર, શ્રેષ્ઠ ચંદરવો, જે નેમિ જિનેસરનાં ભુવનને વિશે અર્પણ કરે છે તે આ ભવમાં સુંદર ભોગ ભોગવીને તીર્થંકરની લક્ષ્મીને પામે છે.(૧૦-૧૧)

चउविहु ए संघु करेइ, जो आवइ उज्जिंतगिरि ।
[3]दिविसवहू ए रागु करेइ, सो मुंचइ चउगइगमणि ।।१२।।


જે ચતુર્વિધ સંઘ સાથે ઉજ્જયંત ગિરિ આવે છે તેને દેવાંગના રાગ કરે છે(અર્થાત્ દેવલોકનાં સુખ મેળવે છે.)અને ચાર ગતિનાં ચક્કરથી મૂકાય છે. (૧૨)

अट्ठविह ए ज्ञय करंति, आठई जो तहिं करइ ए ।
अट्ठविह ए करम हणंति, सो अट्ठभवि सिज्झइ ए ।।१३।।

જે પ્રાણી આઠ પ્રકારે ધ્યાન કરે અને અઠ્ઠાઈ કરે તે આઠ પ્રકારનાં કર્મને હણી, આઠ ભવમાં મોક્ષે જાય છે. (૧૩)

---

૧. दियहिं= આપે ૨. चंद्रोय= ચંદરવો ૩. दिविसवहू= દેવાંગનાઓ





अंबिल ए जो उपवास, एगासण नीवी करइं ए ।
तसु मणि ए अछइं आस, इहभव परभव विविह परे ।।१४।।

જે પ્રાણી આયંબિલ, ઉપવાસ, એકાશના, નીવિ કરે તેનાં મનની આ ભવ અને પરભવ સંબંધી વિવિધ મનોવાંછા પૂર્ણ થાય છે. (૧૪)

पेमिहि ए मुणिजण अन्नह, दाणु धम्मियवच्छलु करइं ए ।
तसु कही ए नहीं उपमाणु, परभाति सरण तिणउ ।।१५।।

વળી, પ્રેમથી મુનિરાજને અન્ન વગેરેનું દાન આપે, સાધર્મિક વાત્સલ્ય કરે અને પ્રભાતે આ ગિરિરાજનું શરણ સ્વીકારે છે. તેને કોઈ ઉપમા ન આપી શકાય તેવું સુખ મળે છે. (૧૫)

आवइ ए जे न उज्जिंति, [1]घर धरइ [2]धंधोलिया ए ।
आवहि ए हीयइ न संति, निप्फलु जीविउ तासु तणउं ।।१६।।

જે ઘરે બેઠાં રહે છે કે ધંધામાં રચ્યા પચ્યા રહે છે. તેથી ઉજ્જયેત ગિરિ આવતાં નથી, તેમજ આવવા છતાં હૈયામાં ગિરનાર નથી તેનું જીવિત તથા તન નિષ્ફળ છે. (૧૬)


जीविउ एसो जि परि धन्नु, तासु संवच्छर निच्छणु ए ।
सो परि ए मासु परि धन्नु, बलि हीजइ नहि वासर ए ।।१७।।

जहिं जिणु ए उज्जिलठामि, सोहगसुंदरु सामलु ए ।
दीसइ ए तिहूणसामि, नयणसलूणउं नेमिजिणु ।। १८ ।।

જેના વડે ઉજ્જયંતગિરિ સ્થાને છે સૌભાગ્ય સુંદર, શ્યામલ વર્ણા, નયનરમ્ય, ત્રિભુવન સ્વામી શ્રી નેમિજિન જોવાયાં

---

૧. ઘર धरइ= ઘરે બેસે છે ૨. धंधोलिया= ધંધામાં રચ્યા પચ્યા રહેનાર



હોય તેના જીવિત, સંવત્સર, માસ અને દિવસ રાત નિશ્ચે ધન્ય છે. (૧૭-૧૮)

[1]नीझर ए चमर ढलंति, मेघाडंबर सिरि धरीइं ।
तित्थ एसउ [2]रेवंदि, सिंहासणि जयइ नेमिजिणु ।। १९ ।।

ઝરણા જેને ચામર ઢાળે છે, મેઘાડંબર રૂપ છત્ર મસ્તકે ધર્યુ છે તેવા રૈવતગિરિતીર્થરૂપ સિંહાસન પર બેઠેલા નેમિપ્રભુ જય પામે છે. (૧૯)

रंगिहि ए रमइ जो रासु, सिरिविजयसेणिसूरि निम्मविउ ए ।
नेमिजिणु ए तूसइ तासु, अंबिक पूरइ मणि रलीए ।। २० ।।

શ્રી વિજયસેનસૂરિએ નિર્માણ કરેલ=રચેલ આ રાસમાં જે આનંદપૂર્વક રમે છે. તેની ઉપર શ્રી નેમનાથ પ્રભુની કૃપા વરસે છે અને અંબિકા દેવી તેમનાં મનોવાંછિત પૂર્ણ કરે છે. (૨૦)

।। ચતુર્થ કડવો પૂર્ણ ।।

।। रैवतगिरिरासु समाप्तम् ।।

૧. नीझर= ઝરણુ  ૨. रेवंदि= રૈવતગિરિ



